"શ્રીહરિः"
"सा विद्या तन्मतिर्यया..."

"વિદ્યાનિધિ" (ટ્રસ્ટ) દ્વારા પ્રકાશિત ગ્રંથો

ક્રમ	ગ્રંથ નામ	ન્યોછાવર રૂ. (પોસ્ટેજ અલગ)
(૧)	શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ (પાંચમી આવૃત્તિ) શ્રીતત્ત્વાર્થદીપ-નિબંધ તથા શ્રી સુબોધિનીજી આદિના આશય સહિત ગુજરાતી કથાત્મક	300-00
(૨)	સુલભ શાન્તિ (હિન્દી) પુષ્ટિમાર્ગના વિચાર-આચારનું સરલ નિરૂપણ	20-00
(૩)	શ્રીપુરુષોત્તમનામ-સહસ્રસ્તોત્ર શ્રીમહાપ્રભુજીના ગ્રંથનું અર્થ સાથે નિરૂપણ નમસ્કારાત્મક નામનિર્દેશ	25-00
(૪)	વ્રજ-વિહાર વ્રજના લીલા સ્થળોનું સશાસ્ત્ર ઐતિહાસિક નિરૂપણ.	60-00
(૫)	શ્રીમદ્ ભાગવતમાં અદ્ભુત-વિજ્ઞાન-વિહાર (સંસ્કૃત-ગુજરાતી-અંગ્રેજી) શ્રીમદ્ ભાગવતમાંના અદ્ભુત વિજ્ઞાન પ્રસંગો.	100-00
(૬)	પુષ્ટિ-પુલિન ગાગરમાં સાગરની જેમ પુષ્ટિમાર્ગીય શાસ્ત્ર- આચાર-સ્વરૂપ-સેવાનું નિરૂપણ.	200-00
(૭)	કુર્યાત્ સદા મઙ્ગલમ્ લગ્નનો વિધિ તથા મઙ્ગલાષ્ટક	20-00
(૮)	પુષ્ટિ ત્રિવેણી પુષ્ટિપ્રભુ - પુષ્ટિભક્તિ-પુષ્ટિભક્તના ચરિત.	30-00
(૯)	શ્રીમદ્ ભાગવત - સિંહાવલોકન (અંગ્રેજી - હિન્દી - ગુજરાતી) શ્રીમદ્ ભાગવતનું સામાન્ય રેખાંકન.	25-00

"ત્રિવિધ નામાવલી"



નવનીતપ્રિય શાસ્ત્રી

પ્રકાશક : "વિદ્યાનિધિ" (ટ્રસ્ટ), નડિયાદ.

॥ श्रीहरिः ॥
“सा विद्या तन्मतिर्यया....”

“ત્રિવિધ નામાવલી”

: લેખક :
બ્રહ્મર્ષિ, ભાગવતભૂષણ, ભાગવતરત્ન, ભગવચ્છાસ્ત્રનિષ્ણાત,
નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી
વલ્લભવેદાન્તાચાર્ય (પ્રદત્તસુવર્ણચન્દ્રક), કાવ્યતીર્થ,
સિવિલ એન્જીનીઅર

: પ્રકાશક :
“વિદ્યાનિધિ”(ટ્રસ્ટ)
નડિયાદ.

॥ श्रीहरिः ॥

પ્રકાશક :

વિદ્યાનિધિ (ટ્રસ્ટ)
"વ્રજવિહાર", કૃષ્ણદર્શન ફ્લેટ પાછળ,
વાણિયાવડ, કોલેજ રોડ,
નડીઆદ - ૩૮૭૦૦૧.
ફોન નં. ૦૨૬૮-૨૫૨૯૮૧૧
Email:- vrajvihar@gmail.com
www.vrajvihar.com

મુદ્રણ વ્યવસ્થાપક :

સી/ઓ. શ્રી યોગેશભાઈ પરીખ
ગુજરાત ઓફસેટ પ્રા.લી.
વટવા, અમદાવાદ.
ફોન નં. ૨૫૮૩૧૯૧૫

: ન્યોછાવર :

નિત્યસેવનથી હૃદયની પ્રસન્નતા

આ ગ્રંથના સર્વાધિકાર લેખકને આધીન છે.

પ્રથમાવૃત્તિ : પ્રત ૧૦૦૦	વિ.સં. ૨૦૨૯ ઈ.સ. ૧૯૭૩
દ્વિતિયાવૃત્તિ : પ્રત ૨૦૦૦	વિ.સં. ૨૦૩૪ ઈ.સ. ૧૯૭૭
તૃતિયાવૃત્તિ : પ્રત ૩૦૦૦	વિ.સં. ૨૦૩૮ ઈ.સ. ૧૯૮૨
ચતુર્થાવૃત્તિ : પ્રત ૧૦૦૦	વિ.સં. ૨૦૬૮ ઈ.સ. ૨૦૧૨

: ગ્રંથ પ્રાપ્તિ સ્થાન :

નવનીતપ્રિય શાસ્ત્રી
નડિયાદ.
ફોન નં. ૦૨૬૮-૨૫૨૯૮૧૧

સૌ. અશ્વિનાબેન પિયુષભાઈ શાહ
અમદાવાદ.
ફોન નં. ૦૭૯ - ૨૬૪૪૪૦૦૮

સૌ. રેખાબેન ભરતભાઈ રાજ
અમદાવાદ.
ફોન નં. ૦૭૯ - ૬૫૪૫૬૦૦૩

સૌ. નિલાક્ષીબેન અનિલભાઈ હરિભક્તિ
વડોદરા.
(મો.) : ૦૯૩૭૬૨૨૦૬૫૮

શ્રીહરિઃ

સ્વાભાવિક સ્મૃતિ સંવેદન

(ચતુર્થ આવૃત્તિ)

**"बुद्धिप्रेरक कृष्णस्य पादपद्मप्रसादतः ।
यथा स्फुरति चित्ते मे कृष्ण तुष्ट्यै निवेद्यते ॥"**

અદ્દભૂતકર્મા છે ભગવાન્ શ્રીકૃષ્ણ ! વર્ષો પહેલાં આ "ત્રિવિધ લીલા નામાવલી" ના અર્થો લખાયેલાં, ત્યારે તો મનમાં નિરોધાભિલાષથી વારંવાર પાઠનો મનોરથ થયેલો. અનેક ગ્રંથો પ્રભુ રચાવતા ગયા. વિવિધ લીલામાં રસાસ્વાદ કરાવતા રહ્યાં. પુનઃ આજે આ "ત્રિવિધ નામાવલી" લીલાની ચતુર્થ આવૃત્તિ પ્રકટ થાય છે, ત્યારે ગ્રંથ સમર્પણ પ્રસંગ સ્મૃતિગોચર થાય છે. ચરણાટમાં સાકાર બ્રહ્મવાદ સિંદ્ધાંતમાર્તણ્ડ સ્નેહમૂર્તિ પૂજ્ય ગો. શ્રીશ્યામુબાવાના કરકમલે નિવેદન થવાનો હતો. ત્યાં કૃષ્ણની અદ્દભુત લીલાથી કાશીના નિ. લી. સ્વાચારશીલ શ્રીગોસ્વામી ૧૦૮ શ્રીમુરલીધરજી મહારાજશ્રી બેઠકજીમાં પધાર્યા. પૂ. પા. શ્યામુબાવાએ વિદ્વત ઉચિત વિવેકથી આ વયોવૃદ્ધ મહારાજશ્રી દ્વારા નિવેદન કરવા સૂચવ્યું. મેં સ્વીકારી લીધું. પૂજ્ય મહારાજશ્રીને વિનંતી કરી. આપે સ્વોલ્લાસ સ્વીકાર કર્યો. મહદ આશ્ચર્ય વચ્ચે આપે તો ગ્રંથના પહેલા પાનાથી છેલ્લા પાના સુધી ગ્રંથ શ્રીગુસાંઈજીને વાંચીને નિવેદન કર્યો, સંભળાવ્યો. અદ્‌ભુત કૃપા થઈ ! આવુ નિવેદન કોણ કરે !! બન્ને વન્દ્ય ચરણોને સનમ્ર દંડવત્ પ્રણામ!

આ "ત્રિવિધ નામાવલી" માં લીલા ત્રિવિધ છે, સ્વરૂપ નહિ. સ્વરૂપ તો એક જ છે. લીલાથી અનુભવો જુદા-જુદા કરાવે છે. સ્વરૂપભેદ નથી, લીલાથી અનુભવભેદ છે. દશમ સ્કન્ધમાં કહેલી લીલા પણ તામસ-

રાજસ-સાત્ત્વિક ભક્તભેદથી ત્રિવિધ છે. છતાં અહીં શ્રીમહાપ્રભુજીએ આ ત્રૈવિધ્ય નથી કહ્યું, પરંતુ લીલાનુરૂપ અવસ્થા ભેદના દર્શનથી બાલ-પ્રૌઢ-રાજ ત્રણ લીલાઓ કહેલી છે. આમ, અવસ્થાભેદના અનુભવથી લીલા ત્રિવિધ છે. સ્વરૂપ તો એક જ છે. સાંખ્યમાં આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક ત્રૈવિધ્ય પ્રસિદ્ધ છે. ગંગાજલ પ્રવાહ આધિભૌતિક, માહાત્મ્યયુક્ત તીર્થસ્વરૂપ આધ્યાત્મિક, દેવી ગંગાજી આધિદૈવિક તેમ કૃષ્ણ-પરમાત્મા આધિદૈવિક, અક્ષરબ્રહ્મ-આધ્યાત્મિક. જગત્ આધિભૌતિક. આમ એક વસ્તુના ત્રણ પ્રકારભેદ છે, વસ્તુભેદ નથી. શ્રીભાગવત પુરાણમાં કહેલું છે,- નિર્ગુણ બ્રહ્મના સત્ત્વ-રજઃ-તમ ત્રણ ગુણો પ્રકૃતિએ સ્વીકાર્યા, તેથી પ્રાકૃત કહેવાયા. આમ, પદાર્થોનું ત્રૈવિધ્ય પ્રસિદ્ધ છે. પ્રાકૃતોમાં આ સ્વભાવભેદ છે. અપ્રાકૃત ભક્તોમાં તેમના ભાવાનુસાર ભેદ છે. અહીં લીલામાં પ્રેમ-આસક્તિ-વ્યસન સંપાદન કરતી લીલાઓના વિભિન્ન કૃષ્ણનામ છે : આ ત્રિવિધ લીલા નામથી ભગવાનની ત્રિવિધ લીલાનું અને તેના દ્વારા લીલા કરનારા કૃષ્ણના સ્વરૂપનું અનુસંધાન થાય તે આવશ્યક છે, તે અસરકારક થાય છે, ફલમાં ઉપકારક થાય છે, અગ્નિ-નામ બોલવાથી હઝાવાતું નથી, પરંતુ અગ્નિ રૂપ-સંબંધથી દાહકતા અનુભવાય છે તેમ, કહેલાં નામ બોલતાં જ તેવી લીલા અને તે કરનારા કૃષ્ણના સ્વરૂપનું અનુસંધાન થાય, તે અસરકારકતા વધે. આ ત્રિવિધ લીલા કરનાર લીલાવિહારીજીને - તેમના ત્રિવિધ લીલા નામ પ્રકટ કરનારા વાત્સલ્યવર્ષણશીલ મારા શ્રીમહાપ્રભુજીને તેમાં દ્વારભૂત થયેલાં શ્રીગુસાંઈજીને સપ્રેમસદૈન્ય દંડવત્ પ્રણામ! આ સિવાય બીજું શુ કરી શકુ?!

સિંગાપુર ભાગવત પરિવારના મારા સ્વજન શા શિષ્યા ચિ. સૌ રેખા તથા તેના પતિ સાધુચરિત શ્રીભરતભાઈ રાજના સહજ સૌજન્યથી આ આવૃત્તિ સાકાર થઈ છે. આવા પ્રકાશનો કરતા રહે તેવા મંગલાશીર્વાદ !

મારી આંખે ઝાંખની દુર્બલતાથી હું તો, બોલતો ગયો અને તેનું આલેખન મારી પૌત્રી કલ્પ ચિ. કુ. પ્રાચી ભૂપેન્દ્રભાઈ પટેલ (M.Sc.) (પ્રબુ) એ કર્યું. આના મુદ્રણકાર્યમાં સહયોગ દેનારા સૌજન્યસભર ચિ. ભાઈ આલાપ શેઠ તથા ગુજરાત ઓફસેટ પ્રિન્ટીંગના વ્યવસ્થાપકશ્રીને હાર્દિક મંગલકામના. ગ્રંથના પ્રુફ શોધન માટે મારી પુત્રી કલ્પ ચિ. (ઢબુ) સૌ. જયશ્રી દિપકભાઈ સોની (અમદાવાદ) એ તથા ચિ. ભાઈ ચિંતન ભૂપેન્દ્રભાઈ પટેલે સ્નેહ સહયોગ દીધો છે. તેઓ આવા મંગલકાર્ય કરતા રહે તેવા હાર્દિક આશીર્વાદ. આ સેવાકાર્યમાં સુયોગ્ય સુયોગ દેનાર સૌ સુજનોંને પણ મંગલાશીર્વાદ ! "વિદ્યાનિધિ" ટ્રસ્ટ આવી પ્રભુ પ્રીત્યર્થ પ્રવૃત્તિ કર્યા કરે તેવી હાર્દિક મંગલકામના !

નડીઆદ
ભાદ્રપદ શુકલ ૧૪, રવિ
૧૧-૯-૨૦૧૧
વિ. સંવત ૨૦૬૮

લિ.
કૃષ્ણલીલાલિપ્સુ
વિનીત
નવનીતપ્રિય શાસ્ત્રીના પ્રભુવંદન
- ભગવત્સ્મરણ.

નમ્ર નિવેદન

ગ્રન્થનું શીર્ષક "ત્રિવિધ - નામાવલી" ખૂબ સૂચક છે. ભગવાન્ કૃષ્ણની, વ્રજલીલા-મથુરાલીલા, તેમજ દ્વારકાલીલા સંબંધી નામ, બાલલીલા, પ્રૌઢલીલા અને રાજલીલા એ ત્રણ પ્રકારના વિભાગમાં શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કર્યાં છે.

શ્રીમદ્ ભાગવત શ્રીનાથજીનાં બાર અંગ રૂપ છે; અને તેમાંય દશમસ્કંધ-ભગવાનની નિરોધલીલા-એ ભગવાનનું હૃદય છે.

શ્રીમહાપ્રભુજીએ "શ્રીપુરુષોત્તમ-નામ-સહસ્ત્ર"માં દશમસ્કંધની લીલાઓને પ્રકટ કરી છે; તથાપિ નિરોધલીલાની મુખ્યતા વિચારી આ નામ જુદાં પ્રકટ કર્યાં છે.

શ્રીમહાપ્રભુજીના દ્વિતીયપુત્ર શ્રીવિઠ્ઠલનાથજી-શ્રીગુસાંઈજી, બાલ્યાસ્થામાં, દશમસ્કંધનો પાઠ કરીને પ્રસાદ લેતા. કેટલીક વાર, પ્રસાદ લેવામાં, વિલંબ થતો, શ્રીમહાપ્રભુજીને આ વિલંબ અસહ્ય લાગ્યો, તેથી, આપશ્રીએ, શ્રીગુસાંઈજીને દશમસ્કંધની લીલાનુ અનુસંધાન રહે, એ માટે તથા નિજજનો ઉપર અનુગ્રહ કરી, આ ગ્રન્થ પ્રકટ કર્યો.

રમણીયતા તો એ છે કે - સાત્ત્વિક, રાજસ અને તામસ ભક્તોનો નિરોધ સિદ્ધ કરવા, સ્વયં પ્રભુ જ તે તે પ્રકારની લીલાનો અનુભવ સ્વરૂપબલથી, અન્ય સાધન વગર, ભક્તોને કરાવે છે, આ છે પુષ્ટિ!

બાલલીલા, પ્રૌઢલીલા, અને રાજલીલાના નામ પાઠવી, પ્રેમ, આસક્તિ અને વ્યસનનું દાન પ્રભુ કરે છે.

બાલલીલા, પ્રૌઢલીલા, તથા રાજલીલામાં નામસંખ્યા શ્રીમહાપ્રભુજી જણાવે છે, તે કરતાં વધારે છે. આની સ્પષ્ટતા પૂજ્ય શ્રીનવનીતપ્રીય શાસ્ત્રીજીએ કરી છે. આ ગ્રન્થ શ્રીમહાપ્રભુજીએ, શ્રીગુસાંઈજીને દ્વાર ગણી રચ્યો છે અને ઉલ્લાસની વાત તો એ છે કે - શ્રીગુસાંઈજીના પ્રાકટ્યદિને પૂજ્ય ગો. શ્રીશ્યામ-મનોહરજીના શ્રીહસ્તે જાહેરમાં નિવેદિત થાય છે.

આ ગ્રન્થની વિવિધ આવૃત્તિઓ છપાઈ છે, તથાપિ "વિદ્યાનિધિ" ટ્રસ્ટે શ્રીવલ્લભ-પંચશતાબ્દિ-નિમિત્તે કેટલાક સુધારા વધારા સહિત આ ગ્રન્થને પુનર્મુદ્રિત કરવાનો સેવાલાભ કૃપાયોગે મેળવ્યો છે.

લીલાના અનુસંધાન સહિત પાઠ કરતાં, પ્રત્યેક નામ દૃષ્ટિ- ગોચર રહે, એ માટે મોટા અક્ષરમાં છાપ્યાં છે.

પ્રેસના વધતા જતા ભાવ હોવા છતાં, ગ્રન્થનું ન્યોછાવર, "નહિ નફો, નહિ નુકશાન" - એ વિચારે રાખ્યું છે.

વૈષ્ણવો, તેમજ સંસ્થાઓ, માંગલિક પ્રસંગોએ આવા ગ્રન્થોને ભેટમાં આપી, આ ગ્રન્થનો સમાદર કરશે, એવી આશા છે.

આવા ગ્રન્થ દ્વારા ભક્તિમાર્ગનો પ્રચાર અને પ્રસાર એ જ અમારી પ્રસન્નતા.

નડીઆદ
શ્રાવણ વદ ૮ ૨૦૩૮

લિ.
વિદ્યાનિધિ (ટ્રસ્ટ) વતી
શ્રીકૃષ્ણ - કૃપાભિલાષી,
અંબાલાલ જમનાદાસ શાહનાં
ભગવત્સ્મરણ.

શ્રીહરિઃ

"ત્રિવિધ-લીલા-નામાવલી"

"સામાન્ય સંલાપ"

સદાનન્દ પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણની લીલાનું પ્રતિપાદક છે, શ્રીમદ્ ભાગવત. ભગવાનનું તે છે, - વાઙ્મય સ્વરૂપ. ભગવાન્ કૃષ્ણની લીલા પણ સદાનન્દ રૂપા છે. દશમ-સ્કંધમાં છે;-નિરોધલીલા. (૧) પોતાની અચિન્ત્ય શક્તિઓ સાથે ભગવાન્ શ્રીકૃષ્ણનો વિશ્વમાં વિહાર (૨) તેનાથી વિશ્વવિસ્મૃતિ-પૂર્વક ભક્તોની ભગવદાસક્તિ (૩) ભક્તોનાં દેહાદિમાંથી જડતાની નિવૃત્તિ અને લીલાના અનુભવની યોગ્યતા-તે નિરોધ છે. અનાયાસે હર્ષથી થતી ચેષ્ટા (લીલા) કરતાં, ભક્તોને સઘળું જગત્ ભૂલાવી દે તેમ, પોતાનામાં આસક્તિ કરાવી, લીલામાં ઉપયોગી દિવ્ય દેહાદિનું સંપાદન કરે - તે નિરોધલીલા કહેવાય. પોતાના અનન્ય ભક્તોમાં ભગવાન્ જે લીલા વડે સ્વવિષયક ભાવની ઉત્પત્તિ કરે-તે પણ નિરોધલીલા છે. નિરોધ આધિદૈવિક સેવા રૂપ પણ ગણાય છે.

ભગવાનના હૃદયરૂપ નિરોધ લીલાની હૃદયંગમતાથી, બાલ્યાવસ્થામાં દશમ-સ્કન્ધનો પાઠ કરીને શ્રીગુસાંઈજી પ્રસાદ લેતાં. તેમાં વિલંબ થતાં પરિશ્રમ થતો. શ્રીમહાપ્રભુજીએ સહજ વાત્સલ્યે આપને દ્વાર બનાવી, સમગ્ર નિજજન પર અનુગ્રહ કર્યો. દશમસ્કન્ધનાં લીલાયુક્ત સ્વરૂપનો પરિચય દેતાં નામ તારવી કૃતાર્થ થવા સૌને દીધાં.

"શ્રીપુરુષોત્તમનામસહસ્ત્રમ્ સ્તોત્ર"માં યદ્યપિ દશમસ્કંન્ધનાં નામ આવી જાય છે; છતાં નિરોધલીલાની હૃદયરૂપતાએ, મુખ્યતાએ, તેનાં નામ ભિન્ન પ્રકટ કર્યાં. જે લીલાઓ દ્વારા તામસ-રાજસ-સાત્ત્વિકભાવ-પૂર્ણ, નિર્ગુણ, ભક્તોનો નિરોધ પ્રભુએ કર્યો, તેનો પરિચય દેતાં બાલ-પ્રૌઢ-રાજ-એ ત્રિવિધલીલાનામાવલી પ્રસિદ્ધ કરી.

તેમાં કેટલાંક નામમૂલરૂપનાં નિત્યલીલાનાં છે. કેટલાંક નામ અવતારલીલાનાં સૂચક છે. દરેક નામના અંતે "નમઃ" પદ છે. તે પ્રભુ માટે જીવની કાંઈ જ કરી શકવાની અશક્તિ સૂચવે છે. જીવ પ્રભુને માત્ર નમન કરી શકે છે. આ પ્રકારની દીનતાથી પ્રભુ સ્વતઃ કૃપા કરે, નિઃસાધન-ફલાત્મા પ્રસન્ન થાય. પ્રત્યેક નામના અંતે મૂકેલી ચોથી વિભક્તિ નમનનો વિનિયોગ સ્વરૂપમાં સૂચવે છે.

ભગવાનની સર્વલીલાઓ, વ્રજલીલા-મથુરાલીલા-દ્વારકાલીલા, નિત્ય છે. ભગવાનની તે સઘળી લીલાઓ, લીલાવિશિષ્ટ સ્વરૂપ, લીલા સંબંધી ભક્તો, વગેરે સર્વદા વિરાજે છે.

બાલલીલાનાં નામપાઠથી પ્રભુમાં પ્રેમ, પ્રૌઢલીલાનાં નામપાઠથી આસક્તિ અને રાજલીલાનાં નામપાઠથી વ્યસનનું દાન પ્રભુ કરે છે. ભક્તિની જુદીજુદી અવસ્થાઓનાં આ પ્રકાર-નામ છે. શ્રીસુબોધિનીમાં શ્રીમહાપ્રભુજી ભક્તિને ત્રિવિધ કહે છે. ૧. રુચિ ૨. શ્રવણાદિ ૩. પ્રેમ. "ભક્તિવર્ધિની"માં, ૧. સ્નેહ ૨. આસક્તિ ૩. વ્યસન-એમ-ભક્તિનો વૃદ્ધિક્રમછે. શુદ્ધપુષ્ટિમાં કૃષ્ણકૃપાથી વગર સાધને સહસા, કે મિશ્રપુષ્ટિમાં સત્સંગાદિ-સાધનક્રમે, ભગવદિચ્છાનુસાર, ભક્તિ પ્રકટ થાય છે. બંનેમાં લૌકિક-વૈદિકપણાની ગૌણતા અને સ્વાભાવિક-(મુખ્યત્વે) વૈષ્ણવત્વ તો હોય છે જ. સાધન દ્વારા ભગવાને ભક્તિ પ્રકટ કરવા ઈચ્છી હોય તેમાં, તે અપ્રકટ રીતે ભાવ રૂપે મનમાં રહે છે. પછી સાનુકૂલ સાધનોથી સ્થિરતા થતાં, પ્રેમ વગેરે રૂપે ક્રમશઃ ઉદ્ભવે છે. સુજ્ઞો ભાવની સાત અવસ્થા કહે છે. ૧. ભાવ ૨. પ્રેમ ૩.પ્રણય ૪. સ્નેહ ૫. રાગ ૬. અનુરાગ ૭. વ્યસન. જ્યારે રુચિ પછીનાં શ્રવણાદિથી પ્રેમ-પ્રણય-સ્નેહ આ ત્રણ અવસ્થા થાય ત્યારે, ભગવચ્છ્રવણ વગેરે સિવાય સર્વમાંથી, રાગનો વિનાશ થાય.

ભગવાન્ સિવાયનાં અન્ય સર્વમાંથી, રાગનો વિનાશ તો પ્રેમની પ્રચુરતાનો સૂચક છે.

રાગ અને અનુરાગ રૂપ આસક્તિની પ્રચુરતાથી, ઘર વગેરેમાંથી અપેક્ષા (આકાંક્ષા) નીકળી જાય, મનમાં સર્વની ઉપેક્ષા રહે, ઘરનાં સૌ જડ-ચેતન, વસ્તુ-વ્યક્તિ, સમર્પિત હોવા છતાં, પોતાના શ્રવણાદિમાં બાધક લાગે.

જેમ વ્યસની વ્યસનની વસ્તુ વગર રહી ન શકે-તલપે, તેમ ભક્ત ભગવાન્ વિના રહી ન શકે, તે વ્યસન-દશા છે. કૃષ્ણનિમિત્તે જ, સ્વરૂપની મુખ્યતાથી, કૃષ્ણની-પ્રસન્નતા માટે જ, સર્વ-જીવન-વ્યવહારો ભક્તના ભગવાનને અનુકૂલ બની જાય. સઘળાં નાનાં-મોટાં કામ ભક્ત તો કૃષ્ણની પ્રસન્નતા માટે કરે, પુષ્કળ સાધનો તે માટે કરે, તે વિના રહી ન શકે, બીજું કાંઈ સહી ન શકે, તે વ્યસનદશા છે. ભગવદ્ગુણ-લીલાદિની પણ મુખ્યતા તેને ન રહેતાં, સર્વાત્મભાવની પૂર્વકક્ષા રૂપ, સ્વરૂપ-પરતા ભક્તમાં આવે, આ છે વ્યસનનો ઉત્કર્ષ. પ્રભુના પુષ્ટિ-પ્રદાનથી જ સંભવે ને !

અનુગ્રહદાનદક્ષ, મહોદાર-ચરિતવાન્ શ્રીમહાપ્રભુજીએ ત્રિવિધલીલા નામાવલીના સંકીર્તન-પાઠ-જપ-માત્રે સ્વકીયોને પ્રેમ-આસક્તિ-વ્યસનના લાભની (સ્વરૂપાનન્દ-પ્રાપ્તિની) આજ્ઞા કરી છે. પ્રદાન છે ને ! શ્રીવલ્લભાચાર્યજી તો વસ્તુતઃ કૃષ્ણ છે ને ! કૃપાથી સ્વજનોને કૃતાર્થ કરે જ ને !

"બાલલીલા"ની નામસંખ્યા, શ્રીગોકુલોત્સવજીની ગણાતી "વિવૃત્તિ" પ્રમાણે, ૧૦૯ છે. પદ્યમાં શ્રીમહાપ્રભુજી, - "અષ્ટોત્તરંશતં" - ૧૦૮ સ્પષ્ટ સંખ્યા કહે છે. "**कालाधिको हरिश्चात्र...!**" ની જેમ, પ્રભુનાં નામ સંખ્યાત નથી, પણ સંખ્યાતીત છે.- આ ભાવપ્રકારે, ત્યાં નામની સંખ્યાધિકતાનું વિદ્વાનો સમાધાન કરે છે. અનન્ત શક્તિવાળા, અનંત ગુણોવાળા, ભગવાનનાં લીલા અને નામ પણ અનન્ત હોય ને ! "બૃહત્સ્તોત્ર-સરિત્સાગર"માં "યજ્ઞભાગ્ભુજે નમઃ" (૧૦૬)મું નામ લીધું દેખાતું નથી, તેથી નામસંખ્યા-૧૦૮ રહે છે.

"પ્રૌઢલીલા"ની નામસંખ્યા, "વિવૃત્તિ" પ્રમાણે, ૧૨૯ છે, શ્રીમહાપ્રભુજી શ્લોકમાં, "શતં વિંશતિરષ્ટ ચ" - ૧૨૮ - કહે છે. સમાધાન તો પૂર્વવત્ થઈ શકે. "બૃહત્સ્તોત્ર-સરિત્સાગર"માં કેટલાંક નામ લીધાં દેખાતાં નથી, પાઠભેદ પણ છે, કેટલાંક નામ જુદાં કે જુદા પદવિભાગથી લીધાં દેખાય છે, તેમાં નામસંખ્યા ૧૨૮ રહે છે. તેમાં, - ૨૧મા નામમાં, મોહપ્રબોધોભયરક્ષકાય નમઃ (૨૧) તથા "અદ્ભુતચરિત્રાય નમઃ" (૨૨) બે ભાગ છે. ૨૮મા માં, "ભક્તિગૃહસ્થિતિબોધકાય નમઃ" (૨૯) તથા "વૈકુણ્ઠસ્થિતિમદનગોપાલાય નમઃ" (૩૦) છે. ૩૧મું નામ "મદનગોપાલાય નમઃ" જુદું નથી. "ઈચ્છાવાદસ્થાપકાય નમઃ" (૧૨૭) તથા "માયાપ્રવર્તકાય નમઃ" (૧૨૮) નામ દેખાતાં નથી.

"રાજલીલા"ની નામસંખ્યા, "વિવૃત્તિ" પ્રમાણે, ૧૧૯ છે. શ્રીમહાપ્રભુજી શ્લોકમાં "અષ્ટાદશં શતં" - ૧૧૮ કહે છે. સમાધાન તેનું પણ પૂર્વવત્ થાય. "બૃહત્સ્તોત્ર-સરિત્સાગર"માં નામમાં પાઠભેદ, ક્રમભેદ અને સંખ્યાભેદ દેખાય છે. તેમાં ૧૦૮- "નામ્નામષ્ટોત્તરં શતં" - શ્લોક-પાઠ છે, ૧૦૯ નામસંખ્યા છે ! તે પ્રમાણે. "સર્વદેવતામનોરથપૂરકાય નમઃ" (૮), "દૈત્યમોહનચરિત્રાય નમઃ" (૧૦), "રુક્મિપ્રભૃતિદુષ્ટમાનસદુઃખદાય નમઃ" (૧૪), "ત્રિવિધવિવાહકર્ત્રે નમઃ" (૧૬), "રોહિણીપતયે નમઃ" (૩૨), "કલિધર્મપ્રતિપાદકવંશાદિકર્ત્રેનમઃ" (૪૪), "પુણ્યાદિહીનધર્મજ્ઞાપનહેતવે નમઃ" (૭૭), "મુખ્યસિદ્ધાન્તપ્રવર્તકાય નમઃ" (૭૮), "હેતુસ્થાપકાય

નમઃ" (૮૯), "દ્વારિકાનાયકાય નમઃ" (૧૧૭) - નામ દેખાતાં નથી. ૧૮મા નામમાં, બે વિભાગ દેખાય છે, - "શંબરઘાતકાય નમઃ" અને "પ્રદ્યુમ્નાય નમઃ", બંનેની નામસંખ્યા જુદી છે.

"ત્રિવિધ-નામાવલી"ની "બાલલીલા" તથા "પ્રૌઢલીલા"માં દશમસ્કન્ધ-પૂર્વાર્ધની લીલા - સંબંધી નામ દેખાય છે; રાજલીલામાં ઉત્તરાર્ધની લીલા - સંબંધી નામ દેખાય છે. પૂર્વાર્ધની લીલાઓમાં ભગવાને (સ્વભાવ) માધુર્ય વિશેષ પ્રકટ કર્યું લાગે છે, ઉત્તરાર્ધમાં ઐશ્વર્ય - (પ્રભાવ) વિશેષ પ્રકટ લાગે છે. લોક-વેદાતીત-પુરુષોત્તમની લીલા પૂર્વાર્ધમાં પ્રાયઃ, દેખાય છે. પુરુષોત્તમ-સ્વરૂપ-મર્યાદાનું પણ તેમાં ઉલ્લંઘન છે. ઉત્તરાર્ધમાં પ્રાયઃ, લોકવેદ-પ્રસિદ્ધ-પુરુષોત્તમની લીલા લાગે છે. તેમાં સ્વરૂપબલથી લોકવેદની મર્યાદાનું ઉલ્લંઘન પણ દેખાય છે, પાલન પણ છે, સ્વતંત્ર ભગવાન્ સ્વેચ્છાથી, ભક્તાનુકૂલ બનીને, પણ લીલા કરે છે, પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણ તો એક જ છે, તે જ સર્વલીલા કરે છે. નિરોધ માટે ભક્તોને સાનુકૂલ લીલાનો અનુભવ કરાવે છે, તેથી લીલાભેદથી સ્વરૂપભેદનો અનુભવ થાય. મૂલસ્વરૂપ તો પુરુષોત્તમ એક જ છે. એક જ વ્યક્તિ કોઈના પતિ, કોઈના પિતા, કાકા, મામા, ભાઈ, શેઠ, સેવક વગેરે સંબંધે, સૌના સંબંધ પ્રમાણે, જુદો જુદો અનુભવ આપે છે ને ! તેમ અનુગ્રહથી ભગવાન્ જુદો જુદો અનુભવ આપે છે.

એક જ પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણ, - શ્રીગોવર્ધનનાથજી- શ્રીનવનીતપ્રિયજી- શ્રીમથુરાનાથજી- શ્રીવિઠ્ઠલનાથજી- શ્રીદ્વારકાધીશજી- શ્રીગોકુલનાથજી- શ્રીગોકુલચન્દ્રમાજી- શ્રીબાલકૃષ્ણજી- શ્રીમદનમોહનજી- શ્રીનટવરલાલજી વગેરે રૂપે-વિવિધ વિહારો કરે છે ને ! બધાં સ્વરૂપો શ્રીકૃષ્ણનાં જ હોવાથી, તેમાં સર્વલીલાઓ વિરાજે છે; તેમાં એક (મુખ્ય) લીલા પ્રકટ હોય, તે લીલાનુકૂલ નામ પ્રસિદ્ધ થાય, બાકીની લીલાઓ અપ્રકટ હોય. સૂચક રીતે, શ્રીમહાપ્રભુજીએ પ્રૌઢલીલાનાં નામના આરંભમાં, જન્મ-પ્રકરણનાં સાનુકૂલ નામ પણ ગૂંથી લીધાં છે. નિકુંજનાયક શ્રી ગોવર્ધનનાથજીની સન્નિધિમાં પણ બાલલીલાનાં કીર્તન ગવાય છે ને ! "**तोकता वपुषि तव राजते घशि तु मदमानिनीमानहरणम्** ।" - બાલ સ્વરૂપે પારણામાં વિરાજતા ભગવાન્ નેત્ર-કટાક્ષથી માનિનીનું માન હરે છે ! - શ્રીગુસાંઈજી ગાય છે ને ! બાલલીલામાં પણ પ્રૌઢભાવનો અનુભવ છે ને ! છે ને સર્વલીલા વિશિષ્ટ સ્વતંત્ર રસરાજ ભગવાન્ ! વિરુદ્ધધર્માશ્રય - પણ - ભગવાનમાં તો છે ને ! ભક્તોએ તેવા અનુભવ પણ કર્યા છે ને ? "પ્રમાણ-પ્રમેય વગેરે લીલાઓ જુદી, લીલા કરનાર તો એક જ !" - આવું શ્રીગુસાંઈજીએ શ્રીચતુર્ભુજદાસજીને સમાધાન દીધું છે ને ! આરંભમાં ભગવાને મુગ્ધભાવ પ્રદર્શિત કરીને, ભક્તોના લૌકિક (જેવા) ભાવને સ્થિર કરતાં લીલા કરી છે, મહિમાનું જ્ઞાન કરાવીને નહિ; નહિ તો બાલ લીલાનુકરણ ન થાય. પૂતના મોક્ષલીલા જેવાં મહિમા-જ્ઞાપક નામ જો કે બાલલીલામાં પણ છે, પણ ભગવાને ક્રમશઃ મહિમાજ્ઞાન, લીલાઓ દ્વારા, વ્રજભક્તોને કરાવ્યું છે. મહિમા તો ભગવાનનો નિત્ય છે ને ! ભગવાન્ ઈચ્છે તેમ અનુભવ કરાવે ! પ્રૌઢલીલામાં માહાત્મ્યજ્ઞાન પૂર્વક સ્નેહ દૃઢ કરતા હોવાથી, જન્મ પ્રકરણના મહિમા સૂચક નામ પ્રૌઢલીલાના આરંભે પણ કહ્યાં લાગે છે. યજ્ઞપત્ન્યુદ્ધરણ-લીલા સુધીનાં નામ બાલલીલામાં છે, પછીનાં પૂર્વાર્ધનાં નામ પ્રૌઢલીલામાં છે.

કોઈએ આ શંકા કરી, - રાજલીલાનાં નામપાઠથી વ્યસન મળે, તો પછી બાલલીલા અને પ્રૌઢલીલાનાં નામનો પાઠ શા માટે કરવો ? વ્યસન તો ઉત્તમ છે ને ! તેનું સમાધાન સ્પષ્ટ છે, પ્રેમ-આસક્તિ-વ્યસન ક્રમશઃ ભક્તિવૃદ્ધિની દશા છે. કૃપાથી તો કૃષ્ણ ઈચ્છે તે આપે ! આધુનિક-જીવોનો

અંગીકાર તો મર્યાદાપુષ્ટિમાં છે ને ! તેથી સ્વમાર્ગ - મર્યાદા પ્રમાણે સ્વલ્પ સાધન કરાવીને પણ ફલ દે છે, નહિ તો પાઠથી ભક્તિ મળે ? તે તો પ્રદાનથી જ મળે. આમ, મર્યાદામિશ્ર હોવાથી ક્રમમર્યાદા પણ હોવી જરૂરી છે, તેથી પ્રેમ-આસક્તિ-વ્યસન ક્રમશઃ પાઠથી મળે, તેથી ક્રમશઃ બાલ-પ્રૌઢ-રાજલીલાનો નામપાઠ આવશ્યક ગણાય, **"प्रेमापि हरिणा कृतम्"** વગેરેમાં, લીલામાં દશમસ્કન્ધ-પ્રકરણ-વિચારે પણ, ક્રમશઃ પ્રદાન દેખાય છે. પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ, પ્રકરણો એ પ્રેમ-આસક્તિ-વ્યસન-ફલ પણ ગણાય છે ને ! ભગવત્સ્વરૂપ-ભગવત્લીલા- ભગવન્નામાદિમાં સર્વકાંઈ સામર્થ્ય સર્વદા સર્વત્ર છે જ, પણ ભક્તોને તેનો અનુભવ તો ભગવાન્ નિજે-ચ્છાથી, આવશ્યક હોય તેટલાનું પ્રાકટ્ય કરીને, કરાવે છે.

"प्रेम हरिको रुप है, हरि है प्रेमस्वरुप ।" **"प्रीतिस्तु भगवद्धर्मः ।"** - પ્રીતિ તો ભગવદ્ધર્મ છે. **"प्रकाशाश्रयवद्वा तेजस्त्वात् ।"** - બ્રહ્મસૂત્ર પ્રમાણે ધર્મ-ધર્મિમાં ભેદાભેદ સ્વીકાર્ય છે. ભગવાને વ્રજમાં પ્રકટ થઈને, નિજેચ્છાથી ભક્તનિરોધ માટે, લીલાઓ પ્રકટ કરતાં, લીલાનુકૂલ સ્વરૂપ પ્રકટ કરતાં, સ્વરૂપવૃદ્ધિનો અનુભવ કરાવ્યો છે ને ! જેમ જેમ ભગવાન્ (રસાત્મક) પ્રેમાત્મક સ્વરૂપની વૃદ્ધિ પ્રકટ કરે તેમ ભક્તોની ભાવાવસ્થા પણ વૃદ્ધિગત થાય, ક્રમશઃ લીલા-સ્વરૂપ-વૃદ્ધિ પ્રકટ થાય. તે પ્રેમ-આસક્તિ-વ્યસન-ફલ સુધી પહોંચે, કૃતાર્થ થઈ જવાય. આમ વિચારતાં, ક્રમશઃ બાલ-પ્રૌઢ-રાજ-લીલાનો નામપાઠ યુક્ત ગણાય.

શ્રીસુબોધિનીજીના આશય અનુસાર, ભગવલ્લીલા સમજાય તેમ, સરલ રીતે ખૂબ સંક્ષેપમાં, નામના વિવેચનના અનુવાદનો પ્રયાસ કર્યો છે. સૌને ભગવાનમાં ભક્તિવૃદ્ધિ, સ્વરૂપાનન્દ, સુલભ થાય, સૌ કૃતાર્થ થાય, તેવા મંગલાભિલાષ સહ વિરમું છું. "વિદ્યાનિધિ" (ટ્રસ્ટ)ના સદ્ભાવે, શ્રીમહાપ્રભુજીના કૃપાલાભ રૂપે, સદૈન્ય આ ગ્રંથ નિવેદન કરતાં, કૃપા જ

આપની અનુભવું છું. શ્રીગુસાંઈજીના પ્રાકટ્ય-મહોત્સવ-પ્રસંગે, ચુનારમાં (ચરણાદ્રિ-ચરણાટમાં) વિદ્વન્મૂર્ધન્ય પૂ. પા. ગો. ૧૦૮ શ્રીશ્યામ-મનોહરજીના કરકમલે, શ્રીગુસાંઈજી માટેનો આ ગ્રન્થ, શ્રીગુસાંઈજીને સદૈન્ય નિવેદન થાય છે. તે કૃપાયોગ જ સમજતાં સન્દૈન્ય દં. પ્રણામ સહ નિવેદન કરું છું.

નડીઆદ.
૨૦૩૮, શ્રાવણ વદ આઠમ

લિ.
સ્વરૂપાનન્દલિપ્સુ,
નવનીતપ્રિય શાસ્ત્રીનાં પ્રભુવંદન,
ભગવત્સ્મરણ.

શ્રીહરિઃ

શ્રીકૃષ્ણં પરમાનન્દં દશલીલાયુતં સદા ।
સર્વભક્તસમુદ્ધારે વિસ્ફુરન્તં પરં નુમઃ ॥
નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।
લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ॥
ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।
ષડ્ભિર્વિરાજતે યોડસૌ પઞ્ચધા હૃદયે મમ॥

ત્રિવિધનામાવલી

નામાવલીં પ્રવક્ષ્યામિ કેશવસ્યાતિવલ્લભામ્ ।
યસ્યાઃ સંકીર્તનાદ્વિષ્ણુરાત્માનં સમ્પ્રયચ્છતિ ॥

કેશવસ્ય = સુંદર વાંકોડીયા વાળવાળા. બ્રહ્મા અને શંકરને સુખ દેનારા, શ્રીકૃષ્ણની, અતિવલ્લભાં = અત્યંત પ્રિય, નામાવલીં = નામાવલી, પ્રવક્ષ્યામિ= હું પ્રયત્નપૂર્વક કહીશ, યસ્યાઃ = જે (નામાવલી)ના, સંકીર્તનાત્ =પ્રેમપૂર્વકના કીર્તનથી, વિષ્ણુ := રસવ્યાપ્ત પુરાણપુરુષ (પુરુષોત્તમ), આત્માનં - સ્વરૂપાનન્દ, સ્મપ્રયચ્છતિ - (ભક્તવશ થઈને) આપે છે.

બાલલીલાનાં નામ

શ્રીકૃષ્ણાય નમઃ ॥૧॥

પોતાના સ્વરૂપાનન્દનો લીલા દ્વારા અનુભવ કરવાની ઈચ્છાથી મૂલરૂપવાળાં આધિદૈવિક લક્ષ્મીજી સહિત બિરાજતા, મૂલસ્વરૂપવાળા,

સદાનન્દ, લોકવેદાતીત, વ્રજપતિ, નિત્ય વ્રજલીલાપરાયણ શ્રીકૃષ્ણને નમન.

નરાકૃતયે નમઃ ॥૨॥

સદાનન્દ - સ્વરૂપે જ નર જેવી આકૃતિવાળા, મૂળભૂત એકમાત્ર પુરુષ, ભક્તોમાં દેહ-પ્રાણ-ઈન્દ્રિય-અન્તઃકરણ-જીવ વગેરે રૂપ થનારને નમન.

પરબ્રહ્મણે નમઃ ॥૩॥

લોકવેદથી પર તથા લોકવેદ-પ્રસિદ્ધ, અક્ષરબ્રહ્મથી ઉત્તમ, પુરુષોત્તમ, પરબ્રહ્મને નમન.

યદુકુલચૂડામણયે નમઃ ॥૪॥

નિત્ય મથુરાલીલા તથા દ્વારિકાલીલા કરનાર, યદુકુલની ઉન્નતિ કરનાર મુકુટમણિને નમન.

વસુદેવનન્દનાય નમઃ ॥૫॥

શુદ્ધ - સત્ત્વાત્મક વસુદેવજીને આનન્દ દેનારને નમન.

ભૂમીક્લેશભારહરાય નમઃ ॥૬॥

પરમાનંદ-સ્વરૂપે, ભક્ત પૃથ્વીના ક્લેશને રિંગણલીલા (ઘુંટણીએ ચાલવા)થી તથા ચરણસ્પર્શથી અને પૃથ્વીના ભારને સંકર્ષણવ્યૂહરૂપે દુષ્ટોનો વધ કરીને હરનારને નમન.

પુણ્યશ્રવણકીર્તનાય નમઃ ॥૭॥

ક્ષીરસાગરના કિનારે જેની પુણ્યરૂપ આજ્ઞાનું શ્રવણ અને દેવોને તે આજ્ઞા સંભળાવતાં પુણ્યરૂપ કીર્તન બ્રહ્માજીને મળ્યું તે, પાપ દૂર કરનાર-ભાગ્યરૂપ-પુણ્યમય શ્રવણ અને કીર્તનવાળા પ્રભુને નમન.

કલિમલસંહતિકલનયશઃપુઞ્જાય નમઃ ॥૮॥

તેજો રૂપે વસુદેવજીમાં અને વસુદેવજી દ્વારા સમાધિથી દેવકીજીમાં

પ્રવેશ કરી પોતાના તેજઃ દ્વારા (કલિ) પાપ રૂપ કંસના મલ રૂપ દુષ્ટભાવને સંપૂર્ણ રીતે હણનાર કીર્તિપુંજવાળાને નમન.

ભક્તિમાર્ગપ્રવર્તકાય નમઃ ॥૯॥

શુદ્ધ-સત્ત્વાત્મક વસુદેવજી અને શુદ્ધ-બુદ્ધિ રૂપા દેવકીજીમાં પ્રવેશ કરી, તેમનો નિરોધ કરી, ભક્તિમાર્ગનું પ્રવર્તન કરનારને નમન.

ભક્તજનકલ્પવૃક્ષાય નમઃ ॥૧૦॥

ભક્તજનોના ભાવાનુસાર સર્વ ઈચ્છાઓ પૂરી કરનાર કલ્પવૃક્ષ જેવા ભગવાનને નમન.

દેવકીનન્દનાય નમઃ ॥૧૧॥

સર્વદેવતા રૂપા દેવકીજી દ્વારા પ્રકટ થઈ તેમને આનંદ દેનાર સંકર્ષણ-પ્રદ્યુમ્ન-અનિરુદ્ધ-એ ત્રણ વ્યૂહ-વિશિષ્ટ લોકવેદપ્રસિદ્ધ પુરુષોત્તમને નમન.

વસુદેવકીપુણ્યપુઞ્જફલાય નમઃ ॥૧૨॥

વસુદેવજી અને દેવકીજીનાં અલૌકિક પુણ્યોના સમુદાયના ફલરૂપ, સચ્ચિદાનન્દ-વિગ્રહવાળા, મૂલરૂપ, ભગવાનને નમન.

દેવકીમનઃપ્રમોદજનકાય નમઃ ॥૧૩॥

ચતુર્ભુજરૂપે-માહાત્મ્યજ્ઞાન કરાવવા છતાં પણ, પોતાનામાં પુત્ર બુદ્ધિ કરાવી - નાલસહિત પ્રકટ થઈ, પ્રાકૃત-બાલકરૂપ દર્શાવી, ભક્ત દેવકીજીના મનમાં ખૂબ હર્ષ ઉત્પન્ન કરનારને નમન.

બ્રહ્માદિભક્તવાક્પરિપાલકાય નમઃ ॥૧૪॥

બ્રહ્માજીએ પૃશ્નિ-સુતપાને પ્રજા માટે આજ્ઞા કરતાં, તે બેને ત્યાં પૃશ્નિગર્ભ-ઉપેન્દ્ર-કૃષ્ણ-રૂપે પ્રકટ થનાર, ક્ષીરસાગરના કિનારે બ્રહ્માજીએ અવતાર લેવા માટે કરેલી પ્રાર્થના તથા રામાવતાર વગેરે સમયે

ભક્તોએ કરેલી પ્રાર્થના રૂપ વાણીનું તથા પોતે તેમને અને શ્રુતિઓ વગેરેને આપેલ વરદાનનું, તથા બ્રહ્માજીએ દ્રોણધરાને દીધેલા વરદાનનું મથુરામાં લોકવેદપ્રસિદ્ધ પુરુષોત્તમરૂપે પ્રકટ થઈને તથા વ્રજમાં શ્રીનન્દરાયજીને ત્યાં લોકવેદથી પર પુરુષોત્તમરૂપે પ્રકટ થઈને પાલન કરનારને નમન.

શેષાદિભક્તસેવિતચરણાય નમઃ ॥૧૫॥

મથુરાથી વ્રજમાં પધારતા પ્રભુ પર વરસતા વરસાદને અટકાવવા પોતાની ફણાનું છત્ર ધરતા-શેષનાગ, સર્વને મોહ કરનારી માયા, વરસાદ અને મેઘની મંદગર્જનાઓ વગેરે ભક્તો વડે સેવાએલ ચરણવાળા પ્રભુને નમન.

કાલિન્દીવેગહર્ત્રે નમઃ ॥૧૬॥

કલિરૂપ દોષોનું ખંડન કરનારાં કાલિન્દીજીના નદીપણાથી સ્વાભાવિક પ્રવાહના વેગને અને ચોમાસું હોવાથી આવેલ પૂરના કાલકૃત વેગને, ગોકુલ જવાનો માર્ગ મેળવવા માટે, હરનાર પ્રભુને નમન.

યોગમાયાધિપતયે નમઃ ॥૧૭॥

વ્રજ ભક્તોના સંયોગ માટેની પોતાની અંતરંગ (યોગ) માયા, જે યશોદાજીને ત્યાં પ્રકટ થઈ મથુરામાં ગઈ, તેને આજ્ઞા કરનાર-અધિપતિ-ભગવાનને નમન.

ગોકુલપતયે નમઃ ॥૧૮॥

શ્રીનન્દરાયજીને ત્યાં પ્રકટ થઈ, સંપૂર્ણ ગોકુલને પોતાના પરિગ્રહ તરીકે સ્વીકારી, ગોકુલની રક્ષા કરનાર પ્રભુને વન્દન.

ગોપીજનવલ્લભાય નમઃ ॥૧૯॥

શ્રીગોપીજનના પરમપ્રિય પ્રભુને અને શ્રીગોપીજન જેમને પરમપ્રિય

છે તેવા પ્રભુને નમન.

ગોકુલોત્સવાય નમઃ ॥૨૦॥

ગોકુલને જેના પ્રકટ થવાથી ઉત્સવ છે તેવા, ભક્તોને જોઈને ઉત્સવવાળા, ભગવાનને નમન.

અખિલાશાપૂરકાય નમઃ ॥૨૧॥

વિદ્વાન્-સૂત-માગધ-બંદી-સ્ત્રી વગેરે સૌ યાચકોની આશાઓને શ્રીનન્દરાયજી દ્વારા પૂરી કરનાર તથા સ્વભક્તોની આશાઓને સાક્ષાત્ પૂરી કરનાર પ્રભુને નમન.

યશોદાસ્તનન્ધયાય નમઃ ॥૨૨॥

નાલછેદન અને સ્નાન પછી, પુત્રને લાડ લડાવવાની માતાની આશાને પૂરી કરવા શ્રીયશોદાનાં સ્તનોને ધાવનાર પ્રભુને નમન.

નન્દમનોમોદકાય નમઃ ॥૨૩॥

પુત્રજન્મની શક્યતા ન હોવા છતાં પણ, શ્રીનન્દરાયજીને ત્યાં પુત્રરૂપે પ્રકટ થઈ, શ્રીનન્દરાયજીના મનમાં, રમકડાં વગેરે લાવવા માટે મથુરા જવા રૂપ, હર્ષ કરનાર પ્રભુને નમન.

પૂતનાન્તકાય નમઃ ॥૨૪॥

વ્રજજનોનો પોતાનામાં નિરોધ કરવા માટે આધિભૌતિક અવિદ્યા રૂપ પૂતનાનો (મોક્ષ કરી તેનામાં રહેલા ૧૬૦૦૦ બાલકોને પોતાનામાં સમાવી) અન્ત કરનારને નમન.

સુકૃતજ્ઞાય નમઃ ॥૨૫॥

"આ ભગવાન્ છે" તેવી સમજથી પૂતના એ મારેલાં બાલકોમાં આસુરભાવ પ્રવેશ ન થયો - તેને પણ પૂતનાના સુકૃત તરીકે જાણનાર ભગવાનને નમન.

પૂતનામોક્ષદાત્રે નમઃ ॥૨૬॥

બાલઘાત કરનારી પૂતના રાક્ષસીને પણ માર્યા પછી અત્યંત દયાથી, તેની માતા જેવી આકૃતિ તથા ક્રિયા જોઈને, માતૃગતિ રૂપ મુક્તિ આપનાર પ્રભુને નમસ્કાર.

ભક્તમનોરોધકાય નમઃ ॥૨૭॥

અસાવધતાને લીધે પૂતના છેક ઘરમાં આવી ગઈ - તેવા વિચારથી પોતાની રક્ષામાં ભક્ત વ્રજજનોનાં ચિત્તને પ્રેરી તેમના મનનો નિરોધ કરનાર પ્રભુને નમન.

ગોકુલાભયદાનચરિત્રાય નમઃ ॥૨૮॥

મરેલી પૂતનાના ભયંકર સ્વરૂપને જોતાં ડરેલા, ગોકુલવાસીઓને અભયદાન દેવા માટે પૂતનાની છાતી ઉપર ક્રીડા કરવા રૂપ ચરિતવાળા ભગવાનને નમન.

ભક્તપ્રપઞ્ચવિસ્મારકાય નમઃ ॥૨૯॥

ચાર માસે થતા નિષ્ક્રમણ-સંસ્કાર રૂપ, પ્રથમ-સૂર્યદર્શન સમયે ભક્તોનો પોતાનામાં નિરોધ કરવા માટે ઉત્સાહ દ્વારા ભક્તોને પ્રપંચ (જગત)ની વિસ્મૃતિ કરાવનાર પ્રભુને નમન.

શકટભેદનબાલચરિત્રાય નમઃ ॥૩૦॥

આ ઔત્થાનિક-પર્વમાં નિદ્રા આવતાં, જ્ઞાનશક્તિરૂપ નેત્ર બંધ કરતાં, ભક્તોને લૌકિકાસક્તિ થતાં, છાયા થાય તે માટે ગાડા નીચે સુવાડવામાં આવેલા પોતે, ગોરસ ભરેલા સંસારરૂપ ગાડાને નવપલ્લવ જેવા કોમલ ચરણસ્પર્શથી તોડી નાખવાનું બાલચરિત્ર કરનાર પ્રભુને નમન.

તૃણાવર્તવિમર્દકાય નમઃ ॥૩૧॥

પૂતનાકવચથી ભક્તોનો પોતાનામાં વાચનિક-નિરોધ અને

શકટભંગથી કાયિક-નિરોધ સિદ્ધ કરી, માનસ-નિરોધ માટે - ચક્રવાતરૂપમાં આવેલા તૃણાવર્ત-દૈત્યનો વધ કરનાર પ્રભુને નમન.

ભક્તિસ્વાસક્તિજનકાય નમઃ ॥૩૨॥

અસંભાવના દૂર કરી પોતાનામાં દૃઢ આસક્તિ દેવા માટે, મા યશોદાજીને તેમના ખોળામાં ખેલતાં, સ્મિતથી નાનકડા દાંતનાં દર્શન કરાવી, ભક્તિથી પોતાનામાં આસક્તિ ઉત્પન્ન કરનાર પ્રભુને નમન.

યશોદામોહનાશકાય નમઃ ॥૩૩॥

પોતાના મુખમાં બ્રહ્માંડનું દર્શન કરાવી, પોતાના માહાત્મ્યનું જ્ઞાન કરાવતા પુત્રમાં અલૌકિકરૂપ જોતાં, ડરેલાં મા યશોદાજીના વિસ્મય રૂપ મોહને-બ્રહ્માંડદર્શન તિરોહિત કરી, પુત્રભાવ સ્થાપી, નાશ કરનાર પ્રભુને વંદન.

રામાનુજાય નમઃ ॥૩૪॥

પોતાને ત્યાં કૃષ્ણ જ પુત્ર હોવા છતાં, શ્રીનન્દજી તથા યશોદાજી હૃદયની વિશાલતાથી વસુદેવજીના પુત્ર તરીકે પ્રખ્યાત બલરામજીને મોટાપુત્ર ગણતાં. આ શૃંગારરસના સ્થાયીભાવ, રતિવર્ધનરૂપ, સ્વધર્મના અવતાર, વેદરૂપ, ક્રિયાશક્તિ રૂપ પ્રભુને નમન.

કૃષ્ણાય નમઃ ॥૩૫॥

પોતાનાં નામ તથા રૂપ નિત્ય હોવા છતાં, ગર્ગ દ્વારા પોતાનું નામ પ્રકટ કરતા, ભક્તોના અંતઃકરણમાં રતિ વધારી ભાવ રૂપે વિરાજતા, ભાવાત્મક સદાનન્દરૂપ, સ્વરૂપાનન્દનું દાન કરનાર શ્યામરંગવાળા શૃંગારરસ રૂપ કૃષ્ણને નમન.

વાસુદેવાય નમઃ ॥૩૬॥

ભક્તોને પ્રપંચ વિસ્મૃતિપૂર્વક પોતાનામાં આસક્તિ કરાવી, નિરોધથી સ્વરૂપાનન્દનું દાન કરી, પોતાનામાં લય રૂપ મોક્ષ આપનાર વસુદેવજીના પુત્ર, વાસુદેવને નમન.

અનન્તગુણગંભીરાય નમઃ ॥૩૭॥

અનન્ત-ગુણો હોવાથી પાર ન પામી શકાય તેવા ગંભીર અનેક રૂપ અને નામવાળા ભગવાનને નમન.

અદ્ભુતકર્મણે નમઃ ॥૩૮॥

અનેક રૂપ અને અનેક નામ જેના પરથી ઓળખાય છે, તેવી અનેક અદ્ભુત લીલાઓ રૂપ કર્મવાળા ભગવાનને નમન.

ગોપગોકુલનન્દનાય નમઃ ॥૩૯॥

ગોપ, ગોપીજન તથા ગોકુલના પરમાનંદ રૂપ પ્રભુને નમન.

ભક્તસર્વદુઃખનિવારકાય નમઃ ॥૪૦॥

ભક્તજનોનાં અંતઃકરણનાં અને બહારનાં સર્વ દુઃખોને સર્વકાલમાં દૂર કરનાર પ્રભુને નમન.

મહાનુભાવાય નમઃ ॥૪૧॥

પોતાનામાં પ્રીતિ કરનાર મહાભાગ્યશાળી ભક્તોને પોતાના ગુણાદિનો મહાનુભાવ દેનાર મહાનુભાવ ભગવાનને નમન.

અચિન્ત્યગુણકર્મણે નમઃ ॥૪૨॥

વિચારી ન શકાય તેવાં-અચિન્ત્ય ગુણો અને કર્મ (લીલા) જેનાં છે તેવા પ્રભુને વંદન.

નારાયણાય નમઃ ॥૪૩॥

પોતાના ઐશ્વર્ય, વીર્ય, યશઃ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય એ છ ગુણો વડે (અક્ષર, પુરુષ, અન્તર્યામી એ ત્રણ નારાયણ તથા બ્રહ્માંડમાં આવેલા - વૈકુણ્ઠમાં લક્ષ્મીનારાયણ, સૂર્યમંડલમાં વેદનારાયણ, પૃથ્વી પર

યજ્ઞનારાયણ-એમ કુલ છ) નારાયણ (સમાન છતાં ધર્મી કૃષ્ણ રૂપે પર) - પ્રભુને નમન.

વ્રજાઙ્ગણરિઙ્ગણજાનુચરણારવિન્દાય નમઃ ॥૪૪॥

વ્રજના આંગણમાં ઘૂંટણીએ ચાલવાથી અલ્પ ગતિયુક્ત ઢીંચણ અને ચરણની કમલ જેવી સુંદરતાવાળા પ્રભુને વન્દન.

વ્રજપઙ્કાઙ્ગલેપનાય નમઃ ॥૪૫॥

રિંગણલીલા કરવાથી, વ્રજની ગાયોના ગોમયથી થયેલા કાદવને શ્રી-અંગનો સંબંધ થવાથી, થયેલા અલૌકિક અંગરાગ (ચંદન)ના લેપવાળા પ્રભુને નમન.

ભક્તપરીક્ષાપારપાલકાય નમઃ ॥૪૬॥

કૌતુક, રસ તથા કામના આવેશવાળાં સ્ત્રી-જનો તથા માતા યશોદાજી વગેરે ભક્તોનો નિરોધ પોતાનામાં થયો છે કે નહિ ? તેવી પરીક્ષાને, પોતાના સ્વરૂપ દ્વારા ભક્તોનો નિરોધ કરી, પૂરી કરનાર પ્રભુને વંદન.

વ્રજહીરમણયે નમઃ ॥૪૭॥

ગોપબાલકો સાથે બાલકોચિત રમત કરતાં પોતે રાજા રૂપે બનતા, વ્રજના સઘળાં બાલકોમાં હીરા જેવા, મુખ્ય નાયક, વ્રજરાજકુમારને નમન.

ગોકુલધૂર્તચરિત્રાય નમઃ ॥૪૮॥

ગોકુલમાં ધૂર્ત જેવાં તથા ધૃષ્ટ જેવાં ચરિત્રવાળા (છતાં સ્વરૂપથી નિર્દોષ) પ્રભુને નમન.

ભક્તવશીકરણચરિત્રાય નમઃ ॥૪૯॥

ધૌર્ત્ય તથા ધાષ્ટ્ર્ય-લીલાથી દેખાવ પૂરતો ઠપકો દેવા નન્દભવનમાં આવતાં વ્રજભક્તોને શ્રીમુખનું દર્શન કરાવી વશીકરણ રૂપ ચરિત્ર કરનાર પ્રભુને નમસ્કાર.

નવનીતલવાહારાય નમઃ ॥૫૦॥

ભક્તજનોએ પોતાને માટે જ ઘરમાં રાખેલું સ્નેહ અથવા રસ રૂપ માખણ અલ્પ પણ આરોગનાર ભગવાનને વન્દન.

દધિદુગ્ધપ્રિયાય નમઃ ॥૫૧॥

મથનક્લેશ સહન કરી સ્નેહ પ્રકટ કરતું દહીં અને તાપક્લેશ સહન કરી સ્નેહ પ્રકટ કરતું દૂધ જેને પ્રિય છે તેવા પ્રભુને નમન.

ક્ષીરકણાવલીઢમુખારવિન્દાય નમઃ ॥૫૨॥

નન્દભવનમાં દેખાવ પૂરતો ઠપકો આપવા આવેલાં વ્રજભક્તો સમક્ષ, ચોરી પોતે કરી હોવા છતાં, નિર્દોષતા બતાવતા છતાં, દૂધનાં બિન્દુઓ (નો આસ્વાદ કરતાં) ચોંટેલા મુખકમલવાળા પ્રભુને નમન.

મૃત્સ્નાભક્ષણભીત-યશોદાતાડનસંત્રાસ-નયનારવિન્દાય નમઃ ॥૫૩॥

પોતાના પુત્રે માટી ખાવાથી, તેના સ્વાસ્થ્યભયથી ડરેલાં માતા યશોદાજીના મારની ખૂબ બીકનો ભય જેના નયનકમલમાં છે તેવા ભગવાનને વંદન.

સર્વવિમોહકાય નમઃ ॥૫૪॥

પોતાના મિત્રો તથા બલરામજીએ, "માટી ખાધી છે,"- તેમ કહેવા છતાં,- "મેં માટી ખાધી." - એમ પોતે સત્ય બોલવા છતાં, કોઈને તે ન સમજાતાં, સર્વને મોહ કરનાર પ્રભુને નમન.

માહાત્મ્યપ્રદર્શકાય નમઃ ॥૫૫॥

માતા યશોદાજીને પોતાના મુખમાં વિશ્વનું દર્શન કરાવી, નિરોધ માટે, પોતાના માહાત્મ્યને પ્રકટ કરનાર ભગવાનને નમન.

પરબ્રહ્મત્વબોધકાય નમઃ ॥૫૬॥

મુખમાં વિશ્વદર્શન કરાવી બ્રહ્માંડના આધાર રૂપ પોતાનું પરબ્રહ્મ-પણું સ્વરૂપ દ્વારા જણાવનાર ભગવાનને નમન.

સર્વજનીનમાહાત્મ્યાય નમઃ ।।૫૭।।

વેદોમાં સર્વપ્રસિદ્ધ મહત્તાવાળા પ્રભુને વંદન.

દધિભાણ્ડભેત્ત્રે નમઃ ।।૫૮।।

દહીં વલોવતી માતા પાસે સ્તન્ય-કામનાથી આવેલા, પોતાને અતૃપ્ત મૂકી ઉભરાતા દૂધને લોભથી ઉતારવા દોડતી માતાની સંસારાસક્તિ દૂર કરવા માટે દહીંના આસુર-આવેશવાળા પાત્રને (વલોણાની ગોળીને) ફોડનાર પ્રભુને નમન.

ચૌર્યવિશઙ્કિતેક્ષણાય નમઃ ।।૫૯।।

સામાન્ય-દૃષ્ટિએ, પોતે ઘરમાં શિકામાં રહેલ માખણની ચોરી કરવાથી વિશેષ શંકાવાળાં નેત્રવાળા, છતાં વાસ્તવિક રીતે, પોતે ઈચ્છેલું સ્તન્ય પોતાને ન દેતાં, અટકાવી રાખતાં, માતા યશોદાજીની ચોરીથી વિશેષ શંકાવાળાં નેત્રવાળા પ્રભુને નમન.

ભક્તાધીનાય નમઃ ।।૬૦।।

પકડવા દોડતાં તથા બાંધવા મથતાં ભક્ત મા યશોદાજીના શ્રમને જોઈ કૃપાથી પોતે જ પકડાઈ જઈને વશ થનાર ભગવાનને નમન.

દામોદરાય નમઃ ।।૬૧।।

ખાંડણીઆ સાથે દોરડા રૂપ સ્વરૂપાત્મક બંધનથી ઉદરે બંધાએલા પ્રભુને વન્દન.

યમલાર્જુનભઞ્-જનાય નમઃ ।।૬૨।।

નારદજીનાં વચનથી વૃક્ષરૂપ થયેલા નલકૂબર અને મણિગ્રીવના ઉદ્ધાર માટે, સાદડનાં જોડકાં ઝાડને ભાંગનાર પ્રભુને નમન.

ભક્તવાક્યપરિપૂરકાય નમઃ ।।૬૩।।

નલકૂબર-મણિગ્રીવનો ઉદ્ધાર કરી ભક્ત નારદજીનાં વાક્યો પરિપૂર્ણ કરનાર પ્રભુને નમન.

ભક્તિદાત્રે નમઃ ।।૬૪।।

ફરીથી દોષ ન થાય તે માટે, નલકૂબર-મણિગ્રીવને ભક્તિ દેનારા પ્રભુને નમન.

સર્વેશ્વરાય નમઃ ।।૬૫।।

સામાન્ય રીતે, (અંતર્યામી રૂપે) સૌનું નિયન્ત્રાણ કરનાર અને સૌના પ્રેરનાર અને વિશેષતઃ ગોકુલમાં પોતાના સ્વરૂપથી સૌનાં પ્રેરનાર ઈશ્વરને નમન.

સર્વાય નમઃ ।।૬૬।।

પોતે જ સર્વરૂપ હોવાથી બંધનના દોરડા રૂપ પણ છે તેવા સર્વ રૂપવાળા પ્રભુને નમન.

નન્દમોચિતબન્ધનાય નમઃ ।।૬૭।।

શ્રીનન્દરાયજી દ્વારા છોડાવાએલા સ્વરૂપાત્મક બંધનવાળા પ્રભુને નમન.

ઉપનન્દપ્રિયાય નમઃ ।।૬૮।।

પ્રભુની પ્રેરણાથી મહાવનમાંથી વૃન્દાવનમાં જવાનો પ્રસ્તાવ મૂકનાર ઉપનન્દ ગોપને પ્રિય પ્રભુને નમન.

માતુરુત્સઙ્ગગતાય નમઃ ।।૬૯।।

મહાવનમાંથી વૃન્દાવનમાં જતાં, ગાડામાં બેઠેલાં મા યશોદાજીના ખોળામાં બિરાજેલા પ્રભુને નમન.

વૃન્દાવનક્રીડારતાય નમઃ ।।૭૦।।

વૃન્દાવનમાં પધારી લીલામાં નિમગ્ન થયેલા પ્રભુને નમન.

વત્સવાટચરાય નમઃ ।।૭૧।।

વ્રજની નજીકના માર્ગમાં - વત્સવાટમાં - વાછરડાં ચારતાં ફરતા વત્સપાલ પ્રભુને નમન.

વત્સાસુરહન્ત્રે નમઃ ॥૭૨॥

પોતાને ચરાવવાનાં વાછરડાંમાંથી દોષોને દૂર કરવા માટે તેમના દોષ રૂપે-વાછરડાંના દેખાવવાળા-વત્સાસુરને હણનાર ભગવાનને નમન.

બકવિદારણાય નમઃ ॥૭૩॥

ગોપબાલકોમાં રહેલા દંભ રૂપ - બગલાની આકૃતિ વાળા દોષાત્મક આસુર-ભાવને તેની લોભ અને અસત્ય રૂપ બે ચાંચ પકડી ચીરી નાખનાર ભગવાનને નમન.

વૃન્દાવનચારિણે નમઃ ॥૭૪॥

નિલાયન-સેતુબંધ મર્કટોત્પ્લવન-મંડૂકપ્લુતિ-વગેરે કુમાર-અવસ્થાની લીલાઓ વડે-પોતાના ચરણના સંબંધથી-વૃન્દાવનના દૈત્ય-સંબંધથી થયેલા દોષોને દૂર કરી, લીલાયોગ્ય બનાવી, બલભદ્રજીને તેનું સ્વરૂપ સમજાવી, દશરસ-સહિતની લીલાઓ કરતાં વૃન્દાવનમાં ફરતા પ્રભુને વંદન.

ધેનુકાસુરખણ્ડનાય નમઃ ॥૭૫॥

પોતાના ભક્તોની આધ્યાત્મિક-અવિદ્યાના પર્વ રૂપ, તાલવનમાં રહેતા ગર્દભના આકારવાળા, ધેનકાસુરરૂપ દેહાધ્યાસનો નાશ કરનાર પ્રભુને નમન.

ઉત્તાલતાલભેત્ત્રે નમઃ ॥૭૬॥

ધેનુકાસુર અને તેના જેવા તેના સાથીઓને મારી ઝાડ સાથે પછાડવાથી ઊંચા/ તાડનાં વૃક્ષોને ભાંગનાર પ્રભુને નમન.

સર્વપ્રાણિસુખસન્ચારકર્ત્રે નમઃ ॥૭૭॥

ધેનુકાસુરને મારી, તાલવનમાંથી તેનો ભય દૂર કરી, સર્વ પ્રાણીઓનો સુખપૂર્વક સંચાર કરનાર પ્રભુને નમન.

ગોકુલસુખવાસાય નમઃ ॥૭૮॥

સાયંકાલે વનમાંથી પાછા પધારી, ગોકુલમાં સુખપૂર્વક વાસ કરનાર પ્રભુને નમન.

ગોરજચ્છુરિતકુન્તલાય નમઃ ॥૭૯॥

વનમાં પોતે કરેલી ચાર પુરુષાર્થ રૂપ સઘળી લીલાઓનું વ્રજ-ભક્તોને જ્ઞાન કરાવતા, ધર્મ રૂપ-ગાયોની ખરીઓથી ઉડેલી, અર્થરૂપ-રજથી, કામરૂપ-છવાએલ, મોક્ષરૂપ-વાંકોડીઆવાળવાળા, ભગવાનને વન્દન.

વેણુવાદવિશારદાય નમઃ ॥૮૦॥

વેણુના નાદમાં વ્રજભક્તોના મનને વશ કરતાં, વિવિધ ગાન વાક્યો પ્રકટ કરવામાં કુશલ, ધર્મસહિતના રસાત્મક ભગવાનને વંદન.

વનકુસુમાવલીરચિતાકલ્પાય નમઃ ॥૮૧॥

વનનાં પુષ્પોની માલાઓથી ધારણ કરેલા, નટવેશના શૃંગાર વાળા, કેવલ રસરૂપ ભગવાનને વન્દન.

અનુગગીયમાનયશઃપુગ-જાય નમઃ ॥૮૨॥

પોતાની પાછળ આવતા ગોપબાલકો વડે ગવાતી, વનમાં કરેલી, લીલાઓના કીર્તિભંડાર રૂપ ભગવાનને નમન.

ગોપીતાપહારકાય નમઃ ॥૮૩॥

દિવસભરના ગોચારણમાંથી સાયંકાલે પાછા વ્રજમાં પધારી, શ્રીગોપીજનના દિવસભરના વિપ્રયોગના સંતાપને હરનાર પ્રભુને નમન.

ગોપીનયનારવિન્દાર્ચિતાય નમઃ ॥૮૪॥

ભગવાનના મુખકમલના રસનું પાન કરી, શ્રીગોપીજનના નેત્ર રૂપ ભ્રમરને સુખ મળ્યું છે, તેમ, શ્રીગોપીજનના નયન-કમલના દર્શનથી સુખ-સંતોષ મળતાં સત્કારાએલા પ્રભુને નમન.

લૌકિકલીલાપ્રદર્શકાય નમઃ ॥૮૫॥

વનમાંથી નન્દભવનમાં પધારતાં, મા યશોદાજીએ કરાવેલાં સ્નાન-ભોજન-શયન વગેરે સ્વીકારતા, પરંતુ વાસ્તવમાં સકલ વ્રજમાં પોઢતા, લૌકિક જેવી લીલા બતાવતા પ્રભુને નમન.

વિષમૂર્ચ્છિતગોગોપાલજીવનદૃષ્ટયે નમઃ ॥૮૬॥

કાલિયના ધરાનું ઝેરવાળું પાણી પીતાં, ઝેરથી મૂર્ચ્છા પામેલાં ગાય-ગોવાળને જીવન દેતી, અમૃત વર્ષાવતી, દૃષ્ટિવાળા પ્રભુને નમન.

ભક્તપરીક્ષકાય નમઃ ॥૮૭॥

પોતાના ભક્તોના ઈન્દ્રિયાધ્યાસને દૂર કરવા માટે, કાલિયનાગને યમુનાજીમાંથી દૂર કરી, નિર્વિષ જલ કરવા, કાલિયની સામે જઈ, તેના શરીરના બંધનમાં બંધાઈ, વ્રજજનોના પોતાનામાં થયેલા નિરોધની પરીક્ષા કરનાર પ્રભુને વન્દન.

કાલિયફણિમાણિક્યરઞ્જિતશ્રીપદામ્બુજાય નમઃ ॥૮૮॥

પોતાને માટે પ્રાણત્યાગ કરવા તૈયાર થયેલાં, વ્રજજનોને પોતાનામાં નિરોધવાળાં જોતાં, કાલિયના બંધનમાંથી છૂટી તેના માથે નૃત્ય કરતાં, કાલિયનાગની ફણાઓમાં રહેલાં લાલ રંગનાં માણેક-રત્નોથી રંગાએલ લાગતા, શોભાયમાન ચરણકમલવાળા ભગવાનને વંદન.

નાગપત્નીસમર્ચિતાય નમઃ ॥૮૯॥

નાગને દંડ થતાં, પ્રાણ રૂપ પતિને જીવતો પાછો મેળવવા માટે, કાલિય નાગની પત્નીઓ દ્વારા સ્તુતિપૂર્વક પૂજાએલા પ્રભુને નમન.

ભક્તાશ્રયજલસ્થલાવશોધકાય નમઃ ॥૯૦॥

યમુનાજીમાંથી કાલિયને તેના પરિજનો સાથે કાઢી મૂકી, ભક્તોને માટે ઉપયોગી જલ તથા સ્થલને લીલાયોગ્ય બનાવવા માટે શુદ્ધ કરનાર પ્રભુને નમન.

નાનાવિધક્રીડારતાય નમઃ ॥૯૧॥

લીલોપયોગી જલ - સ્થલ બનાવી, વ્રજમાં વસંત-ઋતુ જેવી લાગતી ગ્રીષ્માદિ-ઋતુઓમાં, લોકમાં પ્રસિદ્ધ અનેક પ્રકારની ક્રીડાઓમાં રત પ્રભુને નમન.

પ્રલમ્બઘાતકાય નમઃ ॥૯૨॥

વનમાં ચોર-પોલીસની રમત રમતાં, ગોવાળના વેશમાં આવી કપટથી રમતા, અંતઃકરણના અધ્યાસરૂપ પ્રલંબાસુરનો, પોતાના આવેશ રૂપ બલરામજી દ્વારા, ઘાત કરનારા પ્રભુને નમન.

દાવાગ્નિપતિતગોકુલરક્ષકાય નમઃ ॥૯૩॥

યમુનાજીના કિનારે કાલિયદમન પછી તથા મુંજાટવીમાં લાગેલ દાવાગ્નિમાં પડેલા ગોકુલના, પ્રાણાધ્યાસ તથા સ્વરૂપ વિસ્મૃતિ રૂપ, દોષોને દૂર કરી રક્ષા કરનાર પ્રભુને નમન.

અગ્નિમુખાય નમઃ ॥૯૪॥

પોતાના મુખમાં રહેલા કારણ રૂપ આધિદૈવિક-અગ્નિમાં, વનમાં લાગેલા કાર્યરૂપ-આધિભૌતિક-દાવાગ્નિનું પાન કરી, તેને સમાવી દઈ, શાન્ત કરનારા, અગ્નિ-યુક્ત મુખવાળા, પ્રભુને નમન.

સર્વર્તુક્રીડાવિલાસાય નમઃ ॥૯૫॥

વસન્તમાં સર્વ ઋતુઓ પ્રકટ થાય છે, - તેમ પોતે મધુપતિ હોવાથી, વસન્તાધિપતિ સરસ શૃંગારાત્મા, પોતાની સેવામાં સર્વ ઋતુઓ ધર્મ-સહિત પ્રકટ હોવાથી, સર્વ ઋતુઓમાં અને તદ્રૂપ શરદમાં લીલા-વિલાસવાળા પ્રભુને નમન.

ગોકુલચારુવિચિત્ર-ચરિત્રાય નમઃ ॥૯૬॥

ગોકુલમાં વ્રજજનોનાં મન હરનાર સુંદર, છતાં માત્ર વ્રજભક્તોને જ સ્વરૂપાનુભવ દેતા વિચિત્ર, વેણુકૂજન રૂપ ચરિત્રવાળા ભગવાનને વંદન.

ગોપિકાધૈર્યવિમોચક-વેણુનાદાય નમઃ ॥૯૭॥

વેણુકૂજન પછી વેણુ દ્વારા, ગીત ગાતાં શ્રીગોપીજનના ધૈર્યને છોડાવી વર્ણનમાં પ્રેરતાં, સ્મરોદય કરાવી વર્ણનમાં અશક્તિ દઈ, વિશેષ રીતે ધૈર્ય છોડાવતા, વેણુનાદ રૂપ ભગવાનને વન્દન.

ગોપિકાનયનપાનૈકપાત્રાય નમઃ ॥૯૮॥

શ્રીગોપીજનોનાં નયન અને સર્વેન્દ્રિયના રસપાનના એક માત્ર પાત્ર-સ્વરૂપ-ભૂત, મયૂરપિચ્છધારી, સંપૂર્ણ રસ રૂપ, રસમત્ત પ્રભુને નમન.

શ્રુતિરૂપગોપિકાવર્ણિતનિખિલગુણાય નમઃ ॥૯૯॥

વ્રજમાં સ્ત્રીરૂપે અવતરેલાં ઉપનિષદ્‌નાં વાક્યો-શ્રુતિઓ-રૂપ ગોપીજન દ્વારા વેણુગીતમાં વર્ણન કરાએલા સઘળા ગુણવાળા ભગવાનને વન્દન.

ગોપકન્યાવ્રતફલાય નમઃ ॥૧૦૦॥

બંગાળમાં અવતરી નન્દરાયજી દ્વારા વ્રજમાં આવેલા, પૂર્વે દણ્ડકારણ્યના મુનિઓ રૂપ, ઋષિરૂપા ગોપકુમારિકાઓના, હેમંત ઋતુના પહેલા માસમાં પોતાને મેળવવા કરેલા કાત્યાયની - અર્ચન - વ્રતના, ગૌણ ફલરૂપ ભગવાનને નમન.

જલક્રીડાસમાસક્તગોપીવસ્ત્રાપહારકાય નમઃ ॥૧૦૧॥

વ્રત દરમ્યાન, જલમાં વિહાર કરવામાં જ સુખ મળતાં, બાહ્યસંગને ભૂલી આસક્ત થઈ ગયેલાં, પોતાનામાં આસક્તિવાળા ગોપીજનનાં, વસ્ત્રોમાં આસુર-આવેશ ન થાય તે માટે, (વસ્ત્ર) હરનાર પ્રભુને વંદન.

મુક્તોપસર્પકાય નમઃ ॥૧૦૨॥

પૂતનાને મારી તેના ઉદરમાંથી પોતાનામાં સમાવેલાં પુંભાવ રૂપ ૧૬૦૦૦ બાલકો મુક્ત થયાં હતાં, તેમને પ્રકટ કરી-સાથે પાસમાં લાવી-વસ્ત્ર સાથે ગોપીજનમાં પધરાવનાર પ્રભુને નમન.

વૃન્દાવનબોધકાય નમઃ ॥૧૦૩॥

ગોપબાલકોને લીલાસંબંધી પદાર્થોનું જ્ઞાન કરાવવા માટે વૃન્દાવનનાં વૃક્ષાદિનું ભગવદીયપણું ઉપદેશથી જણાવનાર ભગવાનને વન્દન.

યજ્ઞભોક્ત્રે નમઃ ॥૧૦૪॥

ભૂખ્યાં ગોપબાલકોએ અન્ન માગતાં, પોતે કરેલી આજ્ઞાનુસાર બ્રાહ્મણો પાસેથી અન્ન ન મળતાં, તેમનાં સ્ત્રી દ્વારા મળતાં, ભક્ત-સ્ત્રીના સંગથી બ્રાહ્મણોને જેનું જ્ઞાન થયું તે, આધિદૈવિક યજ્ઞનાં ભોક્તા, સર્વયજ્ઞફલદાતા ભગવાનને વન્દન.

યજ્ઞભાગ્ભુજે નમઃ ॥૧૦૫॥

બ્રાહ્મણ-પત્ની હોવાથી, યજ્ઞ-સંબંધી અન્નમાં ભક્ત સ્ત્રીઓનો ભાગ હોવાથી, તે ભક્ત સ્ત્રીઓ લાવ્યાં હોવાથી, તેમના યજ્ઞના ભાગરૂપ અન્નનો ભોગ કરનાર ભગવાનને વન્દન.

ધર્મરક્ષકાય નમઃ ॥૧૦૬॥

યજ્ઞ-સંબંધી અન્નનો પોતે ભોગ કરતાં, આધિદૈવિક-સંબંધ થવાથી, યજ્ઞ રૂપ ધર્મ સિદ્ધ કરીને, ભગવદીયોના અન્નનું ભોજન કરી, ભક્તિ સિદ્ધ કરીને, ભક્તે લાવેલું ભોજન કરવાથી, "ભકત્યુપહૃતમશ્નામિ"- એ સ્વવાક્યની રક્ષા કરીને, ધર્મરક્ષણ કરનાર પ્રભુને નમન,

યજ્ઞપત્નીપ્રસાદકાય નમઃ ॥૧૦૭॥

પોતાને માટે ભક્તિપૂર્વક અન્ન લાવનાર, યજ્ઞ કરતા બ્રાહ્મણોની પત્નીઓ ઉપર યથાધિકાર કૃપા કરનાર પ્રભુને નમન.

સર્વાજ્ઞાનનિવારકાય નમઃ ॥૧૦૮॥

પોતાનાં ભક્ત સ્ત્રીઓને દર્શન દ્વારા, યજ્ઞ કરતા સર્વ બ્રાહ્મણોનું, પોતાના સંબંધી અજ્ઞાન દૂર કરનાર પ્રભુને નમન.

ઈતિ બાલચરિત્રસ્ય નામ્નામષ્ટોત્તરં શતમ્ ।
કૃષ્ણભક્તિહૃદાનન્દિ કીર્તનાદ્‌ભક્તિબોધકમ્ ॥

ઈતિ=આ પ્રકારે, કૃષ્ણભક્તિહૃદાનન્દિ=ભાવાત્મક સદાનન્દ મૂલરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણમાં ભક્તિ કરાવી હૃદયમાં આનંદ રૂપ, કીર્તનાદ્‌ભક્તિ-બોધકમ્=ગાન કરવાથી સ્નેહ પ્રકટ કરનારાં, બાલચરિત્રસ્ય=(શ્રીકૃષ્ણનાં) બાલલીલાનાં, નામ્નામષ્ટોત્તરં શતં=એકસો આઠ નામ(છે.)

નામાન્યથ પ્રવક્ષ્યામિ યૈઃ સંતુષ્યતિ કેશવઃ ।
વક્ષ્યામિ ભક્તહૃદયે પરમાનન્દદાયકમ્ ॥

અથ=હવે, યૈઃ=જે (નામ) વડે, કેશવઃ=બ્રહ્માજી અને મહાદેવજીને સુખ દેનાર (વાંકડીઆ કેશવાળા) શ્રીકૃષ્ણ, સંતુષ્યતિ=સંતોષ પામે છે. (પુષ્ટિભાવ પ્રકટ કરે છે), નામાનિ=(તેવાં) નામ, પ્રવક્ષ્યામિ=સ્વરૂપને સમજાવે તેવા પ્રયત્નપૂર્વક કહીશ, (અને) ભક્તહૃદયે=ભક્તના હૃદયમાં, પરમાનન્દદાયકં=પરમ આનંદને આપનાર (ભગવાન્ શ્રીકૃષ્ણ)ને, વક્ષ્યામિ=(ભક્તોને) પ્રાપ્ત કરાવીશ.

પ્રૌઢલીલાનાં નામ

અદ્‌ભુતબાલકાય નમઃ ॥૧॥

સ્વરૂપથી નાના લાગતા છતાં, અલૌકિક-ધર્મોથી સ્વભક્તોને માહાત્મ્યજ્ઞાન કરાવી પોતામાં આસક્તિ કરાવતા, લોકવેદ-પ્રસિદ્ધ, છતાં હમણાં જેવા પ્રકટ્યા છે તેવા. વર્ણન-સ્મરણ કર્યા વગર દર્શન કરવા યોગ્ય, અદ્‌ભુત બાલક રૂપ-(દેવકીજીમાં પ્રકટ થયેલા) ભગવાનને વંદન.

અમ્બુજેક્ષણાય નમઃ ॥૨॥

રસ પ્રકટ કરાવતાં, કમલ જેવાં લોચન રૂપ જ્ઞાનશક્તિવાળા રસાત્મક ભગવાનને વંદન.

ચતુર્ભુજાત્તચક્રાસિગદાશંખાદ્યુદાયુધાય નમઃ ॥૩॥

ક્રિયાશક્તિરૂપ ચાર ભુજાઓમાં ધારણ કરેલ ચક્ર, તલવાર, ગદા, શંખ વગેરે ઊંચાં કરેલાં આયુધોવાળા (મધુસુદન) ભગવાનને વન્દન.

શ્રીવત્સલક્ષ્મણે નમઃ ॥૪॥

સ્પર્શસુખને સ્પષ્ટ કરવા માટે તથા રસજ્ઞતા જણાવવા માટે સર્વાત્મા રૂપ પોતાના મુખ્યલક્ષણ-બ્રહ્મરૂપ-શ્રીવત્સ ચિહ્નવાળા ભગવાનને નમન.

કૌસ્તુભાભરણગ્રીવાય નમઃ ॥૫॥

જીવોના આધિદૈવિક-સ્વરૂપભૂત, લીલાસ્થ જીવોના વાસસ્થાન રૂપ, કૌસ્તુભમણિના-અલંકાર યુક્ત ડોકવાળા, (લીલારસપરવશ) ભગવાનને નમન.

પીતામ્બરધારિણે નમઃ ॥૬॥

મોહ કરી, રસ ઢાંકતું-માયા રૂપ-પીતામ્બર ધારણ કરનાર ભગવાનને નમન.

નીલમેઘશ્યામાય નમઃ ॥૭॥

સર્વને આનન્દ દેનાર શ્યામમેઘ જેવા શ્યામ(સુંદર) પ્રભુને નમન.

નાનાકલ્પવિરાજિતાય નમઃ ॥૮॥

જુદા જુદા પ્રકારનાં આભરણોને શોભાવનાર ભગવાનને નમન.

આત્મવિસ્માપકમાનુષવેશસૌન્દર્યનિધયે નમઃ ॥૯॥

પોતાને વિસ્મય કરાવનાર મનુષ્ય જેવા વેશ તથા સૌન્દર્યના ભણ્ડાર ભગવાનને નમન.

રમાલાલિતપાદપદ્માય નમઃ ॥૧૦॥

વ્રજમાં પધારી પુરુષોત્તમની જ સેવામાં સન્નિષ્ઠ રમા દ્વારા લાલન કરાએલ ચરણકમલવાળા પ્રભુને નમન.

ભક્તહિતોપદેશકાય નમઃ ॥૧૧॥

ભક્તો માટે પોતાના સિવાય અન્યનું ભજન નિષિદ્ધ હોવાથી, નન્દરાયજી વગેરેનો ઈન્દ્રયાગ કરવાનો ઉદ્યમ જોઈને, પોતાના ભક્તોનું હિત થાય તેવો ઉપદેશ કરનાર પ્રભુને નમન.

હવિર્મન્ત્રદેવતામૂલબોધકાય નમઃ ॥૧૨॥

નન્દરાયજીને ગાયોમાં હવિ, બ્રાહ્મણોમાં મન્ત્ર, દેવતારૂપે સ્વયં ગોવર્ધનજી રૂપ, હવિ-મન્ત્ર-દેવતાઓનાં મૂલભૂત સ્વરૂપો, વૈદિકગોસવ-યજ્ઞ કરવા માટે સમજાવનારા પ્રભુને નમન.

કૃતવેશમોહિતદેવપરીક્ષકાય નમઃ ॥૧૩॥

પોતે ધારણ કરેલા માનવવેશથી મોહિત થયેલા ઈન્દ્રદેવની, પોતે સાત દિવસ સુધી વ્રજરક્ષા કરીને, પરીક્ષા કરનાર પ્રભુને નમન.

એકદેશવૃષ્ટિવાયુદેવતાક્ષોભજનકાય નમઃ ॥૧૪॥

પોતાનો યજ્ઞભંગ થવાથી ગુસ્સે થયેલા ઈન્દ્રે, એકદેશ-વ્રજમાં મોકલેલા પ્રલય-સમયના મેઘ-વાયુ-દેવતાને ક્ષોભ ઉત્પન્ન કરનાર પ્રભુને નમન.

સર્વરૂપાય નમઃ ॥૧૫॥

કાલાત્મા ભગવાન્, ઈન્દ્રનું અભિમાન ઉતારવા માટે, ઈન્દ્રને વરસાદ વરસાવવાની તથા તે બંધ કરવાની પ્રેરણા કરનાર, સર્વ રૂપવાળા પ્રભુને નમન.

વેદમાર્ગરક્ષકાય નમઃ ॥૧૬॥

પાખંડધર્મને દૂર કરી વૈદિક-વૈષ્ણવધર્મ-માર્ગની રક્ષા કરનાર પ્રભુને નમન.

ભક્તિમાર્ગપ્રવર્તકાય નમઃ ॥૧૭॥

ભક્તોની આપત્તિ દૂર કરી, સ્વનિષ્ઠ બનાવી, શરણાગતિ રૂપ ભક્તિમાર્ગનું પ્રવર્તન કરનાર પ્રભુને નમન.

ગોવર્ધનોદ્ધરણધીરાય નમઃ ॥૧૮॥

ઈન્દ્રે વરસાવેલી આપત્તિ રૂપ વૃષ્ટિમાંથી, પોતાના સ્વરૂપબલથી ભક્તોની રક્ષા કરીને, માત્ર પોતાની લીલા માટે શ્રીગોવર્ધનપર્વતને ઉપાડવામાં ધીર ભગવાનને વન્દન.

સર્વજનીનમાહાત્મ્યબોધકાય નમઃ ॥૧૯॥

દેવ-મનુષ્ય વગેરે સર્વમાં પ્રસિદ્ધ પોતાના માહાત્મ્યનું જ્ઞાન કરાવનાર પ્રભુને નમન.

ભક્તવિસ્માપકાય નમઃ ॥૨૦॥

અધિકારીપણાથી મોહ પામેલા, ભક્ત ઈન્દ્રને પોતાના માહાત્મ્યનું જ્ઞાન કરાવી, તેનો ગર્વ ઉતારી, વૃષ્ટિ બંધ કરાવી, વિસ્મય પમાડનાર પ્રભુને નમન.

મોહનપ્રબોધોભયરક્ષકાદ્ભુતચરિત્રાય નમઃ ॥૨૧॥

ઈન્દ્રને ઈન્દ્રપદેથી દૂર ન કરતાં, તેનું માત્ર અભિમાન ઉતારી, મોહ અને માહાત્મ્યજ્ઞાન બંનેનું રક્ષણ કરતાં, બંને પોતે જ કરાવેલાં હોવાથી, અદ્ભુત-ચરિતવાળા પ્રભુને નમન.

લોકવેદોલ્લઙ્ઘનકરપ્રપન્નભક્તસર્વદુઃખનિવારકાય નમઃ ॥૨૨॥

લોક અને વેદની મર્યાદાઓનું ઉલ્લંઘન કરનાર, શરણાગત ભક્ત ઈન્દ્રનાં સર્વ દુઃખો દૂર કરનાર પ્રભુને નમન.

ઈન્દ્રસુરભીપ્રસાદકાય નમઃ ॥૨૩॥

સુરભીએ પ્રાર્થેલા અને સેવકધર્મથી ઈન્દ્રે (પોતાના ઉપર) કરેલા અભિષેકથી પ્રસન્નતા દર્શાવી બંને ઉપર કૃપા કરનાર ભગવાનને નમન.

ગોવિન્દાય નમઃ ॥૨૪॥

ઈન્દ્ર-સુરભીએ અભિષેક કરી, પોતાની સંમતિથી પ્રકટ કરેલા માહાત્મ્યદર્શક નામવાળા, ગોવિંદ ભગવાનને વન્દન.

અત્યન્તભક્તનિરોધકાય નમઃ ॥૨૫॥

અત્યન્ત-ભક્ત શ્રીનન્દરાયજીનું એકાદશી-વ્રત વગેરે અન્ય-ભજન છોડાવી પોતાનામાં નિરોધ કરનાર પ્રભુને નમન.

વરુણાદિદેવપ્રબોધકાય નમઃ ॥૨૬॥

શ્રીનન્દરાયજીને પાછા લાવવા વરુણલોકમાં જઈને, વરુણ વગેરે સર્વ સ્ત્રીપુરુષોને પોતાનું જ્ઞાન કરાવનાર પ્રભુને નમન.

વ્યાપિવૈકુણ્ઠપ્રદર્શકાય નમઃ ॥૨૭॥

વરુણલોકમાં ભગવાનનું માહાત્મ્ય જોઈને, ભગવાનનો લોક જોવાની ઈચ્છાવાળા ગોપજનોને, પરમકૃપા કરીને, વ્યાપિવૈકુણ્ઠ લોકને વ્રજમાં પ્રકટ કરીને દર્શન કરાવનાર પ્રભુને નમન.

વૈકુણ્ઠસ્થિત્યધિકભક્તગૃહસ્થિતિબોધકાય નમઃ ॥૨૮॥

ગોવાળોને વૈકુણ્ઠનાં દર્શન કરાવી, વૈકુણ્ઠનાથ પોતાના ઘરમાં છે - તેવું ભાન કરાવી, વ્રજમાં પરમાનંદનો અનુભવ થતો હોવાથી, વૈકુણ્ઠમાં

રહેવા કરતાં અધિક ઉત્તમ ભક્તોની પોતાના ઘરમાં સ્થિતિ છે, - તેવું જ્ઞાન કરાવનાર પ્રભુને વંદન.

મદનગોપાલાય નમઃ ॥૨૯॥

વ્રજવાસીઓને વૈકુણ્ઠમાં લયાવસ્થાનો અનુભવ કરાવી, વ્રજમાં સાક્ષાત્ અનુભવ દેતા, કોટિકન્દર્પ લાવણ્યવાળા ગોપાલક ભગવાનને નમન.

અનાદિબ્રહ્મચારિણે નમઃ ॥૩૦॥

લોકમાં તો બ્રહ્મચારીના ધર્મો આગંતુક છે, પણ વૈકુણ્ઠમાં સ્વયં વેદો ભગવાનનાં સ્તવન કરે છે. તે નંદાદિને બતાવી પોતાનું નિર્દોષપણાનું જ્ઞાન કરાવનાર, સૌના આદિ-રૂપ, અનાદિ બ્રહ્મરૂપે વ્યાપક તથા અનાદિ વેદમાં વ્યાપક-ગવાએલા પ્રભુને નમન.

કન્દર્પકોટિલાવણ્યાય નમઃ ॥૩૧॥

શ્રીગોપીજનોને સ્વરૂપાનન્દરૂપ ફલદાન કરવા માટે પ્રકટ કરેલ, કરોડો કામદેવથી પણ અધિક સૌન્દર્યવાળા ષડ્ગુણૈશ્વર્ય-સમ્પન્ન ભગવાનને વન્દન.

સર્વોપનિષત્તાત્પર્યગોચરાય નમઃ ॥૩૨॥

"રસો વૈ સઃ" - શબ્દોથી નિરૂપણ કરાએલા, રસાત્મક, કોટિકન્દર્પલાવણ્ય રૂપ, સઘળાં ઉપનિષદોના સારના વિષયરૂપ ભગવાનને વન્દન.

ગોપિકારમણાય નમઃ ॥૩૩॥

શરદની અલૌકિક રાત્રીઓ જોતાં, પોતાના સમસ્ત બ્રહ્મધર્મોને ગૌણ કરી દઈ, રસનાયકપણાથી રમણેચ્છા કરનાર, શ્રીગોપીજનના રમણ ભગવાનને નમન.

સકલયોગાધિપતયે નમઃ ॥૩૪॥

વ્રજભક્તોને સ્વરૂપાનન્દનું દાન કરવામાં વિલંબને ન સહી શકતાં, યોગમાયાને લીલોપયોગી સર્વસામગ્રી સિદ્ધ કરવા માટે પોતાની પાસે રાખનાર, સકલ યોગના અધિષ્ઠાતા ભગવાનને વંદન.

અલૌકિકપૂર્ણકામજનકાય નમઃ ॥૩૫॥

રાસલીલામાં ઉપયોગી સર્વ સામગ્રી નવીન પ્રકટ કરતાં, સ્વરૂપાત્મક અલૌકિક પૂર્ણ-કામને, નિજભક્તોમાં વેણુનાદ દ્વારા ઉત્પન્ન કરનાર ભગવાનને વન્દન.

આશાપૂરકસત્યાત્મકામદીપકાય નમઃ ॥૩૬॥

રાસના ચન્દ્રરૂપે ગતિશક્તિરૂપ ચર્ષણીઓની તથા વ્રજભક્તોની સ્વરૂપાનન્દની આશા પૂર્ણ કરનાર, લૌકિક-ચન્દ્રથી જુદા સાચા રૂપવાળા, આથમ્યા વગર-મધ્યાકાશ સુધી ગતિ કરતાં નિષ્કલંક, સ્વરૂપાત્મક, અલૌકિક-કામ વધારનાર, ઉદ્દીપન-વિભાવરૂપ ભગવાનને નમન.

શૃંગારવિભાવાદિયુક્તાય નમઃ ॥૩૭॥

મુખ્ય શૃંગારરસના ઉદ્દીપન-વિભાવો રૂપ શરદની રાત્રીઓ, પ્રફુલ્લ મલ્લિકાનાં પુષ્પો, ચન્દ્ર વગેરે તથા વેણુના અવ્યક્ત મધુર કૂજનથી પધારેલાં શ્રીગોપીજન રૂપ આલંબન-વિભાવ યુક્ત, ધર્મ-સહિતના રસરૂપ પ્રભુને નમન.

સત્યવાચે નમઃ ॥૩૮॥

કાત્યાયની-વ્રત-સમયે આપેલા રમણના વરદાનને સત્ય કરવા માટે, શ્રીકૃમારિકાજીઓને વેણુનાદ દ્વારા રાસમાં બોલાવનાર, સત્યવાણીવાળા ભગવાનને નમન.

કામોન્મત્તગોપાઙ્ગનામુક્તિદાત્રે નમઃ ॥૩૯॥

પોતાનું અનંગવર્ધન, વેણુનું-ગીત સાંભળતાં, ઉત્પન્ન થયેલા કામથી દેહ-પ્રાણ-ઈન્દ્રિય-અન્તઃકરણ-મન-વગેરે હરાઈ જવાથી દેહાદિના ભાન વગરનાં ઉન્મત્ત ગોપીજનના આત્મામાં પોતાના આત્મા વડે આનંદનું પૂરણ કરી રસ રૂપ મુક્તિ આપનાર પ્રભુને નમન.

મુક્ત્યધિકફલગોપીમનોમોહકાય નમઃ ॥૪૦॥

સ્વરૂપાનન્દમાં શ્રીગોપીજનના અધિકારની પરીક્ષા માટે તથા શબ્દપરાયણ થઈને આવેલાંનું શબ્દ દ્વારા દોષનિરાકરણ કરવા માટે, મુક્તિથી અધિક ફલરૂપ સાક્ષાત્સ્વરૂપ-સંબંધમાં આસક્ત શ્રીગોપીજનનાં મનને, સુંદર વાણીથી સ્વાગત કરી, - સ્ત્રીધર્મ સમજાવી ઘેર પાછા જવાનો ઉપદેશ દઈ, મોહ કરનાર પ્રભુને નમન.

લોકવેદસર્વધર્મપરિત્યક્તગોપીસેવિતચરણારવિન્દાય નમઃ ॥૪૧॥

લોક તથા વેદ-સંબંધી સર્વધર્મોનો પરિત્યાગ કરી પોતાની પાસે આવેલાં, મોહ કરનારાં વાક્યોનો પ્રતિવાદ કરી પોતાનું દાસીપણું સિદ્ધ કરી ચૂકેલાં. શ્રીગોપીજન દ્વારા સેવાએલા ચરણકમલવાળા પ્રભુને નમન.

ભક્તપ્રતિબંધનિવારકાય નમઃ ॥૪૨॥

મુગ્ધતાને કારણે ઘરમાંથી નીકળી પોતાની પાસે આવવાનો માર્ગ ન મેળવી શકેલાં, ભક્ત-અન્તર્ગૃહગતા ગોપીજનના-જીવનો રાસમાં સ્વીકાર કરી, દેહમાં નવા જીવ મૂકી, ફલપ્રાપ્તિમાં થયેલા પ્રતિબંધને દૂર કરનાર પ્રભુને નમન.

અલબ્ધરાસગોપીસદ્યોમુક્તિપ્રદાયકાય નમઃ ॥૪૩॥

રાસ પ્રાપ્ત ન કરી શકનાર અંતર્ગૃહગતા ગોપીજને, અત્યંત વિરહભાવથી પોતાનું, ધ્યાન માત્ર કરવાથી તેમનાં પાપ-પુણ્ય-નિવૃત્ત કરી દઈ, સદ્યોમુક્તિપૂર્વક અલૌકિક-દેહ દઈ, રાસસુખ દેનાર પ્રભુને નમન.

પરીક્ષિતગોપવધૂસેવિતચરણાય નમઃ ॥૪૪॥

પરીક્ષા કરાએલાં તથા પ્રેમપૂર્વક કટાક્ષાદિ વડે નિહાળાએલાં શ્રીગોપીજન દ્વારા સેવા કરાએલાં ચરણવાળા ભગવાનને નમન.

નિજજનસ્મયધ્વંસનસ્મિતાય નમઃ ॥૪૫॥

લઘુરાસમાં શ્રીગોપીજનને અત્યંત સુખ દઈ, તેમના નિરૂપધિ સ્નેહને ગુપ્ત કરી દઈ, સ્નેહને કામની ઉપાધિવાળા સ્વરૂપે પ્રકટ કરી, ખંડિતા વગેરે ભાવ શ્રીગોપીજનમાં પ્રકટ કરી, પૂર્ણ રસોપભોગ માટે, તેમને માન તથા મદનું દાન કરી, તેના પ્રશમન અને વિપ્રયોગાનુભવ રૂપ પ્રસાદ માટે, લોકરીતિનો અંગીકાર કરી, પહેલાંના પોતાના ઉદાર હાસ્યનો સંકોચ કરી, નિજજનોના માનનો નાશ કરનાર મંદ હાસ્યવાળા ભગવાનને વન્દન.

કાયિકતિરોભાવિતગોપીપુઞ્-જાય નમઃ ॥૪૬॥

શ્રીગોપીજનમાં પોતે મૂકેલા લૌકિક-સ્નેહને મંદ-સ્મિતથી નિવૃત્ત કરી, અંદર રહેલા મદ-માનને દૂર કરવા માટે, પોતાના શારીરિક તિરોભાવ-સ્વરૂપના અનુભવથી રહિતપણા-થી યુક્ત જેણે ગોપીજન સમુદાયને કર્યો તેવા પ્રભુને નમન.

રાધાસહચરાય નમઃ ॥૪૭॥

જેને મદ-માન થયાં ન હતાં તેવાં, એક મુગ્ધ-નિર્દોષ-ગોપીજન, જે કુમારિકાઓમાં મુખ્ય છે તે, રાધા-સહચરીજીના સહચર ભગવાનને વન્દન.

વિરહવ્યાકુલગોપાઙ્ગનાન્વેષિતમાર્ગાય નમઃ ॥૪૮॥

પોતે તિરોહિત થતાં, પૂર્વના લૌકિક-સ્નેહને દૂર કરી, અંદર રહેલા અલૌકિક-સ્નેહને કારણે, અંતઃકરણમાં તાપ ઉત્પન્ન થતાં, વિરહથી વ્યાકુલ થયેલાં શ્રીગોપીજન વડે જેનો માર્ગ શોધાય છે તેવા પ્રભુને નમન.

જ્ઞાનતુલ્યભક્તભ્રાન્તિજનકાય નમઃ ॥૪૯॥

પોતે એકાકી પધરાવી ગયેલાં રાધાસહચરીજીને પોતાની ઉત્તમતાનું મદ્ કરાવતું જ્ઞાન થતાં, બીજાં વ્રજભક્તોની સમાન મદ-માનવાળાં થયેલાં આ વ્રજભક્તને, ખભે બેસવાનું કહીને, ભ્રાન્તિ ઉત્પન્ન કરનાર પ્રભુને નમન.

નિકટસ્થિતિબોધકાય નમઃ ॥૫૦॥

પ્રભુ પોતાની પાસેથી તિરોહિત થતાં વિરહથી મૂર્ચ્છિત, રાધા સહચરીજીને પોતાના કરકમલથી પકડીને-નિકટસ્થિતિનું ભાન કરાવતા તથા વિરહથી મૂર્છિત થયેલાં, પોતાને શોધતાં-ત્યાં એકઠાં થયેલાં, વ્રજભક્તોના પ્રાણની રક્ષા માટે, તેમના દોષનું જ્ઞાન કરાવી, પોતાની નિકટમાં સ્થિતિનું જ્ઞાન કરાવનાર પ્રભુને નમન.

ગોપીવર્ણિતનિખિલગુણાય નમઃ ॥૫૧॥

પોતાના માન-મદ રૂપ દોષની નિવૃત્તિ માટે ભગવાનનું ગુણગાન જ સાધનરૂપ છે,- તેમ સમજી ગોપીગીતમાં શ્રીગોપીજન વડે વર્ણન કરાએલા સકલ ગુણવાળા ભગવાનને વન્દન.

ભક્તશુદ્ધિવિલંબનાય નમઃ ॥૫૨॥

અનેક પ્રકારે પ્રલાપ કરતાં, ગુણગાન કરતાં, મૂર્છાવસ્થામાં લીલામાં પ્રવેશ કરતાં અને સ્વરૂપસ્થિતિમાં ગુણગાન કરતાં ભક્ત શ્રીગોપીજનની શુદ્ધિમાં, નિઃસાધનતા દેવા માટે, વિલંબ કરતાં પ્રભુને નમન.

દીનકૃપાપ્રકટિતરૂપાય નમઃ ॥૫૩॥

ગુણગાન રૂપ સાધનથી પોતાના પ્રિયનું દર્શન ન થતાં, રડતાં, દીન બનેલા વ્રજભક્તો ઉપર કૃપાથી પોતાનું રૂપ પ્રકટ કરનાર પ્રભુને નમન.

સર્વમનોનયનાહ્લાદકાય નમઃ ॥૫૪॥

સાક્ષાન્મન્મથમન્મથ-સ્વરૂપથી પોતે પ્રકટ થઈને, સર્વ ગોપીજનનાં મન અને નેત્રને (જ્ઞાન અને કર્મની સર્વ ઈન્દ્રિયોને અંદર અને બહાર) આનંદ દેનાર પ્રભુને નમન.

ગોપિકાવાક્યવિચારકાય નમઃ ॥૫૫॥

ગોપીપરિષદ્‌માં શ્રીગોપીજને પૂછેલા ભજન-સંબંધી વાક્યોનો વિચાર કરી પ્રત્યુત્તર દેનાર પ્રભુને નમન.

સ્વધર્મનિર્ધારકાય નમઃ ॥૫૬॥

શ્રીગોપીજનના પ્રશ્નનો પ્રત્યુત્તર દેતાં, પહેલાં જીવધર્મો કહીને પછી, પોતાના ધર્મનો નિર્ણય કરનાર પ્રભુને નમન.

સર્વરસાભિજ્ઞાય નમઃ ॥૫૭॥

શ્રીગોપીજનમાં રસાધિક્યથી પોતાના પ્રભાવનું પ્રાકટ્ય કરી ભક્તોનું પરોક્ષ-ભજન કરતા, પૂર્વમાં કાયિક-માનસિક-રસનો અનુભવ દઈ, પ્રશ્નોત્તર દ્વારા વાચનિક-રસનો અનુભવ દેતા, રસસમૂહરૂપ રાસક્રીડાનો આરંભ કરતા, સર્વરસોને સંપૂર્ણ રીતે જાણનાર પ્રભુને નમન.

રાસમણ્ડલાનેકરૂપાય નમઃ ॥૫૮॥

બે બે ગોપીજનની મધ્યમાં પોતે પધારી, રાસમંડલમાં અનેક રૂપવાળા થયેલા પ્રભુને નમન.

ઉદ્દીપ્તકામરસપૂરકાય નમઃ ॥૫૯॥

મહારાસમાં નૃત્યાદિ દ્વારા પૂર્ણરસ ઉછળતાં શ્રીગોપીજનમાં ઉદ્દીપ્ત થયેલા કામ-રસને, પોતાની અનેક ક્રીડાઓ દ્વારા તથા શ્રીગોપીજન જેટલાં હતાં તેટલાં રૂપ ધારણ કરીને, પૂરનાર પ્રભુને નમન.

અતિક્રાન્તમર્યાદાય નમઃ ॥૬૦॥

અત્યંત રસમગ્નતામાં સઘળા શાસ્ત્રક્રમનું ઉલ્લંઘન જેણે કર્યું છે તે પ્રભુને નમન.

ભક્તદૈન્યનિવારકાય નમઃ ॥૬૧॥

ભક્ત શ્રીગોપીજનને સંપૂર્ણ રસ પ્રાપ્ત થતાં, તેમનામાં આવેલ દીનતા રૂપ શ્રમાદિનું ઉદાર કરુણાપૂર્વક મુખ પર શ્રીહસ્ત પ્રસારીને નિવારણ કરનાર પ્રભુને નમન.

યમુનાકીર્તિજનકાય નમઃ ॥૬૨॥

રાસમાં પરિશ્રમિત થયેલાં વ્રજભક્તોના પરિશ્રમને દૂર કરવા તેમની સાથે મુક્તપણે જલવિહારો કરી, સ્મરશ્રમજલ-બિંદુઓ દ્વારા શ્રીયમુનાજીની વિશિષ્ટ કીર્તિને પ્રકટ કરનાર પ્રભુને નમન.

સુદર્શનમોચકાય નમઃ ॥૬૩॥

શ્રીનન્દરાયજીએ મહાદેવનું પૂજન કરતાં, અન્યભજનનો દોષ લાગતાં, તેમને સાપે પકડતાં, સર્પને પોતાના ચરણનો સ્પર્શ કરાવી, નન્દજીને છોડાવી, સાપ થયેલા સુદર્શન-ગંધર્વને મુક્ત કરનાર પ્રભુને નમન.

બલદેવાભીષ્ટદાત્રે નમઃ ॥૬૪॥

પુષ્ટિમર્યાદા-ભક્તોના નિરોધ માટે, રાસલીલા કરતાં શ્રીબલરામજીને સાથે રાખી, શ્રીબલદેવજીને તેમનું ઈચ્છેલું સુખ દેનાર પ્રભુને નમન.

શંખચૂડઘાતકાય નમઃ ॥૬૫॥

પ્રવૃત્તિરૂપ નામલીલામાંની સદોષતા દૂર કરવા માટે, શ્રીબલરામજીની સન્નિધિમાં થતા રાસમાંથી, શ્રીગોપીજનનું હરણ કરતા શંખચૂડનો નાશ કરનાર પ્રભુને નમન.

ગોપીક્લેશનાશકગુણાર્ણવાય નમઃ ॥૬૬॥

નિવૃત્તિરૂપ નામલીલા પ્રકટ કરતાં, પોતે વનમાં પધારતાં, અનુદ્રુત ચિત્તવાળાં વિરહાતુર શ્રીગોપીજનના ક્લેશનો નાશ કરનાર ગુણોના સમુદ્ર રૂપ ભગવાનને વન્દન.

સ્વસમાનગુણાય નમઃ ॥૬૭॥

પોતાના સ્વરૂપથી બાહ્યરમણ અને ગુણોથી આન્તરરમણ દઈ, આંતરરમણની પરમ ફલરૂપતા હોવાથી, પોતાના સ્વરૂપની સમાન રમણરૂપ ગુણોવાળા ભગવાનને નમન.

સર્વવશીકરણદ્વાદશવિધચરિત્રાય નમઃ ॥૬૮॥

પોતાના અગાધ અને અનંત ગુણો દ્વારા, દેવ-સ્ત્રી વગેરે સર્વને વશ કરનાર, એક દિવસનાં બાર મુહૂર્તો હોવાથી, બાર શ્લોકનાં યુગલથી, યુગલગીતમાં ગવાએલાં બાર પ્રકારનાં ચરિત્રવાળા ભગવાનને વન્દન.

વૃષભાસુરવિધ્વંસિને નમઃ ॥૬૯॥

લૌકિક-વૈદિક-ધર્મોના ત્યાગપૂર્વક, પોતાનામાં જ પરાયણ વ્રજમાં, નિવૃત્તિરૂપ ભજનમાર્ગ પ્રકટ કર્યા પછી, રજોરૂપલીલા માટે પ્રવૃત્તિ રૂપ કર્મમાર્ગ પ્રકટ કરતાં, તેમાં પ્રતિબંધરૂપ, પાપાત્મા, બળદની આકૃતિવાળા, અરિષ્ટાસુરનો નાશ કરનાર પ્રભુને નમન.

નારદાદિબોધિતાક્લિષ્ટકર્મણે નમઃ ॥૭૦॥

કર્મમાર્ગ અને ભક્તિમાર્ગ રૂપ નારદજીએ, પૂર્વવૃત્તાંત કંસ પાસે પ્રગટ કરીને, પહેલેથી જણાવેલ (વર્ણન કરેલ) અક્લિષ્ટ કર્મવાળા ભગવાનને નમન.

દુષ્ટદુર્બુદ્ધિનાશહેતવે નમઃ ॥૭૧॥

નારદજીના મુખેથી પૂર્વકથા સાંભળતાં, વસુદેવજીને મારવા તૈયાર થયેલા કાલનેમિ નામના અસુરના આવેશવાળા, દુષ્ટ કંસની વસુદેવજીને મારવાની દુર્બુદ્ધિનો, નારદજીએ સમજાવતાં, નાશ થવામાં કારણરૂપ પ્રભુને નમન.

શિષ્ટજ્ઞાનદીપકાય નમઃ ॥૭૨॥

કંસને, વસુદેવજી વગેરેને મારવા સિવાયનું અવશિષ્ટ-બીજું બંધન કરવાનું-જ્ઞાન, તથા કેશીને વ્રજમાં મોકલવાનું, ચાણૂરમુષ્ટિકાદિને તૈયાર કરવાનું, ધનુર્યાગની તૈયારીનું, તે બહાને અક્રૂરજીને વ્રજમાં મોકલવાનું, વગેરે જ્ઞાન પ્રકાશિત કરનાર પ્રભુને નમન.

કેશ્યાદિમહાદુષ્ટનિબર્હણાય નમઃ ॥૭૩॥

સ્વચ્છન્દચારી દૈત્યોને માર્યા પછી, કંસની આજ્ઞાથી વ્રજમાં ઘોડાના રૂપે આવનાર, કેશી દાનવ તથા બીજા મહાદુષ્ટોને મારનાર પ્રભુને નમન.

નારદાદિવન્દિતચરણાય નમઃ ॥૭૪॥

દેવકાર્ય જલદી થાય માટે, વસુદેવજીને કેદમાં પૂરવાની કંસને સલાહ આપ્યાના અપરાધથી, વ્રજમાં આવી ક્ષમા માગીને સ્તુતિ કરતા, દેવર્ષિ નારદજીથી પહેલાં વન્દન કરાએલા ચરણવાળા પ્રભુને નમન.

વ્યોમાદિદુષ્ટપીડિતગોપગોપીરક્ષકાય નમઃ ॥૭૫॥

ગોવાળના વેશમાં આવેલા, મય-દાનવના પુત્ર વ્યોમાસુરે, (કૃષ્ણના) પોતાના સિવાય વનમાં ગાયો ચરાવવા ગયેલા ગોવાળીઆઓને, પહેલાં માયાથી મોહ કરી-દૂષિત બનાવી, ગુફામાં પૂરી દઈને પીડેલા ગોવાળો તથા તેમની માતા-ગોપીજનની રક્ષા કરનાર પ્રભુને નમન.

સદ્‌ભક્તિહેતવે નમઃ ॥૭૬॥

શ્રીગોકુલમાં ફલાત્મક માનસી-સેવારૂપ સદ્‌ભક્તિના સ્થાપનમાં તથા સાત્ત્વિક અક્રૂરજીમાં ભક્તિના કારણરૂપ ભગવાનને નમન.

અક્રૂરાદિભક્તમનોરથપરિપૂરકાય નમઃ ॥૭૭॥

કંસાદિ-અસુરોના સંસર્ગથી તિરોહિત થઈ ગયેલી ભક્તિવાળા અક્રૂરજીના, પહેલેથી ભક્ત જેવા જે મનોરથો હતા તે, મનોરથો સ્વીકારતાં, આધિદૈવિક-અક્રૂરજીને પોતાનામાં સમાવી દઈ, પરિપૂર્ણ કરનાર પ્રભુને નમન.

નન્દાદિગોપમથુરાગમનોત્સવહેતવે નમઃ ॥૭૮॥

અક્રૂરજીના મુખથી ધનુર્યાગના સમાચાર સાંભળતાં, નંદરાયજી વગેરે ગોપોને મથુરા જવામાં ઉત્સાહરૂપ ઉત્સવમાં તેમની બુદ્ધિ પ્રેરનાર, હેતુરૂપ ભગવાનને નમન.

ભક્તદુઃખમૂલોચ્છેદકાય નમઃ ॥૭૯॥

મા-બાપ વગેરે ભક્તોનાં દુઃખોના મૂલરૂપ કંસનો નાશ કરનાર કાલાત્મા ભગવાનને નમન.

ગોપિકાસ્નઃકાર્પણ્યશીલહેતવે નમઃ ॥૮૦॥

પ્રિયતમરૂપે પોતે હૃદયમાં રહી, પ્રકટ દર્શન દેતા વ્યૂહાત્મક પુરુષોત્તમરૂપે મથુરા પધારતાં, રાત-દિવસ થનારા વિયોગના ભયથી, શ્રીગોપીજનનાં મનમાં અંતિમ-અવસ્થા-સૂચક પરમ દૈન્યવાળો સ્વભાવ પ્રકટ થવામાં કારણરૂપ ભગવાનને નમન.

ગોપિકાવિરહનાશકવાક્યપુગ-જાય નમઃ ॥૮૧॥

વિરહથી અત્યંત સંતપ્ત શ્રીગોપીજનના વિરહને દૂર કરનાર, પોતાના દૂત દ્વારા પધારવાના સંદેશરૂપ વાક્યસમૂહ (કહેનાર) રૂપ ભગવાનને નમન.

ભક્તસંશયછેદકાય નમઃ ॥૮૨॥

શ્રીયમુનાજીના જલમાં સ્નાન કરતા, ભક્ત અક્રૂરજીના લૌકિકભાવરૂપ સંશયને, જલમાં અલૌકિક રીતે પોતાનાં દર્શન કરાવીને છેદનાર પ્રભુને નમન.

વ્યાપિવૈકુણ્ઠવાસિને નમઃ ॥૮૩॥

માયાને દૂર કરીને, જલમાં અક્રૂરજીને પોતાના સ્વરૂપસહિત વ્યાપિવૈકુણ્ઠલોકનું દર્શન કરાવનાર, વ્યાપિવૈકુણ્ઠમાં વસનાર પ્રભુને નમન.

અક્રૂરાદિભક્તસ્તુતાનન્તગુણાય નમઃ ॥૮૪॥

જલમાં અલૌકિક-દર્શન થતાં, અક્રૂરજી વગેરે ભક્તો દ્વારા સ્તુતિ કરાએલા અનન્ત ગુણોવાળા ભગવાનને વન્દન.

સત્યપ્રતિજ્ઞાય નમઃ ॥૮૫॥

અક્રૂરજીને કંસે મોકલેલા હોવા છતાં, તેમણે માર્ગમાં ભક્તિપૂર્વકના મનોરથ કરતાં, શરણાગતિ કરી હોવાથી, તેમને પોતાની શરણાગત-પરિપાલનરૂપ પ્રતિજ્ઞાના પાલન માટે જલમાં અલૌકિક-દર્શન દેનાર, સત્ય-પ્રતિજ્ઞાવાળા પ્રભુને નમન.

સ્વગુણપ્રતિબોધકાય નમઃ ॥૮૬॥

અક્રૂરજીને સ્વમાહાત્મ્યજ્ઞાન કરાવી, તેમની મથુરામાં પ્રવેશ કરવા માટેની પ્રાર્થનાના છ ગુણરૂપ શ્લોકોથી, પોતાના ગુણનો પ્રતિબોધ કરાવનાર પ્રભુને નમન.

મથુરાદર્શનોત્સુકાય નમઃ ॥૮૭॥

અક્રૂરજીને મથુરામાં મોકલ્યા પછી, મથુરા-દર્શનમાં ઉત્સુક પ્રભુને નમન.

સ્વાધારવૈકુણ્ઠસ્થાપકાય નમઃ ॥૮૮॥

કંસાદિના વાસથી દોષવાળી મથુરાનગરીમાં પ્રવેશ કરતાં, તેના દોષ દૂર કરવા માટે, પોતાના આધ્યાત્મિક-અલૌકિક-ધર્મો પ્રકટ કરી, શેષરૂપ બલરામજીને સાથે રાખી, પોતાના આધાર-વાસ-સ્થાન-રૂપ વૈકુણ્ઠનું મથુરામાં સ્થાપન કરનાર પ્રભુને નમન.

પૌરપુરન્ધ્રીપુણ્યજનકાય નમઃ ॥૮૯॥

મથુરા-નગરમાં વસનાર પતિવ્રતા સ્ત્રીજનોને પોતાના સ્વરૂપનું દર્શન કરાવી, તેના આનન્દનો અનુભવ કરાવવા માટે, અલૌકિક પુણ્ય રૂપ ભાગ્ય ઉત્પન્ન કરનાર પ્રભુને નમન.

રજકાદિદુષ્ટનાશકાય નમઃ ॥૯૦॥

પોતાની અવજ્ઞા કરી વસ્ત્ર ન આપનાર, વસ્ત્ર રંગનાર-ધોબી-વગેરે દુષ્ટોનો નાશ કરી, બીજાના આંતર-દોષોનો પણ નાશ કરનાર પ્રભુને નમન.

વસ્ત્રાદ્યનેકાકલ્પભૂષિતરૂપાય નમઃ ॥૯૧॥

રજકને મારીને લીધેલાં વસ્ત્રોમાંથી, સુંદર પહેરવા યોગ્ય વસ્ત્રો બનાવવામાં ચતુર દરજીએ-વાયકે-સીવેલાં વસ્ત્ર વગેરે અનેક શૃંગારથી સુશોભિત સ્વરૂપવાળા પ્રભુને નમન.

વાયકસુદામભક્તાલંકૃતાય નમઃ ॥૯૨॥

દર્શન-માત્રથી આંતરદોષ વગરના થઈ ગયેલા દરજીએ સીવી આપેલાં વસ્ત્ર તથા ભક્ત સુદામા માળીએ બનાવી આપેલી પુષ્પમાલાઓથી અલંકૃત પ્રભુને નમન.

અત્યુદારાય નમઃ ॥૯૩॥

દરજી તથા માળીની અલ્પસેવાથી પ્રસન્ન થઈ-તેમને ઈચ્છેલું અલૌકિક વરદાન દેનાર અતિ-ઉદાર પ્રભુને નમન.

કુબ્જાનુલેપાલંકૃતાય નમઃ ॥૯૪॥

રાજમાર્ગે જતાં મળેલી ત્રિવક્રા નામની કુબ્જ (વાયુના વિકારથી નીકળેલી ખૂંધવાળી) સ્ત્રીના અનુલેપથી અલંકૃત પ્રભુને નમન.

કુબ્જાદિભક્તસહજદોષદૂરીકરણાય નમઃ ॥૯૫॥

કુબ્જા વગેરે ભક્તોના સહજ (ખૂંધ) કુબ્જ તથા શરીરે ત્રણ સ્થળે વક્રપણું વગેરે દોષોને (ગુણોના સંપાદનપૂર્વક) દૂર કરનાર પ્રભુને નમન.

સ્વલીલૌપયિકરૂપાભિવ્યંજકાય નમઃ ॥૯૬॥

પોતાની લીલામાં ઉપયોગી, લક્ષ્મી સમાન ભાગ્ય રૂપ, અલૌકિક રૂપ કુબ્જામાં પ્રકટ કરનાર પ્રભુને નમન.

મથુરામહોત્સવાય નમઃ ॥૯૭॥

કુબ્જાને વરદાન દઈ, રાજમાર્ગે જતાં, પોતાના સ્વરૂપનાં દર્શનથી, મથુરા-નગરીમાં અલૌકિક ઉત્સવ દેનાર મહોત્સવ રૂપ પ્રભુને નમન.

દૈત્યધર્મનિવારકાય નમઃ ॥૯૮॥

મથુરા પૂર્વે મધુપુરી-મધુ નામના રાક્ષસની નગરી-હોવાથી અને પોતાના નગર-પ્રવેશ-સમયે દૈત્યાક્રાન્ત (દૈત્યપીડિત) હોવાથી, તેમાં વસનારનાં દેહ-ઈન્દ્રિયાદિમાં આવેશ પામેલા, દૈત્યધર્મોને પોતાના સ્વરૂપથી-પ્રવેશ માત્રથી-દૂર કરનાર પ્રભુને નમન.

ધનુર્ભઙ્ગબોધિતકાલાય નમઃ ॥૯૯॥

મથુરામાંના બાહ્યદોષોને દૂર કરવા માટે, સર્વ જગતમાં વ્યાપક, ધનુષ્યભંગના અવાજથી કંસને તેના અંતકાલનું ભાન કરાવનાર પ્રભુને નમન.

અતિસામર્થ્યબોધિતાક્લિષ્ટકર્મચરિત્રાય નમઃ ॥૧૦૦॥

પોતે તોડેલા ધનુષ્યના ટુકડા-માત્રથી, કંસે મોકલેલી શસ્ત્ર-સજ્જ સેના તથા ધનુષ્યના રક્ષકોને મારી, અતિશય સામર્થ્ય પ્રકટ કરવા છતાં પણ, યુદ્ધનો આવેશ છોડી, લીલા વિલાસ રૂપ-મનોહર અક્લિષ્ટ કર્મવાળા-ચરિતવાળા પ્રભુને નમન.

મૃત્યુધર્મબોધકાય નમઃ ।।૧૦૧।।

ધનુષ્યભંગ-સાંભળીને ભયથી ઊંઘી ન શકતા કંસને, ઉજાગરો તથા મૃત્યુસૂચક સ્વપ્ન રૂપ ચિહ્નો જણાવનાર પ્રભુને નમન.

કુવલયાપીડઘાતકાય નમઃ ।।૧૦૨।।

રાત્રિ પૂરી થતાં, મલ્લસભામાં જતાં બારણે ઉભેલા મૃત્યુરૂપ, કુવલયાપીડ નામના હાથીને મારનાર પ્રભુને નમન.

ગજદંતવરાયુધાય નમઃ ।।૧૦૩।।

મારેલા હાથીના દાંત રૂપ શ્રેષ્ઠ આયુધવાળા ભગવાનને નમન.

નિખિલજનમનોનયનાહ્‌લાદ્કાય નમઃ ।।૧૦૪।।

વીરરસોચિત-ક્રિયા કરવા છતાં, સર્વ લોકોનાં મન અને નેત્ર દ્વારા (સર્વે-ઈન્દ્રિયોને) અંદર તથા બહાર આહ્‌લાદ દેનાર પ્રભુને નમન.

સર્વરસાવિર્ભાવકાય નમઃ ।।૧૦૫।।

સર્વ લોકોને તેમના અધિકાર પ્રમાણે દર્શન દેતા, સઘળાં (દશ) રસને પ્રકટ કરનાર પ્રભુને નમન.

નિખિલકામિનીપ્રેમાવલોકિતાય નમઃ ।।૧૦૬।।

મુખ્યતયા સ્ત્રીઓ માટે, સભામાં પોતાનું મૂર્તિમાન કામદેવ જેવું સ્વરૂપ પ્રકટ કરેલું હોવાથી, સકલ કામિની (કામનાવાળાં સ્ત્રી) જન વડે પ્રેમપૂર્વક અવલોકન કરાએલા પ્રભુને નમન.

ચાણૂરાદિમહામલ્લદૈત્યગર્વનિબર્હણાય નમઃ ।।૧૦૭।।

કંસની મલ્લસભાના ચાણૂર વગેરે અત્યંત બલવાળા મલ્લો રૂપ દૈત્યોનો તથા તેમના ગર્વનો નાશ કરનાર પ્રભુને નમન.

કંસઘાતકાય નમઃ ।।૧૦૮।।

મલ્લોને માર્યા પછી, કંસનો ઘાત કરનાર પ્રભુને નમન.

વસુદેવદેવકીદુઃખનિવારકાય નમઃ ।।૧૦૯।।

દુષ્ટોને મારીને ભક્તોનાં દુઃખો દૂર કરવા માટે, વસુદેવ દેવકીજીનાં કંસે કરેલાં બંધન છોડાવી, પોતાનામાં નિરોધ કરાવી, દુઃખો દૂર કરનાર પ્રભુને નમન.

યદુકુલનલિનીવિકાસકાય નમઃ ।।૧૧૦।।

સ્ત્રી જેમ પતિ વિના દુઃખી થાય તેમ, પોતાનામાં દઢ ભાવયુક્ત, કંસાદિ-અસુરોના ત્રાસ રૂપ અંધકારથી દુઃખી, યદુકુલ રૂપ કમલિનીનો વિકાસ કરનાર સૂર્યરૂપ યદુપતિ પ્રભુને નમન.

કાલદુઃખનિવારકાય નમઃ ।।૧૧૧।।

પોતાનાં ધર્મ રૂપ દયા, ભક્તિરૂપ સ્મિત, અને જ્ઞાનરૂપ વીક્ષણથી યદુકુલમાં અલૌકિકધર્મો પ્રકટ કરી, વૃદ્ધને પણ યુવાન બનાવી, લૌકિક કાલધર્મોથી થતાં દુઃખો દૂર કરનાર પ્રભુને નમન.

પ્રદર્શિતસદાચારાય નમઃ ।।૧૧૨।।

પોતાને સંસ્કારાદિની જરૂર ન હોવા છતાં પણ, કેદમાંથી છૂટેલા વસુદેવજી દ્વારા યદુકુલોચિત-સંસ્કારો કરાવી, પોતે તેનો અંગીકાર કરી જેણે સદાચારની ઉત્તમતા દર્શાવી તે પ્રભુને નમન.

સાંદીપનિમૃતાપત્યદાત્રે નમઃ ।।૧૧૩।।

યજ્ઞોપવીત-સ્વીકાર પછી, ઉજ્જયિની નગરીમાં ગુરુ સાંદીપનિજીને ત્યાં વિદ્યાધ્યયન કરી, ગુરુદક્ષિણામાં સાંદીપનિ મુનિના મરેલા પુત્રને પાછો લાવી આપનાર પ્રભુને નમન.

નન્દાદિજ્ઞાનબોધકાય નમઃ ।।૧૧૪।।

ગુરુકુલમાંથી મથુરા પાછા આવ્યા પછી, શ્રીનન્દરાયજી વગેરે સ્વજનોના પોતાનામાં લૌકિક-દઢ-ભાવને અલૌકિક કરવા માટે, ઉદ્ધવજી દ્વારા પોતાના માહાત્મ્યજ્ઞાનનો બોધ કરનાર પ્રભુને નમન.

યશોદાસ્નેહરક્ષકાય નમઃ ॥૧૧૫॥

શ્રીયશોદાજીનો ભાવ પણ અલૌકિક થયો છતાં પણ, યશોદાજીના પૂર્વવત્ સ્નેહોદ્રેકની રક્ષા કરનાર પ્રભુને નમન.

ગોપિકાદિલૌકિકભાવદોષદૂરીકરણાય નમઃ ॥૧૧૬॥

શ્રી-ઉદ્ધવજીને જોતાં શ્રીગોપીજનમાં, ઉદ્ધવજીને પોતાના (પ્રિય કૃષ્ણના) મોકલેલા જાણવા છતાં, આવેલા માન રૂપ લૌકિકભાવ રૂપ દોષને, પોતાના જ્ઞાનસંદેશ દ્વારા દૂર કરનાર પ્રભુને નમન.

ઉદ્ધવાદિમધ્યમભાવબોધકાય નમઃ ॥૧૧૭॥

શ્રીગોપીજનમાં ભાવ રૂપ ભક્તિમાર્ગ અને વિપ્રયોગાવસ્થાનાં દર્શન કરાવી, ઉદ્ધવજી વગેરે ભક્તોને, પોતાનામાં માત્ર ભક્તિ હોવાનું અને વિપ્રયોગ ન હોવાનું ભાન કરાવી, મધ્યમભાવ સમજાવનાર પ્રભુને નમન.

સ્વનિષ્ઠમનોદોષનાશકાય નમઃ ॥૧૧૮॥

શ્રીગોપીજનના મનમાં તથા શ્રીનન્દરાયજી વગેરેના મનમાં લૌકિક-સંબંધ-ભાવને લીધે, પોતાનામાં થયેલા, પોતે તેમનો ત્યાગ કર્યો છે-તેવા, મનના દોષ રૂપ અજ્ઞાનનો, પોતાના પુરુષોત્તમસ્વરૂપ જ્ઞાનથી તથા તેના નિત્યલીલા-સ્થિતિજ્ઞાનથી, નાશ કરનાર પ્રભુને નમન.

કૃબ્જાદિમનોરથપૂરકાય નમઃ ॥૧૧૯॥

કુબ્જાને ઘેર પધારી, કુબ્જા વગેરે ભક્તોના મનોરથ પૂર્ણ કરનાર પ્રભુને નમન.

અક્રૂરાદિભક્તસન્માનહેતવે નમઃ ॥૧૨૦॥

અક્રૂર જેમાં મુખ્ય છે તેવા ભક્તોના સન્માનના હેતુરૂપ પ્રભુને નમન.

ભક્તહિતચિન્તકાય નમઃ ॥૧૨૧॥

ભક્ત પાણ્ડવોના હિતનો વિચાર (કરી તે પ્રમાણે) કરનાર પ્રભુને નમન.

પાંડવસ્થાપકાય નમઃ ॥૧૨૨॥

પાંડવોનું કલ્યાણ થાય તેમ તેમને સ્થાપનાર પ્રભુને નમન.

કુંતીપ્રીતિહેતવે નમઃ ॥૧૨૩॥

અક્રૂરજી દ્વારા પાંડવોની તપાસ કરાવી, દુઃખમાં વિદુરજી તથા અક્રૂરજી દ્વારા સાન્ત્વન કરાવી, પરમભક્ત કુંતાજીની પ્રીતિ પોતાનામાં થવામાં કારણરૂપ ભગવાનને નમન.

પ્રૌઢલીલાવબોધકાય નમઃ ॥૧૨૪॥

અક્રૂરજી દ્વારા ધૃતરાષ્ટ્રને પાંડવો તરફ સમદૃષ્ટિ રાખવા સમજાવી, તે તેમ ન કરે તો પોતે પાંડવોનું કલ્યાણ થાય તેમકરશે, - તેમ જણાવી, પોતાની પ્રૌઢલીલા જણાવનાર પ્રભુને નમન.

ભક્તપક્ષબોધકાય નમઃ ॥૧૨૫॥

શરણે આવનાર ભક્તોનો પક્ષ પોતે કરે છે-તેમ જણાવનાર પ્રભુને નમન.

ધૃતરાષ્ટ્રજ્ઞાનબોધકાય નમઃ ॥૧૨૬॥

"બધું ઈશ્વરાધીન છે, મારી સ્વતઃ પ્રવૃત્તિ નથી" - એમ ધૃતરાષ્ટ્રને જ્ઞાન કરાવનાર પ્રભુને નમન.

ઈચ્છાવાદસ્થાપકાય નમઃ ॥૧૨૭॥

ધૃતરાષ્ટ્રને પોતાના ઈચ્છાવાદની સમજ દઈ, તે સ્થાપનાર પ્રભુને નમન.

માયાપ્રવર્તકાય નમઃ ॥૧૨૮॥

સર્વત્ર ભગવદિચ્છા નિયમિકા હોવા છતાં, સૌને શાસ્ત્રજ્ઞાનથી ભગવજ્જ્ઞાનમાં પ્રવૃત્તિ ન થવા દેવામાં માયાથી મોહ કરી, માયાનું પ્રવર્તન કરનાર પ્રભુને નમન.

સર્વાભિવન્દિતચરણાય નમઃ ॥૧૨૯॥

યદુકુલમાં પોતે અવતરેલા છે, - તેમ જાણવા છતાં માયાથી મોહ કરી, સૌને પોતાના માર્ગે પ્રવૃત્તિ ન કરવા દેનાર, બ્રહ્માજી વગેરે સર્વથી અભિવન્દન કરાએલા ચરણવાળા પ્રભુને નમન.

એવં શ્રીકૃષ્ણનામાનિ પ્રૌઢલીલાવબોધને ।
કીર્તિતાન્યતિપુણ્યાનિ શતં વિંશતિરષ્ટ ચ ॥

એવં = આ પ્રકારે, પ્રૌઢલીલાવબોધને = (પ્રભુની) પ્રૌઢલીલા જાણવામાં, અતિપુણ્યાનિ = અતિપુણ્યરૂપ, શતં = એકસો, ચ = અને, વિંશતિરષ્ટ = અઠ્ઠાવીસ, શ્રીકૃષ્ણનામાનિ = શ્રીકૃષ્ણનાં નામ, કીર્તિતાનિ = કહેલાં છે.

અતઃપરં પ્રવક્ષ્યામિ રાજલીલામુપાશ્રિતઃ ।
કૃતવાન્ યાનિ કર્માણિ તાનિ નામાનિ મુક્તયે ॥

અતઃ = આથી, પરં = પછી, યાનિ = જે, કર્માણિ = કર્મો, રાજલીલામુપાશ્રિતઃ = રાજલીલાનો સ્વીકાર કરીને, કૃતવાન્ = (પ્રભુએ) કર્યાં, તાનિ = તે, (લીલા જણાવનાર), નામાનિ = નામમુક્તયે = (અધિકારાનુસાર-આનંદના અનુભવરૂપ) મુક્તિ માટે, પ્રવક્ષ્યામિ= હું યત્નપૂર્વક કહીશ.

રાજલીલાનાં નામ

ક્ષાત્રધર્મપ્રવર્તકાય નમઃ ॥૧॥

ભૂભારહરણ, સાધુરક્ષા, દુષ્ટનિવારણ, ભક્તિપ્રવર્તન, ધર્મરક્ષા, અધર્મનિવૃત્તિ-એ છ રાજલીલાનાં કાર્ય કરવા માટે, પોતાના સ્વરૂપને બદલે કૃતિને સાધન બનાવીને, કંસને લીધે દબાઈ ગયેલા ક્ષત્રિય ધર્મવાળા યાદવોમાં, ક્ષત્રિયધર્મની પ્રવૃત્તિ કરાવનાર પ્રભુને નમન.

દિવ્યયુદ્ધવિશારદાય નમઃ ॥૨॥

દિવ્યાસ્ત્રોથી લડાતા અલૌકિક ક્રીડારૂપ યુદ્ધમાં અક્લિષ્ટ-કર્મવાળા નિપુણ પ્રભુને નમન.

જરાસંઘસમાનીતસૈન્યઘાતકાય નમઃ ॥૩॥

જરાસંઘે ભેગા કરીને આણેલી ૨૩ અક્ષૌહિણી સેનાનો ૧૭ વખત નાશ કરનાર પ્રભુને નમન.

દ્વારકાપુરનિર્માણહેતવે નમઃ ॥૪॥

જરાસંઘ સાથે અઢારમા યુદ્ધ પહેલાં, સમુદ્ર પર પોતાના યોગ-પ્રભાવથી સુવર્ણની અદ્ભુત, દ્વારકા-નગરીની રચનામાં કારણરૂપ પ્રભુને નમન.

ભક્તાચિન્ત્યસુખદાત્રે નમઃ ॥૫॥

શત્રુના ભયમાંથી મુક્ત કરવા માટે, પોતાના યોગપ્રભાવથી દ્વારકામાં લાવી, સૌ ભક્તોને મનુષ્યના મનથી વિચારી પણ ન શકાય તેવા સુખ દેનાર પ્રભુને નમન.

યવનાન્તકાય નમઃ ॥૬॥

મથુરા પર આક્રમણ કરનાર કાલયવનનો, મુચુકુન્દ દ્વારા બાળીને, નાશ કરનાર પ્રભુને નમન.

મુચુકુન્દપ્રસાદકાય નમઃ ॥૭॥

ઈક્ષ્વાકુ રાજાના પુત્ર મુચુકુન્દને પોતાના સ્વરૂપનું દર્શન કરાવી, તેને જન્માન્તરમાં બ્રાહ્મણ થઈને મુક્ત થવાનું વરદાન દઈ, કૃપા કરનાર પ્રભુને નમન.

સર્વદેવતામનોરથપૂરકાય નમઃ ॥૮॥

કાલયવનની સેનાના તામસ યવનોનો વધ કરી, સર્વ સાત્ત્વિક દેવતાઓના મનોરથને પૂર્ણ કરનાર પ્રભુને નમન.

શિવબ્રાહ્મણવાક્યપરિપાલકાય નમઃ ॥૯॥

૧૭ વખત યુદ્ધમાં હારેલા જરાસંઘે પ્રસન્ન કરેલા, પોતાના ભક્ત શિવજી અને બ્રાહ્મણોનાં જરાસંધનો વિજય થાય તેવાં આશીર્વાદના વાક્યોનું, પોતે રણમાંથી પાછા પગલે દોડી જઈને, પાલન કરનાર પ્રભુને નમન.

દૈત્યમોહનચરિત્રાય નમઃ ॥૧૦॥

જરાસંઘને પાછળ દોડાવી, પ્રવર્ષણ પર્વત ઉપર સંતાઈ જઈ, ન જડતાં પોતે આગમાં સપડાયા છે, તેવું દેખાડી, દૈત્ય જરાસંઘ વગેરેને મોહ કરનાર ચરિત્રવાળા ભગવાનને નમન.

રુક્મિણીમનોરથપૂરકાય નમઃ ॥૧૧॥

શ્રીબલદેવજીના રેવતીજી સાથે વિવાહ પછી, પોતાના ગુણો સાંભળીને પોતાનામાં આસક્ત થયેલાં, શ્રીરુક્મિણીજીના પોતાને વરવાના મનોરથને, તેમને મોકલેલા બ્રાહ્મણ સાથે કુણ્ડિનપુર જઈને, પોતાના પધારવાના સમાચાર માત્રથી, પૂર્ણ કરનાર પ્રભુને નમન.

રુક્મિણીગાન્ધર્વવિવાહાય નમઃ ॥૧૨॥

પોતાના ગુણો સાંભળીને, મનથી પોતાને વરીને ગાંધર્વવિવાહ કરી ચૂકેલાં, પોતે અપહરણ કરેલાં, શ્રીરુક્મિણીજીનું પાણિગ્રહણ કરીને ગાંધર્વવિવાહ કરનાર પ્રભુને નમન.

રુક્મિણીપ્રાણપતયે નમઃ ॥૧૩॥

પ્રભુ ન મળે તો વ્રતાદિથી પ્રાણ છોડવાની શ્રીરુક્મિણીજીની પ્રતિજ્ઞાને પોતે પધારીને પૂર્ણ કરીને તથા અપહરણ પછી શિશુપાલના પક્ષના રાજાઓના સૈન્યને આવેલું જોઈને ગભરાયેલાં તેમને પોતાનાં વચનોથી શાંત કરીને, શ્રીરુક્મિણીજીના પ્રાણની રક્ષા કરનાર પતિને નમન.

રુક્મિપ્રભૃતિદુષ્ટમાનસદુઃખદાય નમઃ ॥૧૪॥

રુક્મી વગેરે સહિત શિશુપાલ,-જરાસંઘ વગેરે દુષ્ટોનો પરાજય કરીને, માનહાનિ કરીને, તેમના દુઃખ-આપનાર પ્રભુને નમન.

રુક્મિણીવિવાહપ્રદર્શિતગૃહસ્થધર્માય નમઃ ॥૧૫॥

શ્રીરુક્મિણીજીને દ્વારકામાં લાવીને, વિધિપૂર્વક વિવાહ કરીને, લોકસંગ્રહ માટે પ્રદર્શિત કર્યો છે જેણે પોતાનો ગૃહસ્થધર્મ તે પ્રભુને નમન.

ત્રિવિધવિવાહકર્ત્રે નમઃ ॥૧૬॥

સ્વધર્મસ્થાપન માટે રાજસ શ્રીરુક્મિણીજી સાથે ગાંધર્વ-રાક્ષસ-વૈદિક એ ત્રણ પ્રકારનો વિવાહ કરનાર ભગવાનને વન્દન.

કામજનકાય નમઃ ॥૧૭॥

પહેલાં મહાદેવજીએ બાળેલા વાસુદેવાંશ રૂપ ધર્માવિરુદ્ધ કામદેવને પ્રદ્યુમ્નજી રૂપે રુક્મિણીજી દ્વારા જન્મ દેનાર પ્રભુને નમન.

શમ્બરઘાતકપ્રદ્યુમ્નાય નમઃ ॥૧૮॥

કામરૂપી શંબારાસુરે સૂતિકાગૃહમાંથી હરી, સમુદ્રમાં ફેકતાં-મત્સ્યે ગળેલા, માછીમાર દ્વારા તે મત્સ્ય પકડાઈ પુનઃ શંબરને ભેટ થતાં રસોડામાં તેના ઉદરમાં બાલકરૂપે નીકળેલા, માયાવતી રૂપ રતિએ ઉછેરી મહામાયા રૂપ વિદ્યા દેતાં, શંબરાસુરનો ઘાત કરનાર અને દ્વારકા લવાયેલા સર્વને પ્રકૃષ્ટ આનંદ દેનાર-પ્રદ્યુમ્ન રૂપ પ્રભુને નમન.

જામ્બવતીપ્રાણપતયે નમઃ ।।૧૯।।

સ્યમંતકમણિ સંબંધમાં આવેલા આક્ષેપને દૂર કરવા, રીંછરાજ જાંબવાનની ગુફામાં જઈ, ૨૮ દિવસ યુદ્ધ કરી, જાંબવાને પ્રભુ તરીકે જાણીને, આપેલાં મણિ તથા જાંબવતીજીનો સ્વીકાર કરી, જાંબવતીજીના સર્વસ્વનો લગ્નમાં સ્વીકાર કરતા, સાત્ત્વિક જાંબવતીજીના પ્રાણપતિ પ્રભુને નમન.

લોકનિર્મિતસર્વાર્થજ્ઞાપકાય નમઃ ।।૨૦।।

લોકોએ સ્યમંતકમણિ-સંબંધમાં કલ્પના માત્રથી ઉપજાવી કાઢેલા-ખોટા સર્વ-અર્થો-આક્ષેપોને, તે મણિ જાંબવાન પાસેથી લાવી સત્રાજિતને પાછો આપી, પ્રકાશિત કરનાર (જણાવનાર) પ્રભુને નમન.

સત્યભામાવલ્લભાય નમઃ ।।૨૧।।

મણિ પાછો મળતાં શરમાએલા સત્રાજિતને, અન્યત્ર કરેલો વિવાહ તોડીને, આપેલાં કન્યા-તામસ સત્યભામાજીનો સ્વીકાર કરનાર, સત્યથી ભાસતા શીલ-ઉદારતા વગેરે ગુણોવાળાં સત્યભામાજીના પ્રિય પ્રભુને નમન.

સત્રાજિત્સ્વર્ગહેતવે નમઃ ।।૨૨।।

સત્રાજિતે પોતાના સિવાય અન્યદેવમાં મતિ રાખી હોવાથી, તેનો ઘાત થતાં દેહ છોડી દઈ, મણિ દ્વારા ભક્ત અક્રૂરજીમાં રહેલા તેને, ભગવચ્ચરણરૂપ કાશી વગેરે તીર્થોમાં લઈ જઈ, સત્રાજિતને સ્વર્ગ-પ્રાપ્તિ થવામાં કારણરૂપ પ્રભુને નમન.

સ્યમન્તકમણિહર્ત્રે નમઃ ।।૨૩।।

અન્યદેવનો દીધેલો મણિ પાસે રહે તો ભક્તનો નિરોધ-સિદ્ધ ન થાય, તેથી ભક્તનો નિરોધ સિદ્ધ કરવા માટે, સ્યમંતક-મણિને (અન્યની બુદ્ધિને મણિ હરવા પ્રેરીને) હરનાર પ્રભુને નમન.

શુદ્ધકીર્તિસ્થાપકાય નમઃ ।।૨૪।।

ભક્ત અક્રૂરજી હોય ત્યાં વરસાદ વરસે, ઉત્પાત તથા રોગાદિ ન થાય, તેવી લોકસમજથી, કાશીથી ભક્ત અક્રૂરજીને મણિ સહિત લાવી, પોતાના પરના આક્ષેપો દૂર કરી, ભક્તની શુદ્ધ કીર્તિ સ્થાપનાર પ્રભુને નમન.

અક્રૂરાદિભક્તદોષનિવારકાય નમઃ ।।૨૫।।

અક્રૂરજીને કાશીથી દ્વારકામાં બોલાવી, તેમની પાસે રહેલો મણિ સૌ લોકોને બતાવીને, અક્રૂરજી-કૃતવર્મા વગેરે ભકતોને લાગેલો દુઃખપ્રદ દોષ દૂર કરનાર પ્રભુને નમન.

કાલિન્દીપતયે નમઃ ।।૨૬।।

પૂર્વમાં ત્રણ ગુણરૂપા (કન્યા) ઓ સાથે વિવાહ કર્યા પછી, હવે વિદ્યારૂપા પાંચ સાથેના વિવાહમાં, પ્રથમ ઈન્દ્રપ્રસ્થમાં જઈ, શ્રીયમુનાજીના જલમાં રહી તપ કરતાં સૂર્યમુખી કાલિન્દીજીનો લગ્નમાં સ્વીકાર કરનાર, કાલિન્દીપતિને નમન.

પાણ્ડવરાજ્યસ્થાપકાય નમઃ ।।૨૭।।

ઈન્દ્રપ્રસ્થમાં પોતે વિરાજી, અર્જુન પાસે કરાવેલા ખાંડવ-વનના દહનમાંથી બચાવેલા, દાનવમય પાસે માયામય સભા બનાવડાવી-અદ્‌ભુત નગર કરાવી, પાંડવોના રાજ્યને સ્થાપનાર પ્રભુને નમન.

મિત્રવિન્દાપતયે નમઃ ।।૨૮।।

ઈન્દ્રપ્રસ્થથી દ્વારકા પધાર્યા પછી, અવંતિ જઈને મિત્ર-વિન્દાજીનું હરણ કરી, વિવાહ કરનાર મિત્રવિન્દાજીના પતિ-પ્રભુને નમન.

સત્યાપતયે નમઃ ।।૨૯।।

નગ્નજિત રાજાની પ્રતિજ્ઞા પૂરી કરવા, સાત વૃષભોને પોતાનાં સાત સ્વરૂપ કરીને નાથી, તેની કન્યા સત્યાજીને વરનાર સત્યા-(નાગ્નજિતી)જીના પતિને નમન.

ભદ્રાપતયે નમઃ ॥૩૦॥

ફોઈ શ્રુતકીર્તિના પુત્રી ભદ્રાજી-તેના ભાઈઓએ લગ્નમાં દીધાં-તેમનો લગ્નમાંસ્વીકાર કરનાર, ભદ્રાજીના પતિને નમન.

લક્ષ્મણાપતયે નમઃ ॥૩૧॥

મદ્રાધિપતિનાં કન્યા લક્ષ્મણાજીને મત્સ્યવેધ કરીને વરનાર, લક્ષ્મણાજીના પતિને નમન.

રોહિણીપતયે નમઃ ॥૩૨॥

મંત્રશાસ્ત્રમાં ક્વચિત્ ભદ્રાજીના સ્થાનમાં પ્રસિદ્ધ, નરકાસુરને ત્યાંથી લાવેલાં સોળ હજાર કન્યાઓમાં મુખ્ય, રોહિણીજીના પતિને નમન.

ષોડશસહસ્રનાયિકાપતયે નમઃ ॥૩૩॥

પોતાનામાં નિરોધ કરાવીને, મુખ્યત્વે સ્ત્રીઓનો ઉદ્ધાર કરવાનું પોતાનું મુખ્ય(પુષ્ટિ) કાર્ય હોવાથી, તેમાં જરૂર હોવાથી ગૌણપણે નરકાસુરને મારી, તેની કેદમાંથી ૧૬૦૦૦ કન્યાઓને મુક્ત કરી, તેમને દ્વારકા લાવી, લગ્ન કરનાર, સોળ હજાર સકલ લક્ષણપૂર્ણ, રસાત્મક, પોતાને માટે જ પ્રકટ કરેલ, અપ્સરારૂપ, નાયિકા-મહિષીજી-ઓના પતિને નમન.

મુરારયે નમઃ ॥૩૪॥

૧૬૦૦૦ કન્યાઓને બંધન-મુક્ત કરવાના માર્ગમાં પ્રતિબંધરૂપ-જલના મલ રૂપ પાંચ માથાવાળા, મુર-દૈત્યને મારનાર, તેના શત્રુરૂપ, પ્રભુને નમન.

નરકાન્તકાય નમઃ ॥૩૫॥

૧૬૦૦૦ કન્યાઓને કેદમાંથી છોડાવવા તથા નરકાસુરે હરેલાં સ્વર્ગનું છત્ર તથા અદિતિનાં કુંડલ પાછાં દેવા માટે, પૃથ્વી રૂપ સત્યભામાજીની સંમતિથી, વામન-અવતારમાં થયેલા પૃથ્વીના પુત્રરૂપ, નરકાસુરનો અન્ત કરનાર પ્રભુને નમન.

વસુધાપૂજિતચરણાય નમઃ ॥૩૬॥

નરકાસુરનો વધ થતાં, તેના પુત્ર ભગદત્તને સાથે લઈને આવેલાં તથા સ્તુતિ કરતાં પૃથ્વી દ્વારા પૂજાયેલા ચરણવાળા ભગવાનને વન્દન.

સર્વજનીનમુખહેતવે નમઃ ॥૩૭॥

નરકાસુરના પુત્ર ભગદત્તને અભય આપી- રાજ્ય દઈ, ત્યાંથી ઐરાવત-વંશના ૬૪ હાથી તથા ૧૬૦૦૦ કન્યાઓને દ્વારકા લઈ જઈને તેઓને તથા ઈન્દ્રને નરકાસુરે હરેલાં છત્ર-કુંડલ પાછાં દઈ, સ્વર્ગમાં સર્વજનોને સુખના કારણરૂપ પ્રભુને નમન.

પારિજાતાપહરણાય નમઃ ॥૩૮॥

સત્યભામાજી માટે સ્વર્ગમાંથી પારિજાતના વૃક્ષનું અપહરણ કરનાર પ્રભુને નમન.

મહેન્દ્રાદિદુષ્ટબુદ્ધિનિવારકાય નમઃ ॥૩૯॥

ઈન્દ્રાદિ અધિકારી છે, સ્વામી નથી, ભગવાને પોતાને માટે સર્વ વસ્તુ સર્વત્ર રાખેલી છે, તેમાંનું પારિજાત પ્રભુને ન આપતાં, મહેન્દ્ર વગેરેની દોષવાળી બુદ્ધિ-પારિજાત હરીને દૂર કરનાર પ્રભુને નમન.

સર્વરત્નકોશાદિપૂરિતગૃહાય નમઃ ॥૪૦॥

ત્રિલોકમાં જેટલા લક્ષ્મીના વિલાસ રૂપ પદાર્થો છે તે સર્વ-રત્નાદિ વડે ભંડાર વગેરે જ્યાં ભરેલા છે, તેવાં સોળ હજાર અને આઠ રાજમહિષીજીઓના ઘરવાળા ભગવાનને વંદન.

રુક્મિણ્યાદિસ્ત્રીમનઃ પરીક્ષકાય નમઃ ॥૪૧॥

શ્રીરુક્મિણીજી વગેરે સર્વ રાજમહિષીજીઓના મનની જુદા જુદા પ્રકારે પરીક્ષા કરનાર પ્રભુને નમન.

લૌકિકલીલાવાક્યવિશારદાય નમઃ ॥૪૨॥

શ્રીરુક્મિણીજીને પોતાના વાચનિક-તિરોધાનનો અનુભવ દેતાં મૂર્છા દેતાં તથા પછી સાન્ત્વન દેતાં તથા પ્રત્યુત્તરની પ્રેરણા કરતા, લૌકિક-લીલા રૂપ વાક્યો બોલવામાં નિપુણ પ્રભુને નમન.

શૃત્યર્થપ્રતિપાદકદશદશપુત્રાય નમઃ ॥૪૩॥

શ્રુતિના અર્થનું પ્રતિપાદન કરનાર, દરેક મહિષીજીમાં દશ દશ પુત્રવાળા પ્રભુને નમન.

કલિધર્મપ્રતિપાદકવંશાદિકર્ત્રે નમઃ ॥૪૪॥

કલિયુગમાં શુદ્ધ ક્ષત્રિય રાખવો નથી-તેવા પોતાના નિર્ણયથી, મામાની દિકરી સાથે પરણેલા પ્રદ્યુમ્નજીના પુત્ર અનિરુદ્ધજીને મામા રુક્મિણીની કન્યા વરાવી, કલિના ધર્મનું પ્રતિપાદન કરનાર વંશાદિક કરનાર પ્રભુને નમન.

બાણાસુરબલાન્તકર્ત્રે નમઃ ॥૪૫॥

બાણાસુરની પુત્રી ઉષા સાથે વરેલા અને તેને ત્યાં કેદ પૂરાએલા પોતાના પૌત્ર અનિરુદ્ધજીને છોડાવવા, તેની સાથે યુદ્ધ કરીને, બાણાસુરની સેનાનો નાશ કરનાર પ્રભુને નમન.

મહાદેવાદિસમ્માનહેતવે નમઃ ॥૪૬॥

ભક્ત મહાદેવજીએ પોતાના ભક્ત બાણાસુર માટે પોતાની સાથે યુદ્ધ કરતાં જૃંભણાસ્ત્રથી તેમને શાન્ત કરી, તેમના ઉત્પન્ન કરેલા જ્વરને પોતાના નારાયણ-જ્વરથી શાન્ત કરી, તેમણે કરેલી સ્તુતિ રૂપ સન્માનમાં કારણરૂપ પ્રભુને નમન.

જ્વરાદિદોષનાશકાય નમઃ ॥૪૭॥

મહાદેવજીએ યુદ્ધમાં કરેલા તેમના જ્વર વગેરેના સ્વરૂપનો નાશ કર્યા સિવાય તેના દોષનો નાશ કરનાર પ્રભુને નમન.

પ્રહ્લાદાદિભક્તવંશરક્ષકાય નમઃ ॥૪૮॥

ભક્તની રક્ષા માટે પ્રાર્થના કરતા મહાદેવજીની સ્તુતિ તથા બાણાસુર ભક્ત પ્રહ્લાદજીનો વંશજ હોવાથી પ્રહ્લાદજી વગેરે ભક્તોના વંશની રક્ષા કરનાર પ્રભુને નમન.

દાનાદિધર્મબોધકાય નમઃ ॥૪૯॥

કાચિંડાના રૂપમાં કૂવામાં પડેલા રાજા નૃગનો ઉદ્ધાર કરી, તેના દ્વારા યદુકુમારોને રાજસમાંથી સાત્ત્વિકધર્મ-પ્રવૃત્તિ કરાવતાં, દાન વગેરેના ધર્મનું જ્ઞાન કરાવનાર પ્રભુને નમન.

નૃગમોક્ષહેતવે નમઃ ॥૫૦॥

બ્રાહ્મણના ધનરૂપ ગાયને અજાણતાં થયેલા દોષથી, કાચિંડા રૂપ થયેલા દાની રાજા નૃગને પોતાના હાથનો સ્પર્શ કરાવી મોક્ષ આપવામાં કારણરૂપ ભગવાનને નમન.

બ્રહ્મણ્યાય નમઃ ॥૫૧॥

બ્રાહ્મણનું ધન અજાણતાં પણ ન લેવાની યદુકુમારોને શિખામણ દેનાર બ્રહ્મણ્ય-બ્રાહ્મણપ્રિય-પ્રભુને નમન.

પુષ્ટિમાર્ગપ્રવર્તકાય નમઃ ॥૫૨॥

વ્રજજનોને પૂર્વમાં પ્રમેય-બલથી સુખ દીધા પછી, મથુરા જતાં પોતે વ્રજમાં પધારવા આપેલા વચનથી, પ્રમાણબલ રૂપ શ્રીબલરામજી દ્વારા વ્રજજનોને મળી, સ્વરૂપાનન્દનું પોષણ કરી, પુષ્ટિમાર્ગ પ્રવર્તાવનાર પ્રભુને નમન.

યમુનાકર્ષણહેતવે નમઃ ॥૫૩॥

શ્રીગોપીજન સાથેની, પોતાના આવેશ રૂપ શ્રીબલરામજીની, ક્રીડામાં ન પધારતાં, શ્રીયમુનાજીના કર્ષણમાં હેતુરૂપ પ્રભુને નમન.

સ્પર્ધાદિદુષ્ટવિમોચકાય નમઃ ॥૫૪॥

બનાવટી વાસુદેવ રૂપે સ્પર્ધા વગેરે કરવાથી દુષ્ટ પૌણ્ડ્રક વગેરેનો વધ કરી મુકત કરનાર પ્રભુને નમન.

પૌણ્ડ્રકકાશીરાજહન્ત્રે નમઃ ॥૫૫॥

બનાવટી વાસુદેવ રૂપ પૌણ્ડ્રક રાજા તથા તેની મદદે આવેલા તેના મિત્ર કાશીરાજને મારનાર પ્રભુને નમન.

દેવતાન્તરવરદમ્ભગર્વનાશકાય નમઃ ॥૫૬॥

પિતાનું વેર લેવા, અન્ય દેવતાના આરાધનથી મળેલી કૃત્યા રૂપ વરદાનથી, અભિમાની થયેલા કાશીરાજના પુત્ર સુદક્ષિણના ગર્વનો, કૃત્યાને દ્વારકા બાળ્યા સિવાય-સુદર્શનચક્રથી પરાભવ કરીને, પાછો કાઢીને, નાશ કરનાર પ્રભુને નમન.

કાશીદાહકાય નમઃ ॥૫૭॥

બ્રહ્માણ્યને કાંઈ ન કરી શકતી અભિચાર રૂપ કૃત્યાને સુદર્શન ચક્ર સહિત કાશીમાં મોકલી, તેના દ્વારા, કાશીનું દહન કરનાર પ્રભુને નમન.

દુષ્ટનિવાસદોષનાશકાય નમઃ ॥૫૮॥

કાશીને બાળીને કાશીમાં દુષ્ટોના નિવાસથી થયેલા સર્વ દોષોનો નાશ કરનાર પ્રભુને નમન.

મુક્તિહેતવે નમઃ ॥૫૯॥

કાશીમાં આસુર-સંબંધથી મુક્તિ ન થાય, તેથી આસુર સંબંધોને કાશીને બાળીને દૂર કરી, કાશીમાં થતી મુક્તિના કારણરૂપ તથા આ કથાના શ્રવણથી થતી મુક્તિમાં કારણ રૂપ પ્રભુને નમન.

દુઃસંગદમ્ભદ્વિવિદાદિવધહેતવે નમઃ ॥૬૦॥

પૂર્વે રામાવતારમાં ભક્ત હોવા છતાં જરાસંધ-કંસ વગેરે દુષ્ટોના દુઃસંગથી અભિમાની થયેલા, શ્રીબલરામજીના રાસમાં ધૃષ્ટતા કરનાર, વાનર દ્વિવિદ વગેરેના શ્રીબલરામજી દ્વારા વધમાં કારણરૂપ ભગવાનને વન્દન.

રાજ્યાદિદમ્ભકૌરવગર્વનાશકાય નમઃ ॥૬૧॥

રાજ્યાદિથી અભિમાની થયેલા કૌરવોએ, સ્વયંવરમાં દુર્યોધનની પુત્રી લક્ષ્મણાનું હરણ કરવા ગયેલા, જાંબવતી-પુત્ર સાંબને કેદ કરેલા, તેને છોડાવવા ગયેલા શ્રીબલરામજી દ્વારા હસ્તિનાપુરને ગંગાજીમાં ડૂબાવી દેવા તૈયાર થઈ, રાજ્યાદિથી અભિમાની થયેલા કૌરવોના ગર્વનો નાશ કરનાર પ્રભુને નમન.

મર્યાદાભક્તિદમ્ભભક્તમોહનાશકાય નમઃ ॥૬૨॥

મર્યાદાભક્તિથી પોતાના સ્વરૂપને ન સમજી શકતાં, દમ્ભ થયેલા ભક્ત નારદજીના અજ્ઞાન રૂપ મોહનો, પોતાની લીલા સમજાવીને નાશ કરનાર પ્રભુને નમન.

જીવાધિકારશાસ્ત્રગર્વનાશકાય નમઃ ॥૬૩॥

જીવના અધિકારવાળાં મર્યાદાશાસ્ત્રથી વિરુદ્ધ ભગવાન્ પણ કાંઈ કરતા નથી,- તેવા જીવ રૂપ નારદજીના મર્યાદામાર્ગીય-જ્ઞાનથી થયેલાં ગર્વનો નાશ કરનાર પ્રભુને નમન.

સુધર્માલઙ્કૃતચરણાય નમઃ ॥૬૪॥

લોકસંગ્રહ-શિક્ષણ-માટે પોતે પ્રાતઃકર્મ કરીને, સભામાં પધારી, સુધર્મા-સભાને શોભાયમાન્ કરતા ચરણવાળા પ્રભુને નમન.

ભક્તાપેક્ષાવભાસહેતવે નમઃ ॥૬૫॥

જરાસંધે કેદમાં પૂરેલા ૨૦૮૦૦ ભક્તરાજાઓની છૂટવાની અપેક્ષાને દૂત દ્વારા પ્રકટ કરવામાં તથા રાજસૂય-યજ્ઞ કરવાની ભક્ત યુધિષ્ઠિર રાજાની અપેક્ષાને નારદજી દ્વારા પ્રકાશિત કરવામાં હેતુરૂપ પ્રભુને નમન.

ઉદ્ધવાદિબુદ્ધ્યનુસારિણે નમઃ ॥૬૬॥

શરણે આવેલા રાજાઓને છોડવાનું તથા ભક્ત યુધિષ્ઠિરનો યજ્ઞ કરાવવાનું, એમબે કાર્ય સાથે કરવાનાં થતાં, રાજમંત્રી ઉદ્ધવજી વગેરેની બુદ્ધિપૂર્વક અપાયેલી સલાહને અનુસરનાર પ્રભુને નમન.

જીવધર્માવબોધકાય નમઃ ॥૬૭॥

કાર્યની યોગ્યાયોગ્યતા યુક્તિથી નક્કી કરવાના, સાધારણ જીવોના ધર્મોને ઉદ્ધવજી દ્વારા જણાવનાર પ્રભુને નમન.

હીનધર્માવલંબનજીવકાર્યકર્ત્રે નમઃ ॥૬૮॥

બ્રાહ્મણવેશ ધારણ કરીને, ભિક્ષામાં યુદ્ધ માગવા રૂપ, હીન-ધર્મનું અવલંબન કરીને, જીવનું-ભક્ત રાજા યુધિષ્ઠિરનું-જરાસંઘ-વધ રૂપ કાર્ય કરનાર પ્રભુને નમન.

ભક્તજ્ઞાનહેતવે નમઃ ॥૬૯॥

કેદમાં પૂરાયેલા ભક્ત રાજાઓને પોતાના સ્વરૂપનું દર્શન કરાવીને, પોતાનું જ્ઞાન ઉત્પન્ન કરવામાં કારણ રૂપ પ્રભુને નમન.

પુષ્ટિનિમિત્તજ્ઞાપકાય નમઃ ॥૭૦॥

કેદમાં પૂરાયેલા રાજાઓને, રાજ્યભ્રષ્ટ થઈને નિઃસાધન થતાં દીનતા આવવી-તે પોતાનો અનુગ્રહ થવાનું નિમિત્ત છે, તેમ જણાવનાર પ્રભુને નમન.

રાજસૂયાદિપ્રવર્તકાય નમઃ ॥૭૧॥

રાજસૂય-યજ્ઞ જેના આરંભમાં છે તેવા ધર્મો તથા રાજાઓને છોડાવ્યાનું સાંભળી યુધિષ્ઠિરમાં ભક્તિ, પછી તેમના યજ્ઞનું આધિદૈવિકપણું, પોતાના અગ્રપૂજનથી ભગવન્નિષ્ઠા વગેરે-પ્રવર્તાવનાર પ્રુભને નમન.

શિશુપાલાદિભક્તવૈકુણ્ઠપ્રાપ્તિહેતવે નમઃ ॥૭૨॥

પોતાનો અગ્રપૂજનમાં વિરોધ કરનાર, શિશુપાલ વગેરે રૂપ થયેલા ભક્ત દ્વારપાલને પુનઃવૈકુણ્ઠની પ્રાપ્તિ માટે, તેનો વધ કરીને કારણરૂપ થનાર પ્રભુને મન.

દુર્યોધનાદિદુષ્ટમાનભઙ્ગહેતવે નમઃ ॥૭૩॥

પૃથ્વીનો ભાર ઉતારવા માટે, યુધિષ્ઠિરના રાજસૂય-યજ્ઞમાં ઈર્ષાથી બળતા, દુર્યોધન વગેરે દુષ્ટોનો માયામય મયસભામાં ભ્રાન્તિથી માનભંગ કરવામાં હેતુરૂપ ભગવાનને નમન.

યુધિષ્ઠિરાદિભક્તગર્વનાશકાય નમઃ ॥૭૪॥

આ પ્રસંગે પોતે મૌન રહીને, યુધિષ્ઠિર વગેરે ભક્તોના ગર્વનો નાશ કરનાર ભગવાનને વંદન.

પ્રદ્યુમ્નાદિયાદવગર્વપ્રહારકાય નમઃ ॥૭૫॥

પ્રદ્યુમ્ન વગેરે યાદવોના ગર્વને, સૌભ વિમાનવાળા શાલ્વની સામે લડાવી, મૂર્ચ્છિત થતાં, પ્રયત્નપૂર્વક હરનાર પ્રભુને નમન.

તપસ્યાદિદૃપ્તશાલ્વાદિઘાતકાય નમઃ ॥૭૬॥

મહાદેવનું તપ વગેરે કરવાથી મળેલાં, સૌભ-વિમાનથી અભિમાની થયેલા શાલ્વ વગેરેને મારનાર પ્રભુને નમન.

પુણ્યાદિહીનધર્મજ્ઞાપનહેતવે નમઃ ॥૭૭॥

માયારૂપ ભગવાનની ઉપાસના અસુરો કરે છે, તેથી શાલ્વે બનાવટી માયામય વસુદેવનો વધ કર્યો ત્યારે, આસુરવ્યામોહ માટે, પુણ્ય વગેરેથી હીન અસુરોના ધર્મને જણાવવામાં કારણ રૂપ ભગવાનને વંદન.

મુખ્યસિદ્ધાન્તપ્રવર્તકાય નમઃ ॥૭૮॥

ભક્તોને આસુરવ્યામોહાદિ ધર્મોથી મોહ ન થાય તે માટે (પોતાના સર્વસમર્થત્વ રૂપ) મુખ્ય સિદ્ધાન્તનું પ્રવર્તમાન કરનાર પ્રભુને નમન.

દન્તવક્ત્રવિદૂરથાદિમુક્તિહેતવે નમઃ ॥૭૯॥

યુદ્ધ કરવા આવેલા દન્તવક્ત્ર-વિદૂરથ વગેરેને મારીને તેમને મુક્તિ દેવામાં કારણરૂપ ભગવાનને નમન.

ક્ષત્રિયધર્મનાટ્યોપસંહારકર્ત્રે નમઃ ॥૮૦॥

જરાસંઘના યુદ્ધોદ્યમથી આરંભીને વિદૂરથવધ-પર્યંત પ્રકટ કરેલા, ક્ષત્રિય-ધર્મરૂપ નાટ્યનો ઉપસંહાર કરનાર પ્રભુને નમન.

ન્યસ્તશસ્ત્રાય નમઃ ॥૮૧॥

પૂતનાથી આરંભી વિદૂરથ-પર્યંતના અસુરોનો વધ કરનાર, વિદૂરથવધ પછી શસ્ત્રત્યાગ કરનાર પ્રભુને નમન.

બલદેવતીર્થયાત્રાપ્રવર્તકાય નમઃ ॥૮૨॥

યજ્ઞ તથા તીર્થાટન રૂપ ધર્મ કરવા માટે, યુધિષ્ઠિર તથા વસુદેવજી દ્વારા યજ્ઞ કરાવીને, આવેશ રૂપ બલદેવજીને મહાભારતના યુદ્ધમાં ભાગ ન લેતાં તીર્થયાત્રામાં પ્રેરીને, તેમના દ્વારા તીર્થયાત્રાનું પ્રવર્તન કરનાર પ્રભુને નમન.

સૂતઘાતકાય નમઃ ॥૮૩॥

તીર્થયાત્રામાંથી બલદેવજી જલદી પાછા આવે તો, પૃથ્વીના ભાર ઉતારવાના યુદ્ધ રૂપ કાર્યમાં, તે કૌરવોનો પક્ષ કરીને વિઘ્ન કરે, તેવા સંભવથી પુનઃ તીર્થયાત્રા માટે, તેના હાથે નૈમિષારણ્યમાં બ્રહ્માસને બેઠેલા સૂતનો વધ કરાવનાર પ્રભુને નમન.

પાર્થસારથયે નમઃ ॥૮૪॥

પૃથ્વીનો ભાર ઉતારવા માટેના યુદ્ધકાર્યમાં, ભક્ત પક્ષપાત અને ભક્તરક્ષા કરવા માટે, નર રૂપ પાર્થના સારથિ થયેલા ભગવાનને વંદન.

અવ્યક્તગીતામૃતમહોદધિપ્રવર્તકાય નમઃ ॥૮૫॥

ક્ષાત્રધર્મથી યુદ્ધ કરતાં, થનારું અર્જુનનું અનિષ્ટ અટકાવવા માટે તેનામાં વિષાદ ઉત્પન્ન કરી, પોતાની જ આજ્ઞાથી યુદ્ધમાં પ્રેરી, સર્વ કલ્યાણ કરવા માટે, અવ્યક્ત ગીતામૃત-મહાસાગરનું પ્રવર્તન કરનાર પ્રભુને નમન.

કૌરવબલાન્તકર્ત્રે નમઃ ॥૮૬॥

અર્જુન વગેરે દ્વારા કૌરવોના સૈન્યનો નાશ કરનાર પ્રભુને નમન.

ઈતરપક્ષપાતનાશકાય નમઃ ॥૮૭॥

ભીમ અને દુર્યોધનના ગદાયુદ્ધના દિવસે કુરુક્ષેત્રમાં આવી, પોતાના ભક્તોથી ભિન્ન-દુર્યોધનનો પક્ષપાત કરતા બલરામજીનું વાક્ય તે બેને ન માનવા પ્રેરી, બલરામજીને દ્વારકા જવા પ્રેરીને અન્ય તરફ થતા પક્ષપાતનો નાશ કરનાર પ્રભુને નમન.

સુદામારઙ્કભાર્યાર્થભૂમ્યાનીતેન્દ્રવૈભવાય નમઃ ॥૮૮॥

ધનલિપ્સુ-પત્નીની પ્રેરણાથી, દર્શનાકાંક્ષાથી દ્વારકામાં આવેલા ભક્ત સુદામાજીને કંઈ ન દેતાં, તેમના સ્થાનમાં વૈભવ પ્રકટ કરી, સુદામાજીના રંક ભાર્યા માટે ભૂમિ ઉપર ઈન્દ્રનો વૈભવ લાવનાર પ્રભુને નમન.

હેતુસ્થાપકાય નમઃ ॥૮૯॥

દ્વારકાથી ઘેર ગયેલા સુદામાજીએ અલૌકિક-વૈભવ જોતાં, તેના કારણનો વિચાર કરતાં, તેના કારણ તરીકે પોતાને (નિર્ણીત) સ્થાપન કરનાર પ્રભુને નમન.

દેશકાલાદિધર્મહેત્વનુસારિણે નમઃ ॥૯૦॥

કુરુક્ષેત્ર રૂપ દેશ અને પ્રલય-સૂચક સૂર્યોપરાગ રૂપ કાલ વગેરેમાં થતા સર્વ દોષો દૂર કરનારા, સ્નાન-દાનાદિ ધર્મોના કારણરૂપ અને તેને અનુસરનારા પ્રભુને નમન.

યાત્રોત્સવપ્રવર્તકાય નમઃ ॥૯૧॥

સૂર્યોપરાગ-નિમિત્તે કુરુક્ષેત્રની યાત્રાથી પરમાહ્લાદક ઉત્સવનું પ્રવર્તમાન કરનાર પ્રભુને નમન.

અખિલનયનામૃતાબ્ધિપૂરકાય નમઃ ॥૯૨॥

કુરુક્ષેત્ર યાત્રા માટે આવેલા સઘળાં લોકોના નયનોમાં પોતાના સ્વરૂપનાં દર્શનરૂપ અમૃતસાગરને પૂરનાર પ્રભુને નમન.

ગોપિકાદિસાક્ષાત્કારહેતવે નમઃ ॥૯૩॥

પૂર્વે ઉદ્ધવજી દ્વારા સંદેશ મોકલીને આધિદૈવિક-અભેદ સિદ્ધ કર્યા પછી, કુરુક્ષેત્રમાં આધ્યાત્મિક-ઉપદેશ દ્વારા બ્રહ્માત્મભાવ આપી, શ્રીગોપીજન વગેરેને પોતાના સ્વરૂપના સાક્ષાત્કારમાં હેતરૂપ ભગવાનને વંદન.

રુક્મિણ્યાદિભક્તિસ્થાપકાય નમઃ ॥૯૪॥

દ્રૌપદીજીના પ્રશ્નથી, પોતાના પ્રભુએ કરેલા અંગીકારની કથા કહેતાં રુક્મિણીજી વગેરે સર્વ રાજપત્નીઓમાં પોતાની ભક્તિ સ્થાપનાર પ્રભુને નમન.

સન્માર્ગસ્થાપકાય નમઃ ॥૯૫॥

કુરુક્ષેત્રમાં પધારેલા વ્યાસજી-નારદજી વગેરે ઋષિઓના સ્વાગત-વંદન વગેરે કરીને, સન્માર્ગનું સ્થાપન કરનાર પ્રભુને નમન.

વસિષ્ઠાદિસેવિતચરણાય નમઃ ॥૯૬॥

કુરુક્ષેત્રમાં પધારેલા વશિષ્ઠ વગેરે મુનિઓથી સેવાએલા ચરણવાળા પ્રભુને નમન.

વસુદેવયજ્ઞમહોત્સવકર્ત્રે નમઃ ॥૯૭॥

કુરુક્ષેત્રમાં વસુદેવજીને યજ્ઞ કરાવી મહોત્સવ કરનાર પ્રભુને નમન.

વસુદેવજ્ઞાનબોધકાય નમઃ ॥૯૮॥

યજ્ઞ દ્વારા ચિત્તશુદ્ધિ તથા નારદાદિનાં વાક્યોથી પોતાનું માહાત્મ્યજ્ઞાન તથા બ્રહ્મત્વજ્ઞાન પ્રાપ્ત કરેલા, વસુદેવજીને અખંડ-બ્રહ્મજ્ઞાનનો બોધ કરનાર પ્રભુને નમન.

દેવકીમનઃ પીડાપનોદકાય નમઃ ॥૯૯॥

પહેલાં પોતાના નિમિત્તે મરેલા પુત્રોને યાદ કરતાં, દુઃખી દેવકીજીના છ પુત્રોને પાછા લાવી આપી, તેમનો ઉદ્ધાર કરી, દેવકીજીના મનની પીડાનો નાશ કરનાર પ્રભુને નમન.

દેવાદિભક્તશાપાદિદોષનાશકાય નમઃ ॥૧૦૦॥

દેવોમાં આદિ રૂપ બ્રહ્માજીને, કામરૂપ થઈને પોતે પ્રેરતાં, બ્રહ્માજી સરસ્વતી પાછળ જતાં, તેમને હસનાર મરીચિના છ પુત્રોને સેવા-પ્રવૃત્ત ભક્ત બ્રહ્માજીએ આપેલા આસુરયોનિમાં જન્મરૂપ શાપથી, હિરણ્યકશિપુને ત્યાં જન્મ્યા પછી, દેવકીજીને ત્યાં જન્મતાં કંસે માર્યા, તેમને લાવી, ઉદ્ધાર કરી, શાપાદિ દોષનો નાશ કરનાર પ્રભુને નમન.

દેવકીમૃતાપત્યદાત્રે નમઃ ॥૧૦૧॥

મા દેવકીજીની ઈચ્છા પૂર્ણ કરવા માટે દેવકીજીના કંસ દ્વારા મરેલા પુત્રો પાછા લાવી આપનાર પ્રભુને નમન.

દેવકીસ્તનન્ધયાય નમઃ ॥૧૦૨॥

(પાછા લાવેલા) પુત્ર રૂપે પુનઃ પ્રાપ્ત થઈ, દેવકીજીના સ્તનને ધાવનાર પ્રભુને નમન.

ભક્તાચિન્ત્યસુખદાત્રે નમઃ ॥૧૦૩॥

ભક્ત માતાને વિચારી ન શકાય તેમ, મરેલા પુત્રો પાછા લાવી આપી, પોતાનું માહાત્મ્યજ્ઞાન કરાવી, સુખ આપનાર પ્રભુને નમન.

સુભદ્રાવિવાહહેતવે નમઃ ॥૧૦૪॥

દંડિ-સંન્યાસીના વેશમાં દ્વારકા આવેલા નરરૂપ અર્જુન સાથે માયા રૂપ બહેન સુભદ્રાજીના વિવાહ કારણરૂપમાં પ્રભુને નમન.

જનકાદિજ્ઞાનિમનોરથપૂરકાય નમઃ ॥૧૦૫॥

પોતે ઋષિઓ સાથે મિથિલા પધારીને, જનક રાજા વગેરે જ્ઞાનીઓને ભક્તિ દઈ મનોરથ પૂર્ણ કરનાર પ્રભુને નમન.

શ્રુતદેવાદ્યુપાસકસન્માર્ગબોધકાય નમઃ ॥૧૦૬॥

મિથિલામાં શ્રુતદેવ વગેરે ઉપાસકોને, પોતાના જેવી ભક્તિ પોતાના ભક્ત બ્રાહ્મણોમાં રાખવા રૂપ, સન્માર્ગનો બોધ આપનાર પ્રભુને નમન.

અખિલનિગમનિજજનસંસ્તુતાય નમઃ ॥૧૦૭॥

સર્વશ્રુતિઓ રૂપ નિજબંદીજન દ્વારા, શ્રુતિ-નિરૂપિત શ્રીકૃષ્ણ-શબ્દવાચ્ય પરબ્રહ્મ રૂપે, સારી રીતે સ્તુતિ કરાએલા પ્રભુને નમન.

સર્વાગમ્યસ્વરૂપાય નમઃ ॥૧૦૮॥

સર્વથી ન જાણી શકાય તેવા, કેવલ પુષ્ટિ શ્રુતિઓથી જાણી શકાય તેવા, સ્વરૂપવાળા ભગવાનને વંદન.

ઐશ્વર્યાદિષડ્ધર્મસ્થાપકાય નમઃ ॥૧૦૯॥

સર્વ અખંડ-સચ્ચિદાનન્દાત્મક શ્રીકૃષ્ણરૂપ હોવાથી, પરબ્રહ્મ ભગવાન્ શ્રીકૃષ્ણને, અલૌકિક ઐશ્વર્ય વગેરે છ ધર્મોથી, સર્વકરણ-સામર્થ્ય તથા કર્તુમકર્તુમન્યથાકર્તુંસામર્થ્યવાળા ભગવાનને નમન.

ભક્તદુષ્ટવૈભવનાશકાય નમઃ ॥૧૧૦॥

અન્ય દેવાદિની પ્રસન્નતાથી પ્રાપ્ત થયેલા વરદાનાદિથી, ભક્તોના દોષવાળા વૈભવોનો, તેમના કલ્યાણ માટે, નાશ કરનાર ભગવાનને નમન.

ભક્તસઙ્કટનિવારકાય નમઃ ॥૧૧૧॥

પોતાના ભક્તોની રક્ષા કરવાના સ્વભાવથી ભક્તોના સંકટ દૂર કરનાર ભગવાનને નમન.

વૃકાદિદુષ્ટઘાતકાય નમઃ ॥૧૧૨॥

મહાદેવજીએ અવિચારથી આપેલા વરદાનથી, તેમને થયેલી પીડામાંથી છોડાવવા માટે, પાર્વતીનું હરણ કરવા ઈચ્છતા, વૃકાસુર વગેરે દુષ્ટને, તેમને માથે હાથ મૂકાવી, ભસ્મ કરનાર ભગવાનને નમન.

બ્રહ્મશિવાદિવન્દિતચરણાય નમઃ ॥૧૧૩॥

મહાદેવજીનું સંકટ દૂર થતાં, સ્તુતિ કરતા બ્રહ્માજી-મહાદેવજી વગેરેથી વંદન કરાયેલા ચરણવાળા ભગવાનને નમન.

સર્વોત્કર્ષબોધકાય નમઃ ॥૧૧૪॥

ભૃગુ-ઋષિએ છાતીમાં લાત મારી કરેલી પરીક્ષામાં શાન્ત રહી, પોતાનો સર્વોત્કર્ષ જણાવનાર ભગવાનને નમન.

વિપ્રમૃતાપત્યદાત્રે નમઃ ॥૧૧૫॥

બ્રાહ્મણના બાલકની રક્ષા કરવાની અર્જુનની પ્રતિજ્ઞા પૂરી કરવા માટે, દ્વારકામાં રહેતા વિપ્રનાં મરેલાં બાલકોને પાછા લાવી આપનાર ભગવાનને નમન.

અર્જુનાદિગર્વપ્રહારકાય નમઃ ॥૧૧૬॥

બ્રાહ્મણનાં બાલકને પાછાં લાવવાને બહાને, ભૂમા ભગવાન્ રૂપે દર્શન દઈને, અર્જુન વગેરેના ગર્વને પ્રયત્નપૂર્વક દૂર કરનાર ભગવાનને નમન.

દ્વારકાનાયકાય નમઃ ॥૧૧૭॥

ધર્મપ્રચાર કરતાં સૌને આનન્દ દેતાં, દ્વારકાનાયક રૂપે વિરાજતા ભગવાનને નમન.

નાનાવિલાસવિલસિતસુખાબ્ધયે નમઃ ॥૧૧૮॥

રાજમહિષીજીઓ સાથે વિવિધ પ્રકારના વિલાસોથી વિલાસ કરતા સુખસાગર ભગવાનને નમન.

નિખિલનિજજનપ્રપઞ્ચવિસ્મારકાય નમઃ ॥૧૧૯॥

આ પ્રકારે લીલાઓ કરતાં, સકલ નિજજનોને યથાધિકાર પોતાનામાં આસક્તિ દઈ, પ્રપંચનું વિસ્મરણ કરાવનાર ભગવાનને નમન.

ઈત્યેવં રાજલીલાયાં નામ્નામષ્ટાદશં શતમ્ ।
નિરોધલીલામાશ્રિત્ય ભક્ત્યૈ ભક્તે નિરૂપિતમ્ ॥

ઈતિ = આ પ્રકારે, એવં = આ પ્રકારનાં, અષ્ટાદશં શતં = એકસો અઢાર, નામ્નાં = નામને, નિરોધલીલામાશ્રિત્ય = નિરોધ-લીલાનો આશ્રય કરીને, ભક્તે = ભક્તને (ભક્તાર્થે), ભક્ત્યૈ = ભક્તિ થવા માટે, રાજલીલામાં = રાજલીલામાં, નિરૂપિતમ્ = નિરૂપણ કરેલ છે.

બાલલીલાનામપાઠાચ્છ્રીકૃષ્ણે પ્રેમ જાયતે ।
આસક્તિઃ પ્રૌઢલીલાયા નામપાઠાદ્ભવિષ્યતિ ॥

બાલલીલાનામપાઠાત્ = બાલલીલાના નામપાઠથી, શ્રીકૃષ્ણે = શ્રીકૃષ્ણમાં, પ્રેમ= સ્નેહ, જાયતે = થાય છે. પ્રૌઢલીલાયાઃ = પ્રૌઢલીલાનાં, નામપાઠાત્ = નામના પાઠથી, આસક્તિઃ = (શ્રીકૃષ્ણમાં) આસક્તિ (તથા મનોરથરૂપ વ્યસન), ભવિષ્યતિ = (પ્રમેયબલથી) થશે.

વ્યસનં કૃષ્ણચરણે રાજલીલાભિધાનતઃ ।
તસ્માન્નામત્રયં જાપ્યં ભક્તિપ્રાપ્તીચ્છુભિઃ સદા ॥

રાજલીલાભિધાનતઃ = રાજલીલાનાં નામથી, કૃષ્ણચરણે = શ્રીકૃષ્ણનાં ચરણમાં, વ્યસનં = (ભગવત્પરતા રૂપ, મર્યાદાભક્તોને પ્રમાણબલથી પ્રાપ્ત થતું, માહાત્મ્યજ્ઞાનપૂર્વકના સ્નેહથી સઘળી ઈન્દ્રિયોની સ્થિરતા રૂપ) વ્યસન (થશે.), તસ્માત્ = તેથી, ભક્તિપ્રાપ્તીચ્છુભિઃ = ભક્તિની પ્રાપ્તિની ઈચ્છાવાળાઓએ, સદા = હમેશાં, નામત્રયં = બાલ-પ્રૌઢ-રાજ-લીલાનાં ત્રણ પ્રકારનાં નામ, જાપ્યં = (મંત્રની જેમ) જપવાં જોઈએ.

॥ ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય સમુદ્ધૃતા ત્રિવિધલીલાનામાવલી સંપૂર્ણ ॥

નોંધ : સામ્પ્રદાયિક-અનુશ્રુતિ પ્રમાણે શ્રીગુસાંઈજી માટે આ ગ્રન્થ રચના થઈ છે. ૮૪ વૈષ્ણવની વાર્તા માં શ્રીગંડૂસ્વામી માટે આ ગ્રન્થ-રચનાનો ઉલ્લેખ પણ છે. આધુનિક-જીવોનો અંગીકાર મર્યાદા-પુષ્ટિમાં ગણાતો હોવાથી ત્રણે લીલાનો નામજપ આવશ્યક છે. ફલનિર્દેશક અંતિમ બે શ્લોકોમાં વિશેષ સ્પષ્ટતા છે.

શ્રીમહાપ્રભુજીના પંચશતાબ્દી મહોત્સવ પ્રસંગે, સૌને શ્રીકૃષ્ણ-હૃદય રૂપ આ નિરોધલીલા, શ્રીસુબોધિનીના ભાવાર્થ પ્રમાણે, સરલતાથી સંગત રીતે સમજાય, તે આશયે આ સંક્ષિપ્ત અનુવાદ છે.

"श्रीहरिः"

"सा विद्या तन्मतिर्यया..."

શ્રીમદ્ ભાગવત પરિવારના આચાર-વિચાર

આજથી લગભગ પચ્ચીસેક વર્ષ પહેલાં પૂ.શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીને પ્રેરણા થઈ "શ્રીભાગવત પરિવાર"ની સ્થાપના કરવાની ! તેમાં ઉદ્દેશ અને આચાર મર્યાદાઓ નીચે પ્રમાણે સાચવવા પ્રયત્ન કરવો તે હિતાવહ લાગે છે.

ઉદ્દેશ :-

શ્રીમદ્ભાગવત દ્વારા શ્રીમહાપ્રભુજીએ બતાવેલ સપ્તાર્થ પદ્ધતિથી પ્રભુને જાણવા અને માણવા. પ્રભુને પ્રેમ અને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરવો.

આચાર વિચાર:-

(૧) મૂળ (સંસ્કૃત) નિબંધ-સુબોધિનીમાં પ્રવેશ (સ્પષ્ટ સમજ) ન હોય તો વિદ્યાનિધિ ટ્રસ્ટ પ્રકાશિત શ્રીમદ્ભાગવત રસાસ્વાદનું તથા પુષ્ટિપુલિનનું જ સેવન કરવું.

(૨) ભાગવત પરિવારમાં બીજી વાતો કે વિચારો કે વ્યવહારો ન જ કરવા.

(૩) ભાગવત પરિવારમાં રોકડ કે વસ્તુ રૂપમાં કશી લેવડ દેવડ ન જ કરવી.

(૪) ભાગવત પરિવારમાં અન્ય વાતો ન જ કરવી, સપ્તાર્થ પદ્ધતિને સાનુકૂલ હોય તે જ વાંચવું અને વિચારવું.

(૫) ભાગવત પરિવારમાં પોતાના જીવન વ્યવહારનું નિરીક્ષણ પોતે જ કરવું, બીજાની પંચાત ન જ કરવી.

(૬) ભાગવત પરિવારમાં બધા જ વૈષ્ણવો છે. કોઈ પ્રમુખ નથી કે કોઈ મંત્રી નથી.

(૭) ભાગવત પરિવારમાં આવનારને સત્સંગને અંતે પુષ્ટિપ્રભુની પ્રસાદી મિશ્રીના બે કણ અને જરુર હોય તો જળ આપવું. અન્ય પ્રસાદ, વસ્તુ કે પીણાં નહીં.

(૮) ભાગવત પરિવારમાં નિયત સમય જાળવવાનો પ્રયત્ન કરવો. ભાગવત પરિવારમાં છેલ્લા સત્સંગનું સરળ પુનરાવર્તન કરીને પછી આગળનો ક્રમકરવો.

(૯) દેશ, કાલ અને અધિકારની મર્યાદા સમજીને વર્તવું.

(૧૦) ભાગવત પરિવારમાં પોતાના પ્રભુમાં પોતાનો પ્રેમ કેટલો વધ્યો તે પોતે જ તપાસવું.

(૧૧) સત્સંગની શરૂઆતમાં મંગલાચરણ કરવું અને સત્સંગને અંતે આશ્રયનું પદ "દ્રઢ ઈન ચરણન કેરો...." સામાન્ય રીતે કરવું. આ સાથે મંગલાચરણ આપેલ છે. તે પ્રમાણે જ કરવું. સાથે તેનું ભાષાન્તર પણ આપેલું છે.

(૧૨) ભાગવત પરિવારમાં દરેક ભાગવત પરિવારના સદસ્યોનાં નામ, સરનામું, ફોન નં. અને વ્યવસાય વગેરેની નોંધ રાખવી.

(૧૩) ભાગવત પરિવારમાં પ્રસંગવસાત્ ભાગવત પરિવારનાં સ્થળ, સમય વગેરે બદલવાના હોય તો તેની જાણ નડીઆદ કરવી.

(૧૪) લૌકિક પ્રસંગોમાં ભાગવત પરિવારનાં સદસ્યોને ભાગવત પરિવારનાં નામથી જોડવાં નહિ.

(૧૫) ભાગવત પરિવારમાં મૂલ(સંસ્કૃત) ભાગવત અથવા શ્રીમદ્ભાગવત રસાસ્વાદ સાથે લઈને આવવું.

લિ.
વિનીત
નવનીતપ્રિય શાસ્ત્રીનાં
પ્રભુવંદન પૂર્વક ભગવત્સ્મરણ
આજ્ઞાથી
કીર્તન શાસ્ત્રી

મઙ્ગલાચરણ

સ્ફુરતકૃષ્ણ-પ્રેમામૃત-રસ ભરેણાતિ-ભરિતા
વિહારાન્કુર્વાણા વ્રજ-પતિવિહારાબ્ધિષુ સદા ।
પ્રિયા-ગોપી-ભર્તુઃ સ્ફુરતુ સતતં વલ્લભ ઈતિ
પ્રથાવત્યસ્માકં હૃદિ સુભગ-મુર્તિઃ સકરુણા ॥ ૧ ॥
આચાર્ય ચરણદ્વન્દ્વં ભક્તિજ્ઞાનાબ્જભાસ્કરમ્ ।
નમસ્યામિ મનઃકર્મવાગ્ભિરન્તાસ્તમોડપહમ ॥ ૨ ॥
દાસ્યં પ્રયચ્છતાં મહ્યં સમસ્તંફલમૂર્ધગમ્ ।
સ્વામિનૌ વલ્લભાધીશવિઠ્ઠલેશાભિધૌ સદા ॥ ૩ ॥
શ્રીકૃષ્ણં પરમાનન્દં દશલીલાયુતં સદા ।
સર્વભક્તસમુદ્ધારે વિસ્ફુરન્તં પરં નુમઃ ॥ ૪ ॥
શ્રીમદ્-ભાગવતં નૌમિ યસ્યૈકસ્ય પ્રસાદતઃ ।
અજ્ઞાતાનપિ જાનાતિ સર્વઃ સર્વાગમાનિહ ॥ ૫ ॥
બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ।
ધ્યાનાસમર્થજીવાનામસ્માકં સર્વદા સ્વતઃ ॥ ૬ ॥
વન્દે નન્દવ્રજસ્ત્રીણાં પાદરેણુમભીક્ષ્ણશઃ ।
યાસાં હરિકથોદ્ગીતં પુનાતિ ભુવનત્રયમ્ ॥ ૭ ॥
સુલભ્ય હૃદિ સર્વેશં શ્રીગોપીજનવલ્લભમ્ ।
ગુણગાનં સદા કુર્વે તસ્ય તુષ્ટ્યૈ સ્વભાવતઃ ॥ ૮ ॥

"श्रीहरिः"

"सा विद्या तन्मतिर्यया..."

શ્રીભાગવત પરિવારના મઙ્ગલાચરણના શ્લોકોનું સરલ ભાષાન્તર:

સ્ફુરતા કૃષ્ણપ્રેમરૂપ અમૃત-રસની અતિશયતા વડે અત્યંત ભરેલું, વ્રજપતિ (શ્રીકૃષ્ણ)ના વિહાર-સમુદ્રોમાં સદા વિહરતું, ગોપીભર્તાનું પ્રિય, "વલ્લભ" - નામે પ્રસિદ્ધ, કરુણાયુક્ત, સુભગ-સ્વરૂપ અમારા હૃદયમાં સતત સ્ફુરો !।।૧।।

અંતઃકરણના અંધકારને દૂર કરનાર, ભક્તિથી પ્રાપ્ત થતા ભગવજ્જ્ઞાન રૂપ કમલને ખીલવનાર સૂર્ય રૂપ, શ્રીમદ્-વલ્લભાચાર્યજીનાં બે ચરણોને હું મન-કર્મ અને વાણીથી નમસ્કાર કરું છું. ।।૨।।

શ્રીવલ્લભાધીશ અને શ્રીવિઠ્ઠલેશ નામવાળા બે સ્વામી, સઘળાં ફલોમાં શ્રેષ્ઠ દાસપણું મને હંમેશાં આપો. ।।૩।।

સદા દશલીલાઓ સહિત, સર્વભક્તોના સમુદ્ધાર નિમિત્તે વિશેષ-રીતે સ્ફુરાયમાન થતા, સર્વશ્રેષ્ઠ, પરમાનન્દ, શ્રીકૃષ્ણને અમે સ્તવીએ છીએ. ।।૪।।

શ્રીમદ્ ભાગવતની હું સ્તુતિ કરું છું ! (નમન કરું છું. !) જે એકની જ કૃપાથી અજાણ્યા શાસ્ત્રોને પણ સૌ અહીં સરખી રીતે સમજે છે. ।।૫।।

અમારી, ધ્યાન કરવા અસમર્થ જીવોની, બુદ્ધિને પ્રેરનારા શ્રીકૃષ્ણનાં ચરણકમલ સર્વદા પોતાની મેળે પ્રસન્ન થાવ! ।।૬।।

શ્રીનન્દરાયજીના વ્રજનાં સ્ત્રીઓ (શ્રીગોપીજનો)ના એક ચરણરજને વારંવાર હું વંદન કરું છું. જેમનાં હરિકથા કરતાં ગાયેલાં ઊચ્ચગીત ત્રિભુવનને પાવન કરે છે. ।।૭।।

સર્વના સ્વામી શ્રીગોપીજનવલ્લભ (શ્રીકૃષ્ણને)ને હૃદયમાં પધરાવીને, તેમનાં સ્વભાવતઃ સંતોષ માટે હું ગુણગાન સદા કરું છું. ।।૮।।

"श्रीहरिः"

"सा विद्या तन्मतिर्यया..."

''વિદ્યાનિધિ'' (ટ્રસ્ટ) દ્વારા પ્રકાશિત ગ્રંથો

ક્રમ	ગ્રંથ નામ	ન્યોછાવર રૂ. (પોસ્ટેજ અલગ)
(૧)	શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ (પાંચમી આવૃત્તિ) શ્રીતત્ત્વાર્થદીપ-નિબંધ તથા શ્રી સુબોધિનીજી આદિના આશય સહિત ગુજરાતી કથાત્મક	૩૦૦-૦૦
(૨)	સુમંગલ-નવનીત-સંચય : કથા પ્રવાસમાંથી નડિયાદની શ્રીગૌશાલા (ભગવન્મંડલીને લખેલાં પત્રો તથા સુમંગલ વાક્યો)	---
(૩)	સુલભ શાન્તિ (ગુજરાતી) પુષ્ટિમાર્ગના વિચાર - આચારનું સરલ નિરૂપણ	---
(૪)	સુલભ શાન્તિ (હિન્દી) પુષ્ટિમાર્ગના વિચાર-આચારનું સરલ નિરૂપણ	૨૦-૦૦
(૫)	કરાલ કલિકાલમાં કલ્યાણ કલ્યાણના ઉપાયો. શિક્ષાપત્ર-૧૯ નું વિવેચન	---
(૬)	ત્રિવિધ - નામાવલી શ્રીમહાપ્રભુજીએ રચેલ ભગવાનની ત્રિવિધલીલાનાં સારરૂપ નામ- બાલ-પ્રૌઢ-રાજલીલા	---
(૭)	દુ:ખ દયાનું દાન શિક્ષાપત્ર-૧૦નું વિવેચન દુ:ખ કર્મફલનથી દયાનું દાન છે.	---

(૮) જીવન-મંગલ ---
પુષ્ટિમાર્ગીય પદાર્થનું નિરૂપણ

(૯) શ્રીપુરુષોત્તમનામ-સહસ્રસ્તોત્ર ૨૫-૦૦
શ્રીમહાપ્રભુજીના ગ્રંથનું અર્થ સાથે નિરૂપણ
નમસ્કારાત્મક નામનિર્દેશ

(૧૦) પત્ર-પરિમલ ---
કથા પ્રવાસમાંથી નડિયાદની શ્રીગૌશાલા
ભગવન્મંડલી ને લખેલાં પત્રો.

(૧૧) વ્રજ-વિહાર ૬૦-૦૦
વ્રજના લીલા સ્થળોનું સશાસ્ત્ર ઐતિહાસિક નિરૂપણ.

(૧૨) શ્રીમદ્ ભાગવતમાં અદ્ભુત-વિજ્ઞાન-વિહાર ૧૦૦-૦૦
(સંસ્કૃત-ગુજરાતી-અંગ્રેજી)
શ્રીમદ્ ભાગવતમાંના અદ્ભુત વિજ્ઞાન પ્રસંગો.

(૧૩) ગીતા-ગુંજન (હિન્દી) ---
શ્રીમહાપ્રભુજીની દ્રષ્ટિએ ગીતા કથાસાર

(૧૪) પુષ્ટિ-પુલિન ૨૦૦-૦૦
ગાગરમાં સાગરની જેમપુષ્ટિમાર્ગીય શાસ્ત્ર-આચાર-સ્વરૂપ-સેવાનું નિરૂપણ.

(૧૫) કુર્યાત્ સદા મઙ્ગલમ્ ૨૦-૦૦
લગ્નનો વિધિ તથા મઙ્ગલાષ્ટક

(૧૬) વિજ્ઞપ્તિ (હિન્દી) ---
શ્રીગુસાંઈજીએ કરેલી વિજ્ઞપ્તિ-પ્રથમ સાન્વયાર્થ.

(૧૭) શ્રીમદ્ ભાગવત - મહાપુરાણમ્ (સાત્વત-સંહિતા) ---
(સંસ્કૃત) (બીજી આવૃત્તિ)
શ્રી મહાપ્રભુજી સંમત પાઠભેદયુક્ત સાત્વત સંહિતા.

(૧૮) પુષ્ટિ ત્રિવેણી ૩૦-૦૦
પુષ્ટિપ્રભુ - પુષ્ટિભક્તિ-પુષ્ટિભક્તના ચરિત.

(૧૯) શ્રીમદ્ ભાગવત - સિંહાવલોકન ૨૦-૦૦
(અંગ્રેજી - હિન્દી - ગુજરાતી)
શ્રીમદ્ ભાગવતનું સામાન્ય રેખાંકન.

(૨૦) ગીતા-ગુંજન (અંગ્રેજી ભાષાંતર) ---
શ્રીમહાપ્રભુજીની દૃષ્ટિએ ગીતા કથાસાર-આધુનિક
લોકોની સુવિધા માટે અંગ્રેજીમાં.

(૨૧) વાક્યવિનોદિની-અંગુલિ નિર્દેશ સાથે. ---
શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ ના પ્રત્યેક સ્કંધમાંથી
વાક્ય સંચય તથા ભગવાનની વિશ્વ-લીલા,
ભારતીય - હિન્દુ - વૈષ્ણવ - રૂપ દર્શન.
બ્રાહ્મણ ગૌરવ - વૈષ્ણવજીવન પદ્ધતિ

અન્યત્રથી પ્રકાશિત

(૧) શ્રીસ્વામિન્યષ્ટકમ્
શ્રી ગુસાંઈજીએ રચેલા સ્તોત્રનો ભાવાર્થ

(૨) ગુપ્તરસ
શ્રી ગુસાંઈજીના ગ્રંથનો ભાવાર્થ

(૩) શ્રીમદ્ભાગવત પ્રથમનજરે (ગુજરાતી)
શ્રીમદ્ભાગવતનું સામાન્ય અવલોકન

(૪) શ્રીમદ્ ભાગવત પ્રથમનજરે (અંગ્રેજી)
શ્રીમદ્ ભાગવતનું સામાન્ય અવલોકન

(૫) પુષ્ટિમાર્ગ
પુષ્ટિમાર્ગની સામાન્ય રૂપરેખા

(૬) પુષ્ટિમંગલ
પુષ્ટિમાર્ગીય સ્તોત્ર-કીર્તન-ધોળ-પદ વગેરેનો સંગ્રહ.

(૭) સંગ્રહકુંજ
વિવિધ સ્તોત્ર-પદ-કીર્તન વગેરેનો સંગ્રહ.

(૮) દ્વિજ-દિવ્યતા
યજ્ઞોપવીતના મંત્રોનું ગાયત્રીના વિવિધ અર્થો સાથે સામાન્ય નિરૂપણ.

(૯) નટવરપ્રભુની ગૌરવગાથા
અમદાવાદમાં વિરાજતા શ્રીનટવરલાલજી તથા પૂ.પા.ગો.૧૦૮ શ્રીનટવરગોપાલજી મહારાજશ્રીના જીવનનું સુરેખ સંકલિત નિરૂપણ.

(૧૦) પુષ્ટિબિન્દુ
પુષ્ટિમાર્ગીય કીર્તન-પાઠ-સ્તોત્રનો સ્વલ્પ સંગ્રહ